# THE
# LAWS OF CRICKET

(2000 Code 4th Edition - 2010)

**OFFICIAL**

**Marylebone Cricket Club**

(Duly translated into Gujarati language)

# પ્રિફેસ

અંતિમ ૨૫૦ થી વધુ વર્ષો થી ક્રિકેટની રમતનું સંચાલન શ્રેણી બધ્ધ આચાર સંહિતાના નિયમો દ્વારા થતું રહ્યું છે. જે તે સમયની સંચાલન કરનારી સત્તાધીશ સંસ્થા દ્વારા ભલામાણ કરવામાં આવેલા વધારા અને પરિવર્તનોને આધિન આ આચારસંહિતા હોય છે.૧૭૮૭મા પોતાની સ્થાપનાથી જ ધ મેરીલબોન ક્રિકેટ કલબ (MCC) આચારસંહિતા (ધારા ધોરણ)ના ઘડતર તથા તેમાં ત્યાર બાદ થતા બધા સુધારાઓ માટેની એકમાત્ર સત્તાધારી સંસ્થા રૂપે સ્વીકૃત બની છે. આ કલબ જ વિશ્વસ્તરે પણ કોપી રાઈટ ધરાવે છે.

ક્રિકેટની રમતના મૂળભૂત નિયમો ૨૫૦ થી વધુ વર્ષો સુધી ધ્યાનાકાર્ષક ઢબે ટકી શકયા. આ સંદર્ભે ખરૂં કારણ એવું માનવામાં આવે છે કે ક્રિકેટરો ક્રિકેટની રમતને તેની ભાવનાના માળખામાં તથા નિયમોની એકરૂપતા મુજબ પરંપરાગત ઢબે રમવા તત્પર રહેતા.

નવી સહસ્રક માટે ૨૦૦૦ની સાલમાં MCC દ્વારા નિયમોને ફેર તપાસણી સાથે પુનઃ લખવામાં આવ્યા. આ કોડમાં મુખ્ય ફેરફાર રૂપે નિયમોની પ્રસ્તાવનામાં ક્રિકેટની ભાવનાને ઉમેરવામાં આવી હતી. હકીકતમાં, ભૂતકાળમાં એવું અનુમાન કરી લેવામાં આવતુ હતું કે રમત જોડે સંકળાયેલા સૌ કોઈ દ્વારા રમતની ભાવનાને ગર્ભિતપણે સમજવામાં તથા સ્વીકારવામાં આવતી હતી. ષ્મ્ભ્ દ્વારા ઉચિત માનવામાં આવ્યુ કે કેટલીક સ્પષ્ટ માર્ગદર્શિકાઓને શબ્દોમાં નિરૂપિત કરવામાં આવે તો રમતની લાક્ષણિકતાં તથા આનંદની જાળવણી માટે તે મદદરૂપ બની રહેશે. આ ઉપરાંત અન્ય ઉદ્દેશો એ પણ હતા કે નોંધો વિના ચલાવી લેવું, નિયમોમાં જ બધા મુદ્દાઓનું એકીકરણ કરવું તથા શકય હોય ત્યાં અસ્પષ્ટતાઓને દૂર કરવી કે જેથી સુકાનીઓ, ખેલાડીઓ તથા અમ્પાયરો, ગમે તે સ્તરની ક્રિકેટ રમતા હોય તો પણ રમતનો આનંદ મેળવવાનું ચાલુ રાખી શકયે રમતનું સંચાલન કરનાર સંસ્થા–ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલના બધા પૂર્ણ સભ્ય દેશો, પાસેથી વિસ્તૃતપણે જાણકારી એમ.સી.સી. એ આ સંદર્ભે મેળવી, ક્રિકેટ અમ્પાયરો અને સ્કોરલોના એસોસિયેશન જોડે મુદ્દાસરની ચર્ચા–વિચારણા પણ થઈ. એમ.સી.સી. દ્વારા વિશ્વભરના અમ્પાયરો અને ખેલાડીઓને પણ આમાં સાંકળી લેવામાં આવેલા.

ઓકટોબર ૨૦૦૦થી વિશ્વના વિવિધ ભાગેમાં, કોડના અનુભવ અને વ્યવહારૂ અમલીકરણના કારણે ઉદભવેલ વિવિધ જરૂરી સુધારાઓનો સમાવેશ ધ લોઝ ઓફ ક્રિકેટ (૨૦૦૦ કોડ – ચતુર્થ આવૃત્તિ –૨૦૧૦)ના અદ્યતન અનુવાદમાં કરવામાં આવ્યો છે.

નિયમોના ઈતિહાસની અર્થસભર તારીખો નીચે મુજબ છે :–

૧૭૦૦ – આ સમયથી ક્રિકેટની ઓળખ થઈ હતી.

૧૭૪૪ – સૌ પ્રથમ જાણીતો થયેલો કોડ ''નોબલમેન અને જેન્ટલમેન'' દ્વારા રચવામાં આવેલો – જેઓ લંડનમાં આર્ટીલેરી ગ્રાઉન્ડ વપરાશમાં લેતા હતા.

૧૭૫૫ – ''ભિન્ન ક્રિકેટ કલબો – ખાસ કરીને પાલ મોલની ધ સ્ટાર અને ગાર્ટર'' – દ્વારા

નિયમોની ફેર તપાસણી થયેલી.

૧૭૭૪ – ''સ્ટાર અને ગાર્ટર ખાતેની કેન્ટ, હેમ્પશાયર, સરે, સસેક્ષ, મિડલસેક્ષ અને લંડનના નોબલમેન તથા જેન્ટલમેનની કમિટી'' દ્વારા નિયમોની વિશેષ ફેર તપાસણી થયેલી.

૧૭૮૬ – કેન્ટ, હેમ્પશાયર, સરે, સસેક્ષ, મિડલસેક્ષ તથા લંડનના નોબલમેન અને જેન્ટલમેનની આવા પ્રકારની સંસ્થા દ્વારા નિયમોની વધુ વિશેષ ફેર તપાસણી થયેલી.

૧૭૮૮ – ૩૦મી મે ના રોજ નિયમોનો સર્વપ્રથમ એમ.સી.સી. કોડ અપનાવવામાં આવેલો.

૧૮૩૫ – ૧૯મી મે ના રોજ એમ.સી.સી.કમિટી દ્વારા નિયમોનો નવો કોડ માન્ય રાખવામાં આવેલો.

૧૮૮૪ – વિશ્વભરની ક્રિકેટ કલબો જોડે ચર્ચા વિચારના કર્યા પછી, ૨૧મી એપ્રિલના રોજ એમ.સી.સી.ની સ્પેશ્યિલ જનરલ મીટીંગમાં નિયમોના મહત્વપૂર્ણ પરિવર્તનોને નવા અનુવાદમાં માન્ય રાખવામાં આવેલા.

૧૯૪૭ – ૭મી મેના રોજ એમ.સી.સી.ની સ્પેશ્યિલ જનરલ મીટીંગમાં નિયમોના નવા કોડને બહાલી આપવામાં આવેલી. મુખ્ય ફેરફારમાં નિયમોના ખુલાસાઓ મેળવવા તથા તેના અર્થઘટનના વધુ સારા આયોજન પર મુખ્ય ભાર મુકવામાં આવેલો. જો કે આ કારણે, વિશાળપણે ભિન્ન પ્રકારની સ્થિતિઓમાં રમાતી ક્રિકેટ માટે જરૂરી હોય એવા ચોકકસ પણે સ્પષ્ટ પરિવર્તનોને બાકાત રાખવામાં નહોતા આવ્યા – કે જે રમતના સંચાલનમાં વધુ ઉપયોગી બનતા હોય.

૧૯૭૯ – ૧૯૪૭ના કોડની પાંચ આવૃતિઓ, ૧૯૭૪માં ચોકકસ અસંગતતા દૂર કરવા તથા જુદા પ્રકારના સુધારાઓ અને નોંધોને વધુ મજબુત કરવાના ધ્યેય સાથે વધુ એક વાર વિશેષ ફેરતપાસણી થયેલી – જેથી તે આધારે નિયમોમાં વધુ સ્પષ્ટતા અને સરળતા પ્રાપ્ત કરી શકાય. ૨૧મી નવેમ્બરના રોજની એમ.સી.સી.ની સ્પેશ્યિલ જનરલ મીટીંગમાં નિયમોના નવા કોડને બહાલી આપવામાં આવેલી.

૧૯૯૨ – ૧૯૮૦ના કોડની દ્વિતિય આવૃતિ રજુ કરવામાં આવેલી – જેમાં ૧૨ વર્ષોના સમયગાળા દરમ્યાન માન્ય રાખવામાં આવેલા બધા જ સુધારાઓનું એકીકરણ સમાવિષ્ટ હતું.

૨૦૦૦ – ક્રિકેટની ભાવનાને મુકરર કરતી પ્રસ્તાવના ધરાવતા નિયમોના નવા કોડને ત્રીજી મે – ૨૦૦૦ ના રોજ માન્યતા આપવામાં આવેલી.

પુરૂષોની ક્રિકેટની માફક જ મહિલાઓની ક્રિકેટને લાગુ પડતા નિયમો અંગેના ઘણા પ્રશ્નો સંદર્ભે એમ.સી.સી.નો નિર્ણય મેળવવા માટે પ્રતિ વર્ષ એમ.સી.સી.ને આવા પ્રશ્નો મોકલવામાં આવે છે. નિયમોના રક્ષક તરીકે સ્વીકારાયેલ એમ.સી.સી. હંમેશા પ્રશ્નોના ઉત્તરો આપવા અને ચોકકસ સંજોગોમાં અર્થઘટન કરવા તત્પર

રહે છે કે જે ત્વરિતપણે સમજી શકાય એમ હોય છે.

(અ) લીગ અથવા સ્પર્ધાત્મક ક્રિકેટના બનાવમાં, લીગ અથવા સ્પર્ધા યોજના જવાબદાર કમિટી તરફથી જ પ્રશ્નો મોકલવામાં આવેલા હોવા જોઈએ. અન્ય બનાવોમાં, કલબના કોઈ પ્રતિનિધિ એવા ઓફિસર દ્વારા અથવા અમ્પાયર્સ એસોસિયેશન દ્વારા તે કે તેણીની કમિટી વતી, અથવા સ્કુલ ક્રિકેટના ઈનચાર્જ શિક્ષક અથવા શિક્ષિકા દ્વારા જ પ્રશ્નો મોકલવામાં આવેલા હોવા જરૂરી છે.

(બ) અર્થહીન જણાતા પ્રશ્નોનો ઉત્તર ન આપવાનો હક એમ.સી.સી. અનામતરૂપે રાખે છે.

(ક) પૂછવામાં આવેલા પ્રશ્નને હોડ કે શરત જોડે કોઈ પણ પ્રકારનો સંબંધ હોવો ન જોઈએ.

લોર્ડઝ ક્રિકેટ ગ્રાઉન્ડ
લંડન **NW8 8QN**
૫ મે – ૨૦૧૦

કે. બ્રેડશો
**સેક્રેટરી અને ચીફ એકઝીકયુટીવ–M.C.C.**

# અનુક્રમણિકા


| નિયમ નંબર | નિયમનું નામ | પાના નંબર |
|---|---|---|
| | ધ પ્રિએમ્બલ – ધ સ્પિરીટ ઓફ ક્રિકેટ (પ્રસ્તાવના : ક્રિકેટની ભાવના). | ૦૭ |
| ૧. | ધ પ્લેયર્સ (ખેલાડીઓ). | ૦૯ |
| ૨. | સબ્સ્ટિટયુટસ એન્ડ રનર્સ, બેટ્સમેન ઓર ફિલ્ડર લીવીંગ ધ ફિલ્ડ; બેટ્સમેન રીટાયરીંગ; બેટ્સમેન કમેન્સીંગ ઈનિંગ્સ (અવેજી ખેલાડીઓ અને રનર; મેદાન છોડતો બેટ્સમેન અથવા ફિલ્ડર; નિવૃત્તિ લેતો બેટ્સમેન; દાવનો પ્રારંભ કરતો બેટ્સમેન). | ૦૯ |
| ૩. | ધી અમ્પાયર્સ (અમ્પાયર). | ૧૩ |
| ૪. | ધ સ્કોરર્સ (સ્કોરર). | ૧૭ |
| ૫. | ધ બોલ (બોલ / દડો). | ૧૮ |
| ૬. | ધ બેટ (બેટ). | ૧૯ |
| ૭. | ધ પિચ (પિચ). | ૨૨ |
| ૮. | ધ વિકેટ્સ (વિકેટ). | ૨૩ |
| ૯. | ધ બોલિંગ; પોપીંગ એન્ડ રિટર્ન ક્રીઝીસ (બોલિંગ; પોપીંગ અને રિટર્ન ક્રીઝ). | ૨૪ |
| ૧૦. | પ્રિપેરેશન એન્ડ મેઈન્ટેનન્સ ઓફ ધ પ્લેઈંગ એરીયા (રમતનો વિસ્તાર તૈયાર કરવો અને તેની જાળવણી). | ૨૫ |
| ૧૧. | કવરીંગ ધ પિચ (પિચ ઢાંકવી). | ૨૭ |
| ૧૨. | ઈનિંગ્સ (ઈનિંગ્સ / દાવ). | ૨૮ |
| ૧૩. | ધ ફોલો–ઓન (ફોલો–ઓન). | ૨૯ |
| ૧૪. | ડિકલેરેશન એન્ડ ફોરફીચર (દાવ પૂર્ણ થયાની જાહેરાત અને દાવ લેવાનો હક જતો કરવો). | ૩૦ |
| ૧૫. | ઈન્ટરવલ્સ (ઈન્ટરવલ / મધ્યાંતર). | ૩૦ |
| ૧૬. | સ્ટાર્ટ ઓફ પ્લે; સેશેસન ઓફ પ્લે (રમતની શરૂઆત; રમતની સમાપ્તિ). | ૩૪ |
| ૧૭. | પ્રેકટીસ ઓન ધ ફિલ્ડ (મેદાન પર પ્રેકટીસ). | ૩૭ |

| નિયમ નંબર | નિયમનું નામ | પાના નંબર |
| --- | --- | --- |
| ૧૮. | સ્કોરીંગ રન્સ (રનો કરવા). | ૩૯ |
| ૧૯. | બાઉન્ડ્રીઝ (બાઉન્ડ્રી). | ૪૩ |
| ૨૦. | લોસ્ટ બોલ (બોલ ખોવાઈ જવો). | ૪૬ |
| ૨૧. | ધ રીઝલ્ટ (પરિણામ). | ૪૭ |
| ૨૨. | ધી ઓવર (ઓવર). | ૫૦ |
| ૨૩. | ડેડ–બોલ (બોલ રમતમાં નહીં). | ૫૧ |
| ૨૪. | નો–બોલ (નો–બોલ). | ૫૪ |
| ૨૫. | વાઈડ–બોલ (વાઈડ–બોલ). | ૫૭ |
| ૨૬. | બાય એન્ડ લેગ–બાય (બાય અને લેગ–બાય). | ૫૮ |
| ૨૭. | અપીલ્સ (અપીલ). | ૬૦ |
| ૨૮. | ધ વિકેટ ઈઝ ડાઉન (ખોરવાયેલી વિકેટ). | ૬૧ |
| ૨૯. | બેટ્સમેન આઉટ ઓફ હીસ ગ્રાઉન્ડ (બેટ્સમેન પોતાના ગ્રાઉન્ડ–પોપીંગ ક્રીઝ–ની બહાર). | ૬૨ |
| ૩૦. | બોલ્ડ (બોલ્ડ). | ૬૩ |
| ૩૧. | ટાઈમ્ડ આઉટ (ટાઈમ્ડ આઉટ). | ૬૪ |
| ૩૨. | કોટ (કેચ). | ૬૪ |
| ૩૩. | હેનડલ્ડ ધ બોલ (બોલને હાથ વડે સ્પર્શવો / પકડવો). | ૬૪ |
| ૩૪. | હીટ ધ બોલ ટ્વાઈસ (બોલને બીજી વાર ફટકારવો). | ૬૭ |
| ૩૫. | હીટ વિકેટ (હીટ વિકેટ). | ૬૯ |
| ૩૬. | લેગ બિફોર વિકેટ (લેગ બિફોર વિકેટ / એલ.બી.ડબલ્યુ.). | ૭૦ |
| ૩૭. | ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ (ફિલ્ડીંગમાં અવરોધ પહોંચાડવો). | ૭૧ |
| ૩૮. | રન આઉટ (રન આઉટ). | ૭૨ |
| ૩૯. | સ્ટમ્પ્ડ (સ્ટમ્પ્ડ). | ૭૩ |
| ૪૦. | ધ વિકેટકીપર (વિકેટકીપર). | ૭૪ |
| ૪૧. | ધ ફિલ્ડર (ફિલ્ડર). | ૭૬ |
| ૪૨. | ફેર એન્ડ અનફેર પ્લે (વાજબી અને ગેરવાજબી રમત). | ૭૮ |
| | પરિશિષ્ટ : અ (નિયમ : ૮) | ૯૦ |
| | પરિશિષ્ટ : બ અને ક (નિયમ : ૭ અને ૯) | ૯૧ |
| | પરિશિષ્ટ : ડ (પુસ્તકમાં ઉપયોગમાં લીધેલા શબ્દો અને વાકયોની વ્યાખ્યા અને ખુલાસા) | ૯૨ |
| | પરિશિષ્ટ : ઈ (નિયમ : ૬). | ૯૬ |

# પ્રસ્તાવના – ક્રિકેટની ભાવના

ક્રિકેટ એક એવી રમત છે કે જેમાં હંમેશા એક એવા તથ્યની અપીલને ધ્યાનમાં રાખવાની હોય છે કે આ રમત ન માત્ર તેના નિયમોના માળખામાં, પરંતુ સાથોસાથ રમતની ભાવનાના માળખામાં રમાય. કોઈ પણ કૃત્ય આ ભાવનાને નુકસાન પહોંચાડતું જણાય તો સાથે જ રમતને પણ નુકસાન પહોંચાડે છે. રમતના ભાવનાવાળી વાજબી રમત સુનિશ્ચિત કરવાની મુખ્ય જવાબદારી બંને સુકાનીઓની હોય છે.

(૧) બે નિયમો એવા છે કે જે ટીમના વર્તન (આચરણ) ની જવાબદારી ભારપૂર્વક સુકાનીને સોંપે છે.

**(અ) સુકાનીઓની જવાબદારી :**

રમતની ભાવનાના માળખામાં તેમજ નિયમોના માળખામાં જ રમતનું સંચાલન થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી દરેક પળે બંને સુકાનીઓની છે.

**(બ) ખેલાડીઓનું વર્તન :**

અમ્પાયરની સૂચનાઓ અનુસરવામાં જો ખેલાડી નિષ્ફળ રહે, અથવા શબ્દ કે કૃત્ય દ્વારા અમ્પાયરના નિર્ણયની ટીકા કરે અથવા અસંમતિ દર્શાવે અથવા રમતને લાંછન લાગે એ પ્રકારની મહ્દઅંશે વર્તણૂંક કરે, તેવા કિસ્સામાં સંબંધિત અમ્પાયર, પ્રથમ બનાવ વેળા સાથી અમ્પાયરને અને તે ખેલાડીના સુકાનીને આ બાબતનો રિપોર્ટ કરશે તથા સુકાનીને પગલા ભરવા સૂચવશે.

**(૨) વાજબી અને ગેરવાજબી રમત :**

વાજબી અને ગેરવાજબી રમત સંદર્ભે અમ્પાયરો નિયમો પ્રમાણે એકમાત્ર નિર્ણાયકો છે. કોણ પણ પળે અમ્પાયરો હસ્તક્ષેપ કરી શકે છે અને જરૂરી હોય ત્યારે પગલા ભરવાની જવાબદારી સુકાનીની રહેશે.

**(૩) અમ્પાયરો આ કિસ્સાઓમાં હસ્તક્ષેપ કરવા અધિકૃત છે :**

(અ) સમય વેડફાતો હોય.
(બ) પિચને નુકસાન થઈ રહ્યું હોય.
(ક) જોખમકારક અથવા ગેરવાજબી બોલિંગ થઈ રહી હોય.
(ડ) બોલ સાથે અનધિકૃત ફેરફારો થાય.
(ઈ) અન્ય કોઈ પણ કૃત્ય કે જેને અમ્પાયરો ગેરવાજબી માનતા હોય.

**(૪) રમતની ભાવનામાં જેઓ માટે આદરભાવ જરૂરી છે :**

(અ) તમારા પ્રતિસ્પર્ધીઓ.
(બ) તમારા પોતાના સુકાની અને ટીમ.

(ક) જોખમકારક અથવા ગેરવાજબી બોલિંગ થઈ રહી હોય.

(ડ) બોલ સાથે અનધિકૃત ફેરફારો થાય.

(ઈ) અન્ય કોઈ પણ કૃત્ય કે જેને અમ્પાયરો ગેરવાજબી માનતા હોય.

**(૫) આ બધું રમતની ભાવનાથી વિપરીત છે :**

(અ) શબ્દ, કૃત્ય અથવા હાવભાવ દ્વારા અમ્પાયરના નિર્ણય માટે વિવાદ જગાવવો.

(બ) પ્રતિસ્પર્ધી અથવા અમ્પાયર પ્રતિ અશ્લીલ ભાષા વાપરવી.

(ક) છેતરામણી અથવા અન્ય ઉગ્ર વ્યવહારમાં સંડોવણી જેવા કે......

....(૧) બેટ્સમેન આઉટ નથી એવું જાણવા છતાં અપીલ કરવી.

....(૨) અપીલ કરતી વેળા અમ્પાયર તરફ આક્રમક ઢબે ધસી જવું.

....(૩) પોતાની ટીમને પ્રોત્સાહિત કરવાના અને પ્રેરણા આપવાના ઓથા હેઠળ, કયાં તો મૌખિકપણે અથવા નિરંતરપણે તાળીઓ વડે કે બિનજરૂરી કોલાહલ થકી પરેશાની દ્વારા, પ્રતિસ્પર્ધીના ધ્યાનભંગનો પ્રયાસ કરવો.

**(૬) હિંસા :**

રમતના મેદાન પર કોઈ પણ હિંસાત્મક કૃત્ય માટે કોઈ સ્થાન નથી.

**(૭) ખેલાડી :**

સુકાનીઓ અને અમ્પાયરો સંયુકતરૂપે ક્રિકેટ મેચના સુદ્દઢ સંચાલનનું વાતાવરણ સર્જે છે. આ સંદર્ભે દરેક ખેલાડી પાસે મહત્વપૂર્ણ ફાળાની અપેક્ષા રાખવામાં આવે છે. ક્રિકેટની રમતમાં ખેલાડીઓ, અમ્પાયરો તથા સ્કોરરો પુરૂષ અથવા સ્ત્રી બેમાંથી કોઈપણ જાતિના હોઈ શકે છે અને નિયમો બંનેને સમાનરૂપે લાગુ પડે છે. સમગ્ર પુસ્તકમાં પુરૂષ જાતિને સૂચવતો સર્વનામનો ઉપયોગ માત્ર સંક્ષેપ માટે જ છે. નિયમોની દરેક જોગવાઈ પુરૂષો અને બાળકોની માફક જ મહિલાઓ અને છોકરીઓને સમાનપણે લાગુ પડશે એ પ્રકારે જ અનુસરવાની છે – સિવાય કે જ્યારે સ્પષ્ટપણે અન્યથાની સૂચના હોય.

## નિયમ : ૧ ધ પ્લેયર્સ (ખેલાડી) :

**(૧) ખેલાડીઓની સંખ્યા**

એક મેચ બે ટીમો વચ્ચે રમાય છે, પ્રત્યેક ટીમમાં ૧૧ ખેલાડીઓ હોય છે – જેમાંથી એક સુકાની હોય છે.

સમજૂતી દ્વારા ૧૧ થી ઓછા અથવા ૧૧ થી વધુ ખેલાડીઓની ટીમો વચ્ચે પણ મેચ રમી શકાય – પરંતુ કોઈપણ સમયે ૧૧ થી વધુ ખેલાડીઓ ફિલ્ડીંગ ભરી ન શકે.

**(૨) ખેલાડીઓની પસંદગીની યાદી :**

ટોસ પૂર્વે બંને સુકાનીઓ પોતપોતાના ખેલાડીઓની પસંદગીની લેખિત યાદી બેમાંથી એક અમ્પાયરને આપશે. પસંદગી પછી, વિપક્ષી સુકાનીની મંજૂરી વિના કોઈ ખેલાડી બદલી શકાશે નહીં.

**(૩) સુકાની :**

કોઈ પણ પળે સુકાની ઉપલબ્ધ ન હોય તો, સહાયક (ઉપસુકાની) તેના માટે ભૂમિકા નિભાવી શકશે.

(અ) ટોસ ઉછાળવાના સમયગાળા દરમ્યાન જો સુકાની ઉપલબ્ધ ન હોય તો, ખેલાડીઓની પસંદગી માટે – જો ત્યાં સુધી થઈ ન હોય તો – અને ટોસ માટે ઉપસુકાની જ જવાબદાર રહેશે. જુઓ ઉપર્યુક્ત પેટા નિયમ : (૨) તથા નિયમ : ૧૨:૪ (ટોસ).

(બ) ખેલાડીઓની અંતિમ પસંદગી થયા પછી કોઈ પણ સમયે, માત્ર પસંદગી પામેલ ખેલાડી જ, આ નિયમોમાં નિર્દિષ્ટ કર્યા મુજબની સુકાનીની ફરજો અને જવાબદારીઓ, સહાયક સુકાની તરીકે અદા કરી શકશે.

**(૪) સુકાનીઓની જવાબદારી :**

રમત તેની પ્રણાલિકાઓ અને ભાવના (જુસ્સા) ના માળખામાં તેમજ નિયમોના માળખામાં રમાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી દરેક પળે બંને સુકાનીઓની છે. જુઓ – પ્રસ્તાવના – ''ક્રિકેટની ભાવના'' અને નિયમ : ૪૨:૧ (વાજબી અને ગેરવાજબી રમત – સુકાનીઓની જવાબદારી).

## નિયમ : ૨ સબ્સ્ટિટયુટસ એન્ડ રનર્સ, બેટ્સમેન ઓર ફિલ્ડર લીવીંગ ધ ફિલ્ડ, બેટ્સમેન રીટાયરીંગ : બેટ્સમેન કમેન્સીંગ ધ ઈનિંગ્સ (અવેજી ખેલાડીઓ અને રનર, મેદાન છોડતો બેટ્સમેન અથવા ફિલ્ડર, નિવૃતિ લેતો બેટ્સમેન , દાવનો પ્રારંભ કરતો બેટ્સમેન) :

**(૧) અવેજી ખેલાડીઓ અને રનર્સ :**

**(અ)** અમ્પાયરો સંતુષ્ટ હોય કે ખેલાડીઓની પસંદગી થયા પછી કોઈ ખેલાડી ઈજા પામ્યો છે અથવા માંદો પડયો છે તો, તેઓ આ ખેલાડી માટે........

....(૧) ફિલ્ડીંગ માટે તેના સ્થાને અવેજી ખેલાડીની

....(૨) બેટીંગ વેળા રનરની........
..... મંજૂરી આપશે.

ખેલાડીઓની પસંદગી થયા પછીથી માંડીને મેચની સમાપ્તિ સુધીમાં કોઈ પણ સમયે, કોઈ પણ ઈજા અથવા માંદગી ઉદ્‌ભવે તો તે મંજૂરીપાત્ર રહેશે – પછી ભલેને રમત આગળ વધી રહી હોય કે ન વધી રહી હોય.

(બ) મેચની શરૂઆતે અથવા ત્યાર પછીના કોઈ પણ સમયે અમ્પાયરો પોતાની વિવેકબુદ્ધિ મુજબ, પૂર્ણ સ્વીકૃત અન્ય કારણોસર, પસંદગી પામેલ ખેલાડી માટે અવેજી ફિલ્ડરની અથવા રનરની મંજૂરી આપી શકે.

(ક) પોતાનું શર્ટ, બૂટ વિ. બદલવા માંગતા કોઈ ખેલાડીએ આવું કરવા મેદાન બહાર જ જવું પડે. તેના માટે અવેજી ખેલાડીની મંજૂરી મળશે નહીં.

**(૨) અવેજી ખેલાડી માટે વાંધો :**
અવેજી ખેલાડીની ભૂમિકામાં મેદાનમાં આવતા કોઈ પણ ખેલાડી માટે કે અવેજી ખેલાડીએ કયાં ફિલ્ડીંગ ભરવી તે અંગે વિપક્ષી સુકાનીને વાંધો ઉઠાવવાનો કોઈ હક નથી. તેમ છતાં, કોઈ પણ અવેજી ખેલાડી વિકેટકીપરની ભૂમિકા ભજવી ન શકે. જુઓ પેટા નિયમ : (૩).

**(૩) અવેજી ખેલાડીની ભૂમિકા પરના અંકુશો :**
કોઈ પણ અવેજી ખેલાડીને ન તો બેટીંગ કરવાની અથવા બોલિંગ કરવાની કે ન તો વિકેટકીપર તરીકે ભૂમિકા ભજવવાની પરવાનગી મળી શકે. નિયમ : ૧.૩ (બ) (સુકાની) પણ ધ્યાનમાં લો.

**(૪) અવેજી ખેલાડીએ જેના માટે ભૂમિકા ભજવી હોય તે ખેલાડી :**
અવેજી ખેલાડીએ કોઈ ખેલાડી માટે અગાઉ ભલે ભૂમિકા ભજવી હોય તો પણ તે ખેલાડીને બેટીંગ, બોલિંગ અથવા ફિલ્ડીંગની પરવાનગી મળશે.

**(૫) ગેરહાજર અથવા મેદાન છોડતો ફિલ્ડર :**
કોઈ ફિલ્ડર મેચની શરૂઆતે, અથવા ત્યાર પછીના કોઈ પણ સમયે, પોતાની ટીમ સાથે ફિલ્ડીંગ ભરવા માટે મેદાનમાં ઉતરવામાં નિષ્ફળ રહે અથવા રમતના કોઈ સત્ર (સેશન) દરમ્યાન મેદાન છોડી જાય તો,

**(અ)** તેની ગેરહાજરીનું કારણ અમ્પાયરને જણાવવું પડે.

(બ) ત્યાર પછી તે ખેલાડી રમતના કોઈ સત્ર દરમ્યાન અમ્પાયરની સંમતિ વિના રમતના મેદાન (ફિલ્ડ) પર આવી શકશે નહીં. જુઓ નીચે પેટા નિયમ : (૬). વ્યવહારુ બનતા વેંત જ અમ્પાયર આવી સંમતિ આપશે.

(ક) રમતના સમયની ૧૫ મિનિટો કે વધુ મિનિટો માટે જો તે ફિલ્ડર ગેરહાજર રહ્યો હોય તો, નીચેના પેટા નિયમો : (૧), (૨) અથવા (૩) ને આધિન, રમતનો જેટલો સમય તે ગેરહાજર રહ્યો હોય તેટલો ઓછામાં ઓછો સમય, તે પરત ફર્યા પછી રમતના મેદાનમાં પસાર ન કરે ત્યાં સુધી, તે ફિલ્ડરને બોલિંગ માટેની પરવાનગી મળશે નહીં.

(૧) આવી ગેરહાજરીની ગણતરી અથવા દંડિત સમયની ગેરહાજરીની ગણતરી નવા (ત્યાર પછીના) દિવસની રમતમાં જોડવામાં આવશે નહીં.

(૨) ફોલો–ઓન અથવા ફોરફીચર (દાવ લેવાનો હક જતો કરવો) ના કિસ્સામાં જો કોઈ ટીમ બે લગાતાર (સતત) દાવો માટે ફિલ્ડીંગ ભરે તો, આ અંકુશ, ઉપર્યુક્ત પેટા નિયમ : (૧) ને આધિન જરૂરિયાત પ્રમાણે બીજા દાવમાં પણ લાગુ પડવાનો ચાલુ રહેશે, પરંતુ તે સિવાય આ અંકુશ કોઈ નવા દાવમાં ખેંચવામાં આવશે નહીં અર્થાત્ લાગુ પાડવામાં આવશે નહીં.

(૩) રમતમાં નિર્ધારિત ન હોય એવા અટકાવના કારણે વેડફાયેલ સમય પછી રમત પુનઃ શરૂ થાય ત્યારે, અટકાવ પછી ફિલ્ડીંગ ભરવા માટે રમતના મેદાનમાં આવેલા કોઈ પણ ફિલ્ડર માટે, આવા (અર્થાત્ વેડફાયેલ) સમય દરમ્યાન તે ફિલ્ડર રમતના મેદાન પર જ હોવાનું ગણવામાં આવશે. જુઓ નિયમ : ૧૫.૧ (ઈન્ટરનલ).

**(૬) પરવાનગી વિના રમતના મેદાનમાં પરત ફરતો ખેલાડી :**

ઉપર્યુક્ત પેટા નિયમ : (૫) નું ઉલ્લંઘન કરી કોઈ ખેલાડી રમતના મેદાનમાં આવે અને બોલ રમતમાં હોય ત્યારે બોલના સંપર્કમાં આવે તો –

(૧) બોલ તરત જ ડેડ બનશે અને અમ્પાયર બેટીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે. વધારામાં, નિયમ ઉલ્લંઘનના બનાવની પળે, જો બંને બેટ્સમેનો દોડીને રન લેવાના પ્રયાસ વેળા એકબીજાને ક્રોસ કરી જ ચૂકયા હોય તો, તેઓએ દોડીને પૂરા કરેલા રનોની સાથોસાથ, દોડીને લેવામાં આવી રહેલો આ રન પણ સ્કોર થશે અર્થાત્ નોંધાશે.

**આ બોલ ઓવરના એક બોલ તરીકે ગણાશે નહીં.**

(૨) અમ્પાયર આ કાર્યવાહી માટેના કારણની જાણ સાથી અમ્પાયરને, ફિલ્ડીંગ ટીમના સુકાનીને અને પિચ પરના બંને બેટ્સમેનોને કરશે તથા વ્યવહારુ બનતાં જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

શક્ય બનતી તકે અમ્પાયરો સંયુકતપણે બનાવનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે – કે જે સંબધિત સુકાની તથા ખેલાડી સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૭) રનર :**

બેટ્સમેન માટે રનર તરીકે ભૂમિકા ભજવનાર ખેલાડી બેટીંગ ટીમનો સભ્ય હોવો જોઈએ અને શકય હોય તો, તે દાવમાં બેટીંગ લઈ ચૂકયો હોવો જોઈએ. જે બેટ્સમેન માટે રનર દોડી રહ્યો હોય તે બેટ્સમેન દ્વારા પહેરવામાં આવેલા બાહ્ય રક્ષણાત્મક સાધન–સામગ્રીની બરાબરીની સાધન–સામગ્રી રનરે પહેરવી પડે અને બેટ પણ સાથે રાખવું પડે.

**(૮) રનર ધરાવતા બેટ્સમેન દ્વારા નિયમોનું ઉલ્લંઘન :**

**(અ)** બેટ્સમેનનો રનર નિયમોને આધિન હોય છે. જ્યાં રનર રૂપે તેની ભૂમિકા અંગેની વિશિષ્ટ જોગવાઈઓ હોય તે સિવાય, તે બેટ્સમેન તરીકે ગણાશે. જુઓ ઉપર્યુક્ત પેટા નિયમ : (૭) અને નિયમ : ૨૯.૨ (બેટ્સમેનનું ગ્રાઉન્ડ કયું ?).

**(બ)** રનર ધરાવતા બેટ્સમેનના રનર દ્વારા કોઈ નિયમોનું ઉલ્લંઘન થાય તો તે બેટ્સમેન જ તેના માટે દંડ સહન કરશે – તે પોતે જ જાણે ઉલ્લંઘન માટે જવાબદાર હોય તે રીતે. ખાસ કરીને, જો તેનો રનર નિયમો – ૩૩ (હેનડલ્ડ ધ બોલ), ૩૭ (ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ) અથવા ૩૮ (રન આઉટ) માંથી કોઈ પણ નિયમ હેઠળ આઉટ થાય તો, રનર ધરાવતો બેટ્સમેન જ આઉટ ગણાશે.

**(ક)** રનર ધરાવતો બેટ્સમેન સ્ટ્રાઈકર હોય ત્યારે તે પોતે નિયમોને આધિન હોય છે અને તેમાંના કોઈ પણ નિયમના ઉલ્લંઘન બદલ પેનલ્ટી (દંડ) ભોગવવા તે જવાબદાર ઠરશે. વધારામાં, કોઈ ફિલ્ડરના કૃત્ય દ્વારા વિકેટકીપરના છેડાની વિકેટ ઉચિતપણે ખંડિત કરવામાં આવે ત્યારે જો તે પોતાના ગ્રાઉન્ડ (અર્થાત્ તે છેડાની પોપીંગ ક્રીઝ) ની બહાર હોય તો, ઉપર્યુકત પેટા નિયમ : (બ) હોવા છતાં, તથા નોન–સ્ટ્રાઈકર અને રનરની સ્થિતિને ધ્યાનમાં રાખ્યા વિના,

(૧) નિયમ ૩૮.૨(ઈ) ની જોગવાઈઓ હોવા છતાં, તે રન આઉટ ગણાશે – સિવાય કે નીચેના પેટા નિયમ : (૨) મુજબ હોય. નિયમ : ૩૮.૨ (બેટ્સમેન રન આઉટ ગણાશે નહીં) ના વિભાગો (અ), (બ), (ક) અને (ડ) લાગુ પડશે.

(૨) નંખાયેલી ડીલીવરી જો નો–બોલ ન હોય અને અન્ય કોઈ ફિલ્ડરના હસ્તક્ષેપ (મદદ / સહકાર) વિના જો વિકેટકીપર દ્વારા ઉચિતપણે વિકેટ ખંડિત કરવામાં આવે તો, તે સ્ટમ્પડ આઉટ ગણાશે. તેમ છતાં, નિયમ : ૩૯ લાગુ પડશે. જો તે આ પ્રકારે આઉટ જાહેર થાય તો, વિકેટ ખંડિત કરવામાં આવી તે પૂર્વ રનર અને અન્ય બેટ્સમેન દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનો માન્ય ગણાશે નહીં અર્થાત નોંધાશે નહીં. તેમ છતાં, બેમાંથી કોઈ પણ ટીમને પેનલ્ટીઓ માટેના કોઈ રનો એનાયત થયા હોય તો તે યથાવત્ રહેશે. જુઓ નિયમ : ૧૮.૬ (પેનલ્ટીઓ માટે એનાયત થતા રનો). નોન–સ્ટ્રાઈકર પોતાના મૂળ છેડા પર પરત ફરશે.

(ડ) રનર ધરાવતો બેટ્સમેન સ્ટ્રાઈકર ન હોય ત્યારે....

....(૧) તે નિયમો : ૩૩ (હેન્ડલ્ડ ધ બોલ) અને ૩૭ (ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ) ને આધિન રહે છે – પરંતુ અન્યથા તે રમત બહાર ગણાશે.

....(૨) સ્ટ્રાઈકર છેડાના અમ્પાયરે સૂચવેલા સ્થાને તે ઊભો રહેશે – કે જેથી તે રમતમાં હસ્તક્ષેપ પાડે નહીં.

....(૩) જો તે ગેરવાજબી રમતનું કૃત્ય આદરે તો, ઉપર્યુકત પેટા નિયમ : (૧) હોવા છતાં, નિયમોમાં દર્શાવેલી પેનલ્ટી માટે તે જવાબદાર ઠરશે.

**(૯) નિવૃત્ત (રીટાયર) થતો બેટ્સમેન :**

પોતાના દાવ દરમ્યાન કોઈ બેટ્સમેન, બોલ ડેડ હોય ત્યારે કોઈ પણ પળે નિવૃત્ત (રીટાયર) થઈ શકે છે. અમ્પાયરો રમત આગળ વધારવાની મંજૂરી આપે તે પૂર્વે, જે તે બેટ્સમેનના નિવૃત્ત થવાના કારણની જાણ, અમ્પાયરોને કરવી પડે.

(અ) માંદગી, ઈજા અથવા અન્ય કોઈ અનિવાર્ય કારણસર બેટ્સમેન રીટાયર થાય તો, નીચેના વિભાગ : (ક) ને આધિન રહી, તે પોતાનો દાવ પુનઃ શરૂ કરવા હકદાર છે. કોઈ કારણસર તે પોતાનો દાવ પુનઃ શરૂ કરી ન શકે તો, સ્કોર બુકમાં તેનો દાવ ‘રીટાયર્ડ–નોટ આઉટ’ તરીકે નોંધાશે.

(બ) ઉપર્યુકત વિભાગ : (અ) માં દર્શાવ્યા સિવાયના અન્ય કોઈ કારણે બેટ્સમેન રીટાયર (નિવૃત્ત) થાય તો, વિપક્ષી સુકાનીની સંમતિથી જ તે પોતાનો દાવ પુનઃ શરૂ કરી શકે છે. કોઈ કારણે તે પોતાનો દાવ પુનઃ શરૂ ન કરી શકે તો, સ્કોર બુકમાં તેનો દાવ ‘રીટાયર્ડ–આઉટ’ તરીકે નોંધાશે.

(ક) રીટાયર થયા પછી બેટ્સમેન તેનો દાવ પુનઃ શરૂ કરવા માંગે તો, તે માત્ર કોઈ વિકેટ પડયે જ અથવા અન્ય બેટ્સમેનના રીટાયર થયે જ કરી શકે.

**(૧૦) બેટ્સમેનના દાવનો પ્રારંભ :**

કોઈ ટીમના દાવની શરૂઆત સિવાય, બેટ્સમેન મેદાન પર પ્રથમ પગલું મૂકે ત્યારે તેણે દાવનો પ્રારંભ કર્યો ગણાશે – એ શરતે કે ‘ટાઈમ’ (સમય પૂર્ણ થવો) ની જાહેરાત થઈ ન હોય. ઓપનિંગ બેટ્સમેનના દાવનો પ્રારંભ ‘પ્લે’ ની જાહેરાતથી થશે.

## **નિયમ : ૩** ધી અમ્પાયર્સ (અમ્પાયર) :

**(૧) નિમણુંક અને ઉપસ્થિતિ :**

સંપૂર્ણપણે તટસ્થ રહી, નિયમોની જરૂરિયાત પ્રમાણે સંચાલન કરવા (અર્થાત્ રમાડવા) માટે, પ્રત્યેક છેડા માટે એક લેખે, બે અમ્પાયરોની નિમણૂંક, મેચ પૂર્વે કરવામાં આવશે. પ્રત્યેક દિવસની રમતની નિર્ધારિત શરૂઆત પૂર્વેની ઓછામાં ઓછી ૪૫ મિનિટ અગાઉ બંને અમ્પાયરોએ મેદાન પર હાજર રહેવું જોઈએ અને મેદાનના સત્તાધીશને રિપોર્ટ કરવો જોઈએ.

**(૨) અમ્પાયર બદલવો :**

અપવાદરૂપ સંજોગો સિવાય, મેચ દરમ્યાન અમ્પાયર બદલી શકાશે નહીં – સિવાય કે પાયર ઈજાગ્રસ્ત થાય અથવા માંદો પડે. છતાં, જો અમ્પાયર બદલવો જ પડે તો, આ પૂરક (બદલી) અમ્પાયર સ્ટ્રાઈકરના છેડાના અમ્પાયર તરીકે જ કામગીરી બજાવશે

– સિવાય કે બંને સુકાનીઓ સહમત થાય કે તે (પૂરક અમ્પાયર) અમ્પાયર તરીકેની પૂરી જવાબદારી ઉઠાવી લે. (અર્થાત્ વિકેટના બંને છેડે ઊભા રહી કામગીરી બજાવે).

**(૩) સુકાનીઓ સાથે સહમતિ :**

ટોસ પૂર્વે અમ્પાયરોએ –

**(અ)** રમતના કલાકો સુનિશ્ચિત કરવા જોઈએ અને નીચેની બાબતો અંગે સુકાનીઓ સાથે સહમતિ સાધવી જોઈએ :

(૧) મેચ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવનારા બોલ માટે–જુઓ નિયમ : ૫ (ધ બોલ).

(૨) ભોજન માટેના ઈન્ટરવલનો સમય અને સમયગાળો તથા ડ્રીંકસ ઈન્ટરવલો માટેના સમય માટે – જુઓ નિયમ : ૧૫ (ઈન્ટરવલ).

(૩) રમતના મેદાનની બાઉન્ડ્રી અને બાઉન્ડ્રીઓ માટેના વળતરો માટે. જુઓ નિયમ : **૧૯** (બાઉન્ડ્રી).

(૪) મેચના સંચાલનને અસરકર્તા રમતની અન્ય કોઈ વિશેષ શરતો માટે.

**(બ)** ઉપર્યુકત વિભાગો : (૨), (૩) અને (૪) ની સહમતિઓની જાણ સ્કોરરોને કરવી પડે.

**(૪) સુકાનીઓ અને સ્કોરરોને જાણ કરવી :**

ટોસ પૂર્વે અમ્પાયરોએ આંતરિક સહમતિ સાધ્યા પછી બંને સુકાનીઓ તથા બંને સ્કોરરોને જણાવવું પડે કે....

**(અ)** મેચ દરમ્યાન કયા ઘડિયાળનો અથવા કયા કાંડા ઘડિયાળનો તેમજ સહાયક (ટેકારૂપ) ઘડિયાળનો ઉપયોગ કરવાનો છે.

**(બ)** રમતના મેદાનમાંના કોઈ પણ વિઘ્નને બાઉન્ડ્રી તરીકે ગણવું કે નહીં. જુઓ નિયમ : ૧૯ (બાઉન્ડ્રી).

**(૫) વિકેટો, ક્રિઝો અને બાઉન્ડ્રીઓ :**

ટોસ પૂર્વે અને મેચ દરમ્યાન અમ્પાયરોએ જાતે સંતુષ્ટ થવું જોઈએ કે .....

**(અ)** બંને છેડાની વિકેટો યોગ્ય રીતે ગોઠવવામાં આવી છે. જુઓ નિયમ : ૮ (વિકેટ).

**(બ)** બધી ક્રિઝો સાચા માપ મુજબ દોરાઈ છે. જુઓ નિયમ : ૯ (બોલિંગ, પોપીંગ અને રિટર્ન ક્રીઝ)

**(ક)** રમતના મેદાનની બાઉન્ડ્રી, નિયમ : ૧૯.૨ (બાઉન્ડ્રીની વ્યાખ્યા – બાઉન્ડ્રી માર્કીંગ) ની જરૂરિયાતો મુજબની છે.

**(૬) રમતનું સંચાલન, સાધનો અને ઉપકરણ :**

ટોસ પૂર્વે અને મેચ દરમ્યાન, અમ્પાયરોએ જાતે સંતુષ્ટ થવું જોઈએ કે...

**(અ)** રમતનું સંચાલન ચોકકસપણે નિયમોને અનુરૂપ થયું છે.

**(બ)** રમતના સાધનો નીચે મુજબના અનુરૂપ હોવા જોઈએ –

(૧) નિયમ : ૫ (બોલ).

(૨) નિયમ : ૬ (બેટ) ની બાહ્ય દશ્યમાન જરૂરિયાતો અને (બેટ). **(પરિશિષ્ટ : ઈ)**

(૩) કયાં તો નિયમો : ૮.૨ (સ્ટમ્પનું માપ) અને ૮.૩ (બેઈલ્સ) અને જો ઉચિત હોય તો નિયમ : ૮.૪ (જુનિયર ક્રિકેટ).

(ક) (૧) કોઈપણ ખેલાડી પરવાનગી સિવાયના ઉપકરણનો ઉપયોગ ન કરે. (ઉપકરણની વિગતો માટે જુઓ **પરિશિષ્ટ : ડ**). તેમાં 'રક્ષણાત્મક હેલ્મેટ'ના અર્થઘટનને સવિશેષ (ખાસ) ધ્યાનમાં લો.

(૨) વિકેટકીપરના ગ્લવ્ઝ નિયમ : ૪૦.૨ (ગ્લવ્ઝ) ની જરૂરિયાતો મુજબ છે.

**(૭) વાજબી અને ગેરવાજબી રમત :**

વાજબી અને ગેરવાજબી રમત સંદર્ભે અમ્પાયરો એકમાત્ર નિર્ણયકર્તા છે.

**(૮) રમત માટેની ફીટનેશ :**

**(અ)** ફકત બંને અમ્પાયરો ભેગા મળીને નકકી કરશે કે જો –
કયાં તો... મેદાન, હવામાન કે પ્રકાશની પરિસ્થિતિઓ
અથવા ...અપવાદરૂપ સંજોગો હોય
......મતલબ કે રમત રમવી જોખમકારક અથવા ગેરવાજબી બની જાય.
પરિસ્થિતિ આદર્શ ન હોય તે માત્ર કારણે જ એવું માની ન શકાય કે સ્થિતિ કયાં તો જોખમકારક અથવા ગેરવાજબી બની ચૂકી છે.

**(બ)** કોઈ પણ ખેલાડી અથવા અમ્પાયરની સલામતી બાબતે ખરેખર અને અનુમાન થઈ શકે એવું જોખમ હોય તો પરિસ્થિતિઓને જોખમકારક ગણાવી શકાય.

**(ક)** સલામતી બાબતે કોઈ જોખમ જણાતું ન હોય તેમ છતાં, રમતને આગળ વધારવી શાણપણભર્યું ન જણાય તો પરિસ્થિતિઓને ગેરવાજબી ગણવામાં આવશે.

**(૯) જોખમકારક અને ગેરવાજબી પરિસ્થિતિઓમાં રમતની મોકૂફી :**

**(અ)** ગ્રાઉન્ડના બધા સંદર્ભોમાં પિચ સમાવિષ્ટ છે. જુઓ નિયમ : ૭.૧ (પિચનો વિસ્તાર).

**(બ)** કોઈ પણ સમયે બંને અમ્પાયરો ભેગા મળીને સહમત થાય કે મેદાન, હવામાન અથવા પ્રકાશની પરિસ્થિતિઓ અથવા અન્ય કોઈ સંજોગો જોખમકારક અથવા ગેરવાજબી છે તો તેઓ તાત્કાલિક રમતને મોકૂફ રાખશે, અથવા રમત શરૂ થવા દેવાની કે રમતનો પ્રારંભ થવા દેવાની મંજૂરી આપશે નહીં.

**(ક)** રમત મોકૂફ રાખવામાં આવી હોય ત્યારે, પરિસ્થિતિઓનો અંદાજ મેળવવાની જવાબદારી બંને અમ્પાયરોની છે. કોઈ પણ ખેલાડીઓ અથવા પદાધિકારીઓને સાથે લીધા વિના, અમ્પાયરો ઉચિત લાગે તેટલી વખત મેદાનનું નિરીક્ષણ કરશે. બંને અમ્પાયરો ભેગા મળીને સહમત થાય કે પરિસ્થિતિઓ હવે ખતરનાક અથવા ગેરવાજબી રહી નથી તો, તેઓ તાત્કાલિક રમત પુનઃ શરૂ કરવા ખેલાડીઓને બોલાવશે.

**(૧૦) અમ્પાયરોની સ્થિતિ (પોઝીશન) :**

જે કોઈ પણ કૃત્ય માટે અમ્પાયરનો નિર્ણય જરૂરી બને એમ હોય, તે કૃત્ય શ્રેષ્ઠપણે નિહાળી શકાય ત્યાં જે તે અમ્પાયર ઊભો રહેશે.
આવી પડકારરૂપ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, બોલરના છેડાનો અમ્પાયર એ રીતે ઊભો રહેશે કે જેથી તે ન તો બોલરને રન–અપમાં અથવા ન તો સ્ટ્રાઈકરને બોલ નિહાળવામાં હસ્તક્ષેપરૂપ (નડતરરૂપ) બને.

સ્ટ્રાઈકરના છેડાનો અમ્પાયર પિચની ઓન–સાઈડને બદલે ઓફ–સાઈડ પર ઊભા રહેવાનું પસંદ કરી શકે છે – એ શરતે કે તેણે ફિલ્ડીંગ ટીમના સુકાની, સ્ટ્રાઈકર તથા સાથી અમ્પાયરને પોતાના આવા ઈરાદાની જાણ કરવી પડે.

**(૧૧) છેડા બદલતા અમ્પાયર :**

પ્રત્યેક ટીમે એક–એક દાવ પૂર્ણ કર્યા પછી, અમ્પાયરો છેડાઓ બદલશે. જુઓ નિયમ : ૧૨.૩ (પૂર્ણ થયેલો દાવ).

**(૧૨) અમ્પાયરો વચ્ચે સલાહ–મસલત :**

બધા વિવાદોનું નિરાકરણ બંને અમ્પાયરો દ્વારા થશે. જરૂરી હોય ત્યારે અમ્પાયરો એકબીજા સાથે સલાહ–મસલત કરશે. નિયમ : ૨૭.૬ (અમ્પાયરો દ્વારા સલાહ–મસલત) પણ જુઓ.

**(૧૩) અમ્પાયરોને જાણ કરવી :**

બધા જ નિયમોમાં, જયારે પણ સુકાનીઓ અથવા અન્ય ખેલાડીઓ પાસેથી અમ્પાયરોએ જાણકારી મેળવવાની હોય ત્યારે, માત્ર એક જ અમ્પાયરને તે અંગેની જાણ કરવી પૂરતી રહેશે અને તે જાણકારી મેળવનાર અમ્પાયર અન્ય (સાથી) અમ્પાયરને તે અંગેની જાણ કરશે.

**(૧૪) સિગ્નલ (સંકેત) :**

(૧) નીચેના ધારાધોરણના સંકેતોનો ઉપયોગ અમ્પાયરો દ્વારા થશે.

**(અ) બોલ રમતમાં હોય ત્યારે આપવામાં આવતા સિગ્નલો :–**

**૧. ડેડ બોલ** – (બોલ રમતમાં નહીં) કમરથી નીચેના ભાગે હાથના કાંડાઓને ક્રોસ તથા ફરી ક્રોસ કરીને.

**૨. નો બોલ** – એક હાથને સમતલપણે લંબાવીને.

**૩. આઉટ** – માથાથી ઉપરની દિશામાં (આકાશ ભણી) હાથની પ્રથમ આંગળી ઉઠાવીને. (આઉટ ન હોય તો અમ્પાયર નોટ આઉટ કહેશે.)

**૪. વાઈડ** – બંને હાથોને સમતલપણે લંબાવીને.

(બ) બોલ ડેડ થાય ત્યારે, બોલરના છેડાનો અમ્પાયર, આઉટ માટેના સિગ્નલ સિવાયના અન્ય ઉપર્યુક્ત સિગ્નલો સ્કોરરોને ફરી વાર કરશે.

**(ક) નીચેની સૂચિના સિગ્નલો માત્ર બોલ ડેડ થાય ત્યારે સ્કોરરને કરવા પડે :**

૧. બાઉન્ડ્રી–૪ — એક હાથને એક તરફથી બીજી તરફ (સાઈડ–ટુસાઈડ) હલાવીને, ક્રિયા છાતી પાસે હાથ રાખી પૂર્ણ કરીને.

**૨. બાઉન્ડ્રી–૬** — બંને હાથોને માથાથી ઉપર (આકાશ ભણી) સીધા ઉઠાવીને.

**૩. બાય –** એક હાથના ખુલ્લા પંજાને માથાથી ઉપર (આકાશ ભણી) સીધો ઉઠાવીને.

**૪. છેલ્લા કલાકનો પ્રારંભ –** હવામાં ઊંચા ઉઠાવેલા હાથના કાંડાને (અર્થાત્ કાંડા ઘડિયાળને) અન્ય હાથની આંગળીઓ વડે ચીંધીને.

| | |
|---|---|
| **૫. બેટીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત** | એક ખભાને વિપરીત (સામા) હાથના પંજા વડે વારંવાર થપથપાવીને. |
| ૬. **ફિલ્ડીંગ** ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત – | એક હાથના પંજાને વિપરીત (સામા) ખભા પર મૂકીને. |
| ૭. લેગ–બાય – | હવામાં ઊંચા ઊંચકેલા ઘૂંટણને હાથના પંજા વડે સ્પર્શીને. |
| ૮. નવો બોલ – | બોલ પકડીને માથાથી ઉપરની દિશામાં (આકાશ ભણી) દેખાડીને. |
| ૯. અંતિમ સિગ્નલ રદ કરવો– | બંને ખભાઓને સામ સામા હાથના પંજાઓથી સ્પર્શીને. |
| ૧૦. શોર્ટ–રન – | એક હાથને આકાશ તરફ લઈ, વાળીને અને તે જ હાથની આંગળીઓના છેડાઓથી નજીકના ખભાને સ્પર્શીને. |

ઉપર્યુક્ત બધા જ સિગ્નલો બોલરના છેડાના અમ્પાયર દ્વારા સ્કોરરોને કરવામાં આવશે – સિવાય કે શોર્ટ–રન માટેનો સિગ્નલ – કે જે સિગ્નલ (અર્થાત્ શોર્ટ–રનનો), જે છેડા પર શોર્ટ–રન ઉદ્ભવે તે છેડાનો અમ્પાયર સ્કોરરોને કરશે. તેમ છતાં, શોર્ટ–રન અંગેનો સ્કોરરોને કરવાનો અંતિમ સિગ્નલ તથા કેટલા રનો નોંધવાના છે તે અંગે સ્કોરરોને જાણ કરતો સિગ્નલ – આ બંને સિગ્નલો માટે બોલરના છેડાનો અમ્પાયર જવાબદાર રહેશે.

(ડ) સ્કોરરોને કરેલા પ્રત્યેક સિગ્નલોની અલગ સ્વીકૃતિ સ્કોરરો દ્વારા કરવામાં આવે ત્યાં સુધી અમ્પાયર પ્રતિક્ષા કરશે અને ત્યાર પછી જ રમતને આગળ વધવા દેવાની મંજૂરી આપશે.

**(૧૫) ભૂલચૂક વિનાનો સ્કોર (અર્થાત્ સ્કોરની શુધ્ધતા) :**

શંકાસ્પદ મુદ્દાઓ અંગે અમ્પાયરો અને સ્કોરરો વચ્ચે સલાહ–મસલત આવશ્યક છે. સ્કોર થયેલા રનોની સંખ્યા, વિકેટો જે પડી ચૂકી હોય અને જયારે યોગ્ય લાગે ત્યારે ફેંકાયેલી ઓવરોની સંખ્યા ભૂલચૂક વિના નોંધાઈ છે તે અંગે અમ્પાયરો પોતે સમગ્ર મેચ દરમ્યાન સંતુષ્ટ થવા જોઈએ. ડ્રીંક્સ ઈન્ટરવલ સિવાયના કમસે કમ અન્ય દરેક ઈન્ટરવલે અને મેચ સમાપ્તિએ અમ્પાયરો આ બધી બાબતો અંગે સ્કોરરો સાથે સહમત થવા જોઈએ. જુઓ નિયમ : ૪.૨ (ભૂલચૂક વિનાનો સ્કોર), ૨૧.૮ (ભૂલચૂક વિનાનું પરિણામ) અને ૨૧.૧૦ (બદલી ન શકાતું પરિણામ).

## **નિયમ : ૪** ધ સ્કોરર્સ (સ્કોરર) :

**(૧) સ્કોરરોની નિમણૂંક :**

સ્કોર થયેલા બધા રનો, ઝડપવામાં આવેલી બધી વિકેટો તથા યોગ્ય લાગે ત્યાં, નંખાઈ ચૂકેલી ઓવરોની સંખ્યા નોંધવા માટે બે સ્કોરરોની નિમણૂંક કરવામાં આવશે.

(૨) **ભૂલચૂક વિનાનો સ્કોર (અર્થાત્ સ્કોરની શુધ્ધતા) :**
સ્કોરરોએ અવારનવાર ચકાસી સુનિશ્ચિત કરવું જોઈએ કે તેઓની નોંધણીનો તાલમેલ બેસે છે. સ્કોર થયેલા રનો, વિકેટો જે પડી ચૂકી હોય અને જયારે યોગ્ય લાગે ત્યાં, ફેંકાયેલી ઓવરોની સંખ્યા બાબતે સ્કોરરો, ડ્રીંકસ ઈન્ટરવલ સિવાયના કમસે કમ અન્ય દરેક ઈન્ટરવલે અને મેચ સમાપ્તિએ, અમ્પાયરો સાથે સહમત થવા જોઈએ. જુઓ નિયમ : ૩.૧૫ (ભૂલચૂક વિનાનો સ્કોર.)

(૩) **સિગ્નલની સ્વીકૃતિ :**

અમ્પાયરો દ્વારા આપવામાં આવતી બધી સૂચનાઓ તથા સિગ્નલોને સ્કોરરો સ્વીકારશે. પ્રત્યેક અલગ સિગ્નલની તેઓ તાત્કાલિક સ્વીકૃતિ આપશે.

## **નિયમ : ૫** ધ બોલ (બોલ / દડો) :

(૧) **વજન અને આકાર :**

બોલ નવો હોય ત્યારે તેનું વજન ૫ ઔંસ (૧૫૫.૯ ગ્રામ) થી ઓછું નહીં કે ૫ ઔંસ (૧૬૩ ગ્રામ) થી વધુ હોવું ન જોઈએ અને તેના પરિધનું માપ ૮ ઈંચ (૨૨.૪ સે.મી.) થી ઓછું નહીં કે ૯ ઈંચ (૨૨.૯ સે.મી.) થી વધુ હોવું ન જોઈએ.

(૨) **બોલની માન્યતા અને નિયંત્રણ :**

(અ) મેચ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવનારા બધા બોલ બંને અમ્પાયરો અને બંને સુકાનીઓ દ્વારા પ્રમાણિત કરવામાં આવશે તથા ટોસ પૂર્વે આ બોલ અમ્પાયરોના કબજામાં રહેશે તેમજ સમગ્ર મેચ દરમ્યાન અમ્પાયરોના અંકુશ હેઠળ રહેશે.

(બ) પ્રત્યેક વિકેટ પડયે, કોઈ પણ ઈન્ટરવલની શરૂઆતે અને રમતમાં આવેલા કોઈ પણ અટકાવ (વિઘ્ન) વેળા અમ્પાયર, મેચમાં વપરાશમાં રહેલા બોલને પોતાના કબજામાં રાખશે.

(૩) **નવો બોલ :**

મેચ પૂર્વે કોઈ વિપરીત સુમેળ સધાયો ન હોય તો, બેમાંથી કોઈ પણ સુકાની પ્રત્યેક દાવની શરૂઆત વેળા નવા બોલની માંગણી કરી શકે છે.

(૪) **એકથી વધુ દિવસના સમયગાળાની મેચમાં નવો બોલ :**

એકથી વધુ દિવસના સમયગાળાની મેચમાં, જૂના બોલથી મુકરર કરેલ ઓવરો નંખાઈ ગયા પછી ફિલ્ડીંગ ટીમનો સુકાની નવા બોલની માંગણી કરી શકે છે. સંબંધિત દેશની ક્રિકેટ માટેની સત્તાધીશ સંસ્થા પોતાના દેશમાં લાગુ પડનારી ઓવરોની સંખ્યા નક્કી કરશે–જે સંખ્યા ૭૫ ઓવરોથી ઓછી હોવી ન જોઈએ.

રમતમાં જયારે નવો બોલ લેવામાં આવે ત્યારે બોલર છેડાનો અમ્પાયર સાથી અમ્પાયરને જાણ કરશે તથા પિચ પરના બંને બેટ્સમેનોને અને સ્કોરરોને તે અંગે સૂચિત કરશે.

**(૫) ખોવાયેલો અથવા રમત માટે અયોગ્ય (અનફીટ) બનેલો બોલ :**

રમત દરમ્યાન બોલ શોધી ન શકાય અથવા પુનઃ પ્રાપ્ત કરી ન શકાય અથવા અમ્પાયરો સહમત થાય કે સામાન્ય વપરાશથી બોલ રમત માટે અયોગ્ય બન્યો છે તો, અમ્પાયરો આ બોલને એવા બોલથી પ્રતિસ્થાપિત કરશે કે જેની બાહ્યા સપાટી, પૂરક બોલની જરૂર પેદા થઈ તે પૂર્વેના બોલની સરખામણીએ બરાબરીની હોય. પૂરક બોલ લેવામાં આવે ત્યારે પિચ પરના બંને બેટ્સમેનોને અને ફિલ્ડીંગ ટીમના સુકાનીને અમ્પાયર જાણ કરશે.

**(૬) વિસ્તૃત વિવરણ :**

ઉપર્યુકત પેટા નિયમ : (૧) માં વર્ણવેલ બોલનું વિસ્તૃત વિવરણ માત્ર પુરૂષોની ક્રિકેટને લાગુ પડશે. મહિલા તથા જુનિયર ક્રિકેટ માટે બોલનું વિસ્તૃત વિવરણ નીચે મુજબ લાગુ પડશે :

**(અ) મહિલાઓની ક્રિકેટ :**

વજન : ૪${}^{૧૫}/_{૧૬}$ ઔંસ (૧૪૦ ગ્રામ) થી ૫${}^{૫}/_{૧૬}$ ઔંસ (૧૫૧ ગ્રામ) સુધી.
પરિઘ : ૮${}^{૧}/_{૪}$ ઈંચ (૨૧.૦૦ સે.મી.) થી ૮${}^{૭}/_{૮}$ ઈંચ (૨૨.૫ સે.મી.) સુધી.

**(બ) જુનિયર ક્રિકેટ** (૧૩ વર્ષ થી ઓછી ઉંમર) :

વજન : ૪${}^{૧૧}/_{૧૬}$ ઔંસ (૧૩૩ ગ્રામ) થી ૫${}^{૧}/_{૧૬}$ ઔંસ (૧૪૪ ગ્રામ) સુધી.
પરિઘ : ૮${}^{૧}/_{૧૬}$ ઈંચ (૨૦.૫ સે.મી.) થી ૮${}^{૧૧}/_{૧૬}$ ઈંચ (૨૨.૦૦ સે.મી.) સુધી.

## **નિયમ : ૬** ધ બેટ (બેટ) :

**(૧) બેટ :**

એક હેન્ડલ (હાથો) અને એક બ્લેડ (પહોળો ભાગ) – આ બે ભાગ થકી બેટ બનેલું હોય છે.

**(૨) માપ (પરિમાણ) :**

નીચેના વિભાગો : (૩) થી (૬) માંની બધી જોગવાઈઓ, **પરિશિષ્ટ : ઈ** માંના નિર્દિષ્ટ માપ અને અંકુશને આધિન રહેશે.

**(૩) ધ હેન્ડલ (હાથો) :**

**(અ)** હેન્ડલ અને બ્લેડને જોડવાના હેતુથી હેન્ડલનો એક છેડો બ્લેડના અંદરના ભાગ (ખાંચા)માં બેસાડવામાં આવ્યો હોય છે. આ બાદ હેન્ડલનો બાકીનો જે ભાગ પૂર્ણરૂપે બ્લેડની બહાર હોય છે તેને હેન્ડલના ઉપરના ભાગ તરીકે મુકરર કરવામાં આવશે. બેટ પકડવા માટે આ એક સીધો દાંડો (શાફ્ટ) છે. હેન્ડલનો બાકીનો ભાગ તેનો (હેન્ડલનો) નીચેનો ભાગ છે – જેનો ઉપયોગ ફકત બ્લેડ અને હેન્ડલને જોડીને સાથે રાખવા માટે થાય છે. એ બ્લેડનો ભાગ નથી, પરંતુ નીચેના વિભાગો : (૫) અને (૬) ના માત્ર અર્થઘટન માટે સુસંગત જણાય ત્યારે, બ્લેડ અંગેનો સંદર્ભ હેન્ડલના નીચેના ભાગ સુધી પણ વિસ્તરેલો ગણાશે.

(બ) હેન્ડલ મુખ્યત્વે વાંસના સાઠાનું અને / અથવા લાકડાનું જ બનેલું હોવું જોઈએ અને જરૂરી જણાય ત્યાં ગુંદર જેવો ચીકણો પદાર્થ તેની પર લગાડી શકાય તથા હેન્ડલના ઉપરના ભાગ પર દોરીની બંધાઈ કરી શકાય.

(ક) નીચેના પેટા નિયમ : (૭) નું ઉલ્લંઘન થતું ન હોય એ શરતે, હેન્ડલની બાહ્ય સપાટીની પકડ માત્ર અનુકૂળ બનાવવા માટે હેન્ડલના ઉપરના ભાગ પર સામગ્રીરૂપે આવરણ લગાડી શકાય. આવું આવરણ વધારાનું ગણાશે અને તે બેટનો ભાગ ગણાશે નહીં. તેમ છતાં, નીચેનો પેટા નિયમ : (૮) પણ ધ્યાનમાં લો.

(ડ) નીચેનો વિભાગ : (૪) (ક) અને પેટા નિયમ : (૫) હોવા છતાં, **પરિશિષ્ટ : ઈ** માં મુકરર કર્યા મુજબ હેન્ડલના ખભાના ભાગને આવરી લેવા માટે, હેન્ડલનો ઉપરનો ભાગ તથા નીચેનો ભાગ જયાં મળતા હોય તેનાથી પણ વધુ આગળ–દોરીની બંધાઈ અને ગ્રીપ માટેનું આવરણ–બંનેને લગાડી શકાય.

## (૪) ધ બ્લેડ : (પહોળો ભાગ)

**(અ)** ઉપર દર્શાવ્યા મુજબના હેન્ડલ ઉપરાંત આખા બેટનો સમાવેશ બ્લેડમાં થાય છે. બ્લેડ ચહેરો (આગળનો ભાગ), પીઠ (પાછળનો ભાગ), અંગૂઠો (તદ્દન નીચેનો ભાગ), બાજુ (બાજુનો ભાગ) અને ખભું (ઉપરનો ભાગ) ધરાવે છે. જૂઓ **પરિશિષ્ટ : ઈ**

**(બ) બ્લેડ ફક્ત લાકડામાંથી જ બનેલી હોવી જોઈએ.**

(ક) આ બધાને જકડવા માત્રના હેતુસર અથવા બ્લેડ સાથે હેન્ડલને જકડવા માત્રના હેતુસર, ઉપર્યુકત પેટા નિયમ : (૩) (ડ) અને નીચેના પેટા નિયમો : (૫) અને (૬)માં પરવાનગી આપી છે તેની સાથોસાથ, લઘુત્તમ માત્રામાં ગુંદરીયો ચીકણો પદાર્થ અથવા ચીકણો પદાર્થ ધરાવતી ટેપ (પટ્ટી) સિવાયની કોઈ પણ સામગ્રી ન તો બ્લેડ કે ન તો હેન્ડલના નીચેના ભાગની બાહ્યા સપાટી પર લગાડી શકાય અથવા ન તો બ્લેડ કે ન તો હેન્ડલના અંદરના ભાગમાં બેસાડી શકાય.

## (૫) બ્લેડને આવરી લેવી :

બધા બેટની બ્લેડ પર વ્યાપારિક ઓળખચિહ્નો હોઈ શકે. નીચેના પેટા નિયમ : (૬) માં આપેલ પરવાનગી સિવાયના અન્ય કોઈ પણ આવરણ 'એ' પ્રકાર અને 'બી' પ્રકારના બેટની બ્લેડ માટે વાપરી ન શકાય. 'સી' પ્રકારના બેટની બ્લેડ પર કપડાનું આવરણ વાપરી શકાય.

આની ગણના નીચેના પેટા નિયમ : (૬) (ડ) માં સવિસ્તર વર્ણવવા મુજબ થશે.
આવું આવરણ બ્લેડ માટે વધારાનું ગણાશે અને તે બેટનો ભાગ ગણાશે નહીં. તેમ છતાં, નીચેના વિભાગ : (૮) ને ધ્યાનમાં લો.

## (૬) રક્ષણ અને ક્ષતિપૂર્તિ :

ન તો ઉપર્યુકત પેટા નિયમ : (૪) નું કે ન તો નીચેના પેટા નિયમ : (૭) નું ઉલ્લંઘન થાય એ શરતે :

**(અ)** કયાં તો.....(૧) બ્લેડના મોં, બાજૂઓ તથા ખભાની બાહ્ય સપાટીને નુકસાનથી રક્ષણ આપવાના

અથવા......(૨) નુકસાન પછી બ્લેડની ક્ષતિપૂર્તિ માટેના

...... એકમાત્ર હેતુ માટે ......

કયાં તો બ્લેડને આ સામગ્રી લગાડતી વેળા અથવા ત્યાર પછી આ બાહ્યા સપાટીઓ પર, સખત ન હોય એવી સામગ્રી વાપરી શકાય. આવી કોઈ પણ સામગ્રી બ્લેડના પાછળના કોઈ પણ ભાગ કરતાં વધુ લંબાયેલ હોવી ન જોઈએ – સિવાય કે ઉપર્યુકત પેટા નિયમ : ૬ (અ) (૨) નો કિસ્સો હોય અને તે પણ જયારે નુકસાન પામેલ વિસ્તારને આવરી લેવા આવી સામગ્રી અવિરતપણે લપેટવામાં આવી હોય.

(બ) બાહ્ય સપાટીના નુકસાન સિવાયના નુકસાન પછીની ક્ષતિપૂર્તિ માટે નક્કર સામગ્રી બ્લેડમાં અંદર બેસાડી શકાશે. વધારામાં 'બી' પ્રકાર ને 'સી' પ્રકારના બેટને નુકસાનથી રક્ષણ આપવા માટે, તદ્દન નીચેના ભાગ (અંગૂઠા)માં અને/અથવા આગળની બાજુ, સામગ્રીને અંદર એ રીતે બેસાડવામાં આવશે કે જે બ્લેડના આગળના ભાગ (મોં)થી સમાંતર રૂપે હોય. ઓછામાં ઓછી આવશ્યક ચીકાશ ધરાવતું લાકડું જ બ્લેડમાં અંદર બેસાડવા માટેની એકમાત્ર પરવાનગીયુકત સામગ્રી છે.

(ક) બેટના તદ્દન નીચેના ભાગ (અંગૂઠા)ને નુકસાનથી બચાવવા, બ્લેડના તે ભાગ પર સામગ્રીનું આવરણ લગાડી શકાય, પરંતુ તે સામગ્રી બ્લેડના મોં, પીઠ કે બાજુના કોઈ પણ ભાગ કરતા વધુ આગળ હોવી ન જોઈએ.

(ડ) ભેજના પ્રવેશ સામે બ્લેડની પ્રતિકાર શકિત વધારવા અને / અથવા લાકડાની ઉપસ્થિતિમાં કુદરતી જણાતી હાનિ અટકાવવા, બ્લેડની બાહ્યા સપાટી પર નક્કર ન હોય એવી સામગ્રીઓનો ઉપયોગ કરી શકાય. કુદરતી બગાડ બચાવી એક જ પ્રકારનો દેખાવ આપવાના હેતુની આ ક્રિયાથી, બ્લેડનો વાસ્તવિક રંગ બદલાવો ન જ જોઈએ.

ઉપર્યુકત વિભાગો : (અ), (બ), (ક) અથવા (ડ) માં નિર્દિષ્ટ કોઈ પણ સામગ્રીઓ બ્લેડથી વધારાની ગણાશે અને બેટના ભાગરૂપે ગણાશે નહીં. તેમ છતાં, નીચેનો પેટા નિયમ : (૮) ધ્યાનમાં લો.

**(૭) બોલને થતું નુકસાન**

(અ) આવરણયુકત અથવા બિનઆવરણયુકત બેટના કોઈ પણ ભાગ માટે, ઘટક સામગ્રીનું કઠણપણું અને તેમાં સમાવિષ્ટ બાહ્યા સપાટી એવી હોવી ન જોઈએ કે જેથી બેમાંથી એકના કારણે અથવા બંનેના કારણે બોલને અસ્વીકાર્ય નુકસાન થાય.

(બ) એ જ રીતે ગમે તે હેતુ માટે, બેટના કોઈ પણ ભાગ પર કોઈ પણ આવરણયુકત સામગ્રી હોય તે એવી ન હોવી જોઈએ કે જે બોલને અસ્વીકાર્ય નુકસાન પહોંચાડે.

(ક) આ નિયમના હેતુઓ માટે, બ્લેડના લાકડાની બિનઆવરણયુકત બાહ્યા સપાટી પર બોલ અફળાવાને કારણે થતા સામાન્ય ઘસારા કરતા વધુ બગાડ થાય તો તે, અસ્વીકાર્ય નુકસાન ગણાશે.

**(૮) બોલ સાથે સંપર્ક :**

આ નિયમોમાં,

(અ) બેટ અંગેનો સંદર્ભ સૂચવે છે કે બેટને બેટ્સમેનના હાથના પંજા વડે પકડવામાં આવ્યું છે અથવા તેના હાથના પંજા પર ગ્લવ પહેરવામાં આવ્યું છે. – સિવાય કે બીજી કોઈ રીતે નિર્દિષ્ટ હોય.

(બ) ક્યાં તો.... (૧) સ્વયં બેટ
અથવા.... (૨) બેટ્સમેને બેટ પકડયું હોય તે હાથનો પંજો
અથવા.... (૩) બેટ્સમેને બેટ પકડયું હોય તે હાથના પંજા પર પહેરવામાં આવેલ ગ્લવનો કોઈ પણ ભાગ
અથવા.... (૪) ઉપર્યુકત પેટા નિયમો : (૩), (૫) અથવા (૬) હેઠળ પરવાગનગીયુકત કોઈ પણ વધારાની સામગ્રીઓ
.... અને બોલ વચ્ચે સંપર્ક થાય તો....
.... બોલ જ બેટ સાથે અફળાયો છે કે અડયો છે અથવા બોલને બેટ દ્વારા ફટકારવામાં આવ્યો છે એવું ગણવામાં આવશે.

## નિયમ : ૭ ધ પિચ (પિચ) :

**(૧) પિચનો વિસ્તાર :**

પિચ એટલે રમતના મેદાનનો એવો સમચતુષ્કોણીય વિસ્તાર કે જેની લંબાઈ ૨૨ યાર્ડસ (૨૦.૧૨ મીટર) અને પહોળાઈ ૧૦ ફૂટ (૩.૦૫ મીટર) આ વિસ્તાર પ્રત્યેક છેડે બોલિંગ ક્રીઝ દ્વારા અને પ્રત્યેક બાજુએ કાલ્પનિક રેખાઓ દ્વારા સીમિત હોય છે, કાલ્પનિક રેખાઓ પ્રત્યેક એક બાજુ બે મિડલ સ્ટમ્પોના મધ્યોમાં જોડાય છે, જે પ્રત્યેક તેને સમાંતર હોય છે અને ત્યાંથી પાંચ ફૂટ (૧.૫૨ મીટર) ના અંતરે હોય છે. જુઓ નિયમો : ૮.૧ (પહોળાઈ અને ગોઠવણી) અને ૯.૨ (બોલિંગ ક્રીઝ).

**(૨) રમત માટે પિચની સુયોગ્યતા (ફીટનેશ)**

રમત માટે પિચની ફીટનેશના નિર્ણાયકો ફકત અમ્પાયરો જ છે. જુઓ નિયમો : ૩.૮ (રમત માટેની ફીટનેશ) અને ૩.૯ (જોખમકારક અને ગેરવાજબી પરિસ્થિતિઓમાં રમતની મોકૂફી).

**(૩) પસંદગી અને તૈયારી :**

મેચ પૂર્વે પિચની પસંદગી અને તૈયારી માટે મેદાનના સત્તાધીશો જવાબદાર હોય છે. મેચ દરમ્યાન પિચનો ઉપયોગ તથા જાળવણીનો અંકુશ અમ્પાયરો રાખશે.

**(૪) પિચ બદલવી :**

મેચ દરમ્યાન પિચ બદલી શકાશે નહીં–સિવાય કે બંને અમ્પાયરો એવો નિર્ણય કરે કે આવી પિચ પર રમત ચાલુ રાખવી ગેરવાજબી અથવા ભયરૂપ છે અને એવું બને (અર્થાત્ પિચ બદલવી પડે) તો પણ બંને સુકાનીઓની સંમતિ માત્રથી જ પિચ બદલી શકાય.

**(૫) નોન–ટર્ફ પિચો :**

નોન–ટર્ફ પિચ ઉપયોગમાં લેવામાં આવી હોય એવા બનાવમાં, તેની કૃત્રિમ સપાટી નીચે મુજબના માપને અનુરૂપ હોવી જોઈએ :
લંબાઈ = ઓછામાં ઓછી ૫૮ ફૂટ (૧૭.૬૮ મીટર).
પહોળાઈ = ઓછામાં ઓછી ૬ ફૂટ (૦૧.૮૩ મીટર).
જુઓ નિયમ : ૧૦.૮ (નોન–ટર્ફ પિચ).

## નિયમ : ૮ ધ વિકેટ્સ (વિકેટ) :

**(૧) પહોળાઈ અને ગોઠવણી :**

બે મિડલ સ્ટમ્પોના કેન્દ્રો વચ્ચે, ૨૨ યાર્ડસ (૨૦.૧૨ મીટર) ના અંતરે, વિકેટોના બે સેટો એકબીજાથી વિપરીત અને સમાંતરપણે ગોઠવાયેલા હોવા જોઈએ. દરેક સેટ ૯ ઈંચ (૨૨.૮૬ સે.મી.) પહોળો અને લાકડાના ત્રણ સ્ટમ્પની સાથે ઉપરના ભાગે લાકડાની બે બેઈલ્સ ધરાવતો હોવો જોઈએ. **(જુઓ : પરિશિષ્ટ : અ).**

**(૨) સ્ટમ્પનું માપ :**

સ્ટમ્પનો ઉપરનો ભાગ, રમતની સપાટીથી ૨૮ ઈંચ (૭૧.૧ સે.મી.) ઉપર હોવો જોઈએ અને બેઈલ માટેના ખાંચાઓ સિવાય ગુંબજ આકારનો હોવો જોઈએ. રમતની સપાટીથી ઉપરના સ્ટમ્પનો ભાગ, ઉપરના ગુંબજ ભાગ સિવાય, નળાકાર હોવો જોઈએ અને વ્યાસ રેખાનો ગોળાકાર ભાગ ૧૩/૮ ઈંચ / ૩.૪૯ સે.મી. થી ઓછો નહીં અને ૧૧/૨ ઈંચ / ૩.૮૧ સે.મી.થી વધુ હોવો ન જોઈએ. **(જુઓ : પરિશિષ્ટ : અ).**

**(૩) બેઈલ્સ :**

**(અ)** સ્ટમ્પના મથાળાના ભાગે બેઈલ્સ મૂકવામાં આવી હોય ત્યારે,

(૧) સ્ટમ્પના મથાળેથી તેની ઊંચાઈ ૧/૨ ઈંચ (૧.૨૭ સે.મી.) થી વધુ હોવી ન જોઈએ.

(૨) ઊર્ધ્વ સ્થિતિના સ્ટમ્પની સ્થિતિ બદલ્યા વિના સ્ટમ્પની વચ્ચે તે બંધબેસતી હોવી જોઈએ.

**(બ)** પ્રત્યેક બેઈલ નીચે મુજબના વિવરણને અનુરૂપ હોવી જોઈએ. **(જુઓ પરિશિષ્ટ : અ).**

| | | |
|---|---|---|
| કુલ લંબાઈ | = | ૪ ૫/૧૬ ઈંચ (૧૦.૯૫ સે.મી.). |
| ભૂંગળાકાર મધ્ય ભાગની લંબાઈ | = | ૨ ૧/૮ ઈંચ ( ૫.૪૦ સે.મી.). |
| લાંબી દાંડી | = | ૧ ૩/૮ ઈંચ ( ૩.૪૯ સે.મી.). |
| ટૂંકી દાંડી | = | ૧૩/૧૬ ઈંચ ( ૨.૦૬ સે.મી.). |

**(૪) જુનિયર ક્રિકેટ :**

નીચેના માપના ઉપયોગને આધિન, જુનિયર ક્રિકેટમાં વિકેટની તે જ વ્યાખ્યા લાગુ પડશે.

| | | | |
|---|---|---|---|
| વિકેટની પહોળાઈ | = | ૮ ઈંચ | (૨૦.૩૨ સે.મી.). |
| અંડર – ૧૩ માટેની પિચ | = | ૨૧ યાર્ડસ | (૧૯.૨૦ મીટર). |
| અંડર – ૧૧ માટેની પિચ | = | ૨૦ યાર્ડસ | (૧૮.૨૯ મીટર). |
| અંડર – ૦૯ માટેની પિચ | = | ૧૮ યાર્ડસ | (૧૬.૪૬ મીટર). |
| રમતની સપાટીથી ઉપરની ઊંચાઈ | = | ૨૭ ઈંચ | (૬૮.૫૮ સે.મી.). |
| પ્રત્યેક સ્ટમ્પનો ડાયામીટર | = | ૧ ૧/૪ ઈંચ | (૩.૧૮ સે.મી.) થી ઓછો નહીં. |
| (અર્થાત્ વ્યાસ રેખા) | | અને ૧ ૩/૮ ઈંચ | (૩.૪૯ સે.મી.) થી વધુ નહીં. |

**પ્રત્યેક બેઈલ :**

| | | | |
|---|---|---|---|
| **કુલ** લંબાઈ | = | $3^{13}/_{16}$ ઈંચ | (૯.૬૮ સે.મી.). |
| **ભૂંગળાકાર મધ્ય** ભાગની લંબાઈ | = | $1^{13}/_{16}$ ઈંચ | (૪.૬૦ સે.મી.). |
| લાંબી દાંડી | = | $1^{1}/_{4}$ ઈંચ | (૩.૧૮ સે.મી.). |
| ટૂંકી દાંડી | = | $^{3}/_{4}$ ઈંચ | (૧.૯૧ સે.મી.). |

**(૫) બેઈલ્સ વિના ચલાવી લેવું :**

જરૂરી લાગે તો, બેઈલ્સનો ઉપયોગ ન કરવા અમ્પાયરો સહમત થઈ શકે. જો તેઓ આ પ્રકારે સહમત થાય તો બેમાંથી કોઈ પણ છેડે બેઈલ્સનો ઉપયોગ થશે નહીં. પરિસ્થિતિઓ અનુકૂળ બનતા વેંત જ બંને છેડે બેઈલ્સનો પુનઃ ઉપયોગ થશે. જુઓ નિયમ : ૨૮.૪ (બેઈલ્સ વિના ચલાવી લેવું).

## નિયમ : ૯ ધ બોલિંગ, પોપીંગ એન્ડ રિટર્ન ક્રીઝીસ (બોલિંગ, પોપીંગ અને રિટર્ન ક્રીઝ) :

**(૧) ક્રીઝ :**

નીચેના પેટાનિયમો : (૨), (૩) અને (૪) માં દર્શાવ્યા મુજબ, પિચના પ્રત્યેક છેડે એક બોલિંગ ક્રીઝ, એક પોપીંગ ક્રીઝ અને બે રીટર્ન ક્રીઝ સફેદ રંગમાં રેખાંકિત કરવા (દોરવા)માં આવશે. **(જુઓ પરિશિષ્ટ : બ).**

**(૨) બોલિંગ ક્રીઝ :**

બોલિંગ ક્રીઝ – કે જે રેખાંકિત ક્રીઝની પાછળની (અર્થાત વિકેટકીપર તરફની) ધાર છે તે, જે તે છેડાના ત્રણ સ્ટમ્પના મધ્યમાંથી આરપાર જતી રેખા છે. સ્ટમ્પને મધ્યમાં રાખતા, તેની લંબાઈ ૮ ફુટ – ૮ ઈંચ (૨.૬૪ મીટર) હોય છે.

**(૩) પોપીંગ ક્રીઝ :**

પોપીંગ ક્રીઝ – કે જે રેખાંકિત ક્રીઝની પાછળની (અર્થાત વિકેટકીપર તરફની) ધાર છે તે, બોલિંગ ક્રીઝની સામે અને સમાંતરપણે તથા ત્યાંથી ૪ ફૂટ (૧.૨૨ મીટર) ના અંતરે હોય છે. બે મિડલ સ્ટમ્પના મધ્યોને જોડનારી કાલ્પનિક રેખાની બંને બાજુએ ઓછામાં ઓછી ૬ ફૂટ (૧.૮૩ મીટર) ની પોપીંગ ક્રીઝ માર્ક કરવામાં આવશે અને તેની લંબાઈ અમર્યાદિત ગણાય છે.

**(૪) રિટર્ન ક્રીઝ :**

રિટર્ન ક્રીઝ – જે રેખાંકિત ક્રીઝની આંતરિક (અર્થાત્ સ્ટમ્પ તરફની) ધાર છે તે, બે મિડલ સ્ટમ્પના મધ્યોને જોડતી કાલ્પનિક રેખાની બંને બાજુએ, પોપીંગ ક્રીઝના જમણાં ખૂણા પર ૪ ફૂટ – ૪ ઈંચ (૧.૩૨ મીટર)ના અંતરે હોય છે. પ્રત્યેક રિટર્ન ક્રીઝને, પોપીંગ ક્રીઝથી પાછળ ઓછામાં ઓછી ૮ ફૂટ (૨.૪૪ મીટર) સુધી રેખાંકિત કરવામાં આવશે અને તેની લંબાઈ અમર્યાદિત ગણાય છે.

## નિયમ : ૧૦ પ્રિપેરેશન એન્ડ મેઈન્ટેનન્સ ઓફ ધ પ્લેઈંગ એરીયા (રમતના વિસ્તારને તૈયાર કરવો અને તેની જાળવણી) :

(૧) **રોલિંગ :**

નીચેના પેટા નિયમો : (અ) અને (બ) મુજબની પરવાનગી સિવાય, મેચ દરમ્યાન પિચ પર રોલર ફેરવી ન શકાય.

(અ) **રોલિંગનું વારંવાર પુનરાવર્તન અને અવધિ :**

મેચ દરમ્યાન, મેચના પ્રથમ દાવ સિવાયના, દરેક દાવની શરૂઆત પૂર્વે અને ત્યાર પછીના દરેક દિવસની રમતની શરૂઆત પૂર્વે, બેટીંગ ટીમના સુકાનીની વિનંતિથી, વધુમાં વધુ સાત મિનિટોના સમયગાળા સુધી પિચ પર રોલર ફેરવી શકાય. જુઓ નીચે પેટા નિયમ : (ડ).

(બ) **વિલંબિત શરૂઆત પછી રોલિંગ :**

રોલિંગની ઉપર્યુકત પરવાનગી ઉપરાંત, ટોસ પછી અને મેચનો પ્રથમ દાવ શરૂ થવા પૂર્વે, જો મેચ શરૂ થવામાં વિલંબ થાય તો, બેટીંગ ટીમનો સુકાની વધુમાં વધુ સાત મિનિટો સુધી પિચ પર રોલર ફેરવવાની વિનંતિ કરી શકે છે. તેમ છતાં, અમ્પાયરો સંયુકતપણે સહમત થાય કે વિલંબથી પિચની સ્થિતિને કોઈ અર્થસભર અસર થઈ નથી–તો તેઓ પિચ પર રોલર ફેરવવાની આવી વિનંતિ સ્વીકારશે નહીં.

(ક) **રોલરની પસંદગી :**

એક કરતા વધુ રોલર ઉપલબ્ધ હોય તો, બેટીંગ ટીમના સુકાનીએ તેમાંથી ઉપયોગ કરવા માટેના એક રોલરની પસંદગી કરવાની રહેશે.

(ડ) **પરવાનગીયુકત રોલિંગનો સમય :**

કોઈ પણ દિવસની રમત શરૂ થાય તે અગાઉનું પરવાનગીયુકત રોલિંગ (વધુમાં વધુ સાત મિનિટો), રમત શરૂ થવાના નિર્ધારિત અથવા પુનઃનિર્ધારિત સમયની ૩૦ મિનિટોથી પૂર્વે શરૂ કરી શકાય નહીં. તેમ છતાં, બેટીંગ ટીમનો સુકાની ઈચ્છે તો, રમત શરૂ થવાના નિર્ધારિત અથવા પુનઃનિર્ધારિત સમય પૂર્વેની ઓછામાં ઓછી ૧૦ મિનિટો બાકી હોય ત્યાં સુધી આવા રોલિંગની શરૂઆત વિલંબિત કરી શકે છે.

(ઈ) **રોલિંગ પૂર્ણ કરવા માટે અપૂરતો સમય :**

કોઈ સુકાની જયારે દાવ પૂર્ણ થયેલો જાહેર કરે, અથવા દાવ લેવાનો હક જતો કરે (ફોરફીટ) અથવા ફોલો–ઓન અમલી બનાવે, ત્યારે પિચ પર રોલિંગ કરવા માટેનો સાત મિનિટોનો પર્યાપ્ત સમય બચતો ન હોય અથવા અન્ય કોઈ કારણસર આ સમય (અર્થાત્ સાત મિનિટોના રોલિંગ માટેનો) અપર્યાપ્ત બને તો, બેટીંગ ટીમના સુકાનીને તેમ છતાં, તેનો આવા રોલિંગ (સાત મિનિટો) માટેનો વિકલ્પ અમલી બનાવવાની પરવાનગી મળશે. આના કારણે દાવની શરૂઆત જેટલો સમય મોડી થાય તેટલો સમય રમતના સામાન્ય સમયમાંથી લેવામાં આવશે.

**(૨) પિચ પરની કાંકરીઓ દૂર કરવી / હટાવવી :**

**(અ)** નીચેના પ્રસંગોએ પિચ પરની કોઈ પણ કાંકરીઓ દૂર થવી જોઈએ :

(૧) પ્રત્યેક દિવસની રમતની શરૂઆત પૂર્વે આ ક્રિયા મોવીંગ (ઘાસ વાઢવું / કાપવું) પૂર્ણ થયા પછી અને કોઈ પણ રોલિંગ પૂર્વે થશે – જે ક્રિયા, રમત શરૂ થવાના નિર્ધારિત અથવા પુનઃ નિર્ધારિત સમયની ૩૦ મિનિટોથી વહેલા નહીં અને ૧૦ મિનિટોથી મોડા નહીં તે રીતે થશે.

(૨) બે દાવો વચ્ચે, જો કોઈ રોલિંગ કરવાનું હોય તો તે પૂર્વે.

(૩) ભોજન માટેના બધા ઈન્ટરવલો વેળા.

**(બ)** ઉપર્યુકત પેટા નિયમ : (અ) મુજબ કાંકરીઓ દૂર કરવાની ક્રિયા સ્વીપીંગ (ફૂલ ઝાડુ દ્વારા હળવા હાથે થતી પિચ વિસ્તારની સફાઈ ક્રિયા) દ્વારા કરવામાં આવશે – સિવાય કે જયારે અમ્પાયરો માનતા હોય કે આ (સ્વીપીંગ) ક્રિયા પિચની બાહ્ય સપાટી માટે નુકસાનકારક બની શકે એમ છે તો – આવા કિસ્સામાં પિચના જે તે વિસ્તારની કાંકરીઓ, સ્વીપીંગ વિના, હાથ દ્વારા ઊંચકીને દૂર કરવામાં આવશે.

**(ક)** ઉપર્યુકત પેટા નિયમ : (અ) ઉપરાંત, મોવીંગ પૂર્વે અને જયારે પણ બેમાંથી કોઈ પણ અમ્પાયર જરૂરી માનતો હોય ત્યારે, પિચ પરની કાંકરીઓ, સ્વીપીંગ વિના, હાથ દ્વારા ઊંચકીને દૂર કરવામાં આવશે.

**(૩) મોવીંગ :**

**(અ) મોવીંગ માટેની જવાબદારી :**

મેચ પૂર્વે થનાર બધા જ મોવીંગની જવાબદારી ફકત મેદાનના સત્તાધીશોની રહેશે. ત્યાર બાદના બધા જ મોવીંગ અમ્પાયરોના નિયંત્રણ હેઠળ કરવામાં આવશે.

**(બ) પિચ અને આઉટફીલ્ડ :**

સમગ્ર મેચ દરમ્યાન બંને ટીમો માટે મેદાનની હાલત / સ્થિતિ શકય હોય ત્યાં સુધી લગભગ સરખી / સમાન જ રહે તે માટે,

(૧) પિચનું મોવીંગ...

(૨) આઉટફીલ્ડનું મોવીંગ...

....મેદાન અને હવામાનની સ્થિતિઓ અનુકૂળ હોય તો, મેચના જે દિવસે રમત શરૂ થવાની અપેક્ષા હોય તે પ્રત્યેક દિવસોએ કરવામાં આવશે.

મેદાન અથવા હવામાનની સ્થિતિ સિવાયના અન્ય કારણોસર જો આઉટફીલ્ડના સંપૂર્ણ વિસ્તારનું મોવીંગ શકય ન બને તો, મેચ દરમ્યાન આવું બાકીનું મોવીંગ કરવા માટે અપનાવવાની પ્રક્રિયા અંગેની જાણકારી મેદાનના સત્તાધીશોએ બંને સુકાનીઓ અને બંને અમ્પાયરોને આપવાની રહેશે.

(ક) **મોવીંગનો સમય :**

(૧) રોલિંગ અગાઉના કોઈ પણ સ્વીપીંગ પૂર્વે, મેચના કોઈ પણ દિવસે પિચનું મોવીંગ, જે તે દિવસની રમત શરૂ થવાના નિર્ધારિત અથવા પુનઃ નિર્ધારિત સમયથી ઓછામાં ઓછી ૩૦ મિનિટો પૂર્વે પૂર્ણ થવું જોઈએ. જરૂરી જણાય તો, મોવીંગ પૂર્વે, સ્વીપીંગ વિના, હાથ દ્વારા ઊંચકીને પિચ પરની કાંકરીઓ દૂર કરવામાં આવશે. જુઓ ઉપર્યુકત પેટા નિયમ :૨ (ક).

(૨) જે તે દિવસે રમત શરૂ થવાના નિર્ધારિત અથવા પુનઃ નિર્ધારિત સમયથી ઓછામાં ઓછી ૧૫ મિનિટો પૂર્વે મેચના કોઈ પણ દિવસે આઉટફીલ્ડનું મોવીંગ પૂર્ણ થવું જોઈએ.

(૪) **વોટરીંગ (પિચ પર પાણીનો છંટકાવ) :**
**મેચ દરમ્યાન પિચ પર પાણીનો છંટકાવ કરી શકાશે નહીં.**

(૫) **ક્રીઝોનું પુનઃ રેખાંકન :**
બેમાંથી કોઈ પણ અમ્પાયર જરૂરી માને ત્યારે ક્રીઝોનું પુનઃરેખાંકન કરવામાં આવશે.

(૬) **ફૂટહોલ્સની જાળવણી :**
રમત આગળ વધારવા માટે જરૂરી લાગે ત્યારે, અમ્પાયરો સુનિશ્ચિત કરશે કે બોલરો અને બેટ્સમેનો દ્વારા સર્જાયેલા નાના કાણાં (હોલ્સ) નાબૂદ કરવામાં આવ્યા છે તથા સૂકાઈ ગયા છે. એકથી વધુ દિવસોના સમયગાળાની મેચોમાં જરૂરી લાગે તો, બોલર દ્વારા તેની ડીલીવરી સ્ટ્રાઈડમાં સર્જાયેલા ફૂટહોલ્સ (નાનકડા કાણાંઓ) ને રી–ટર્ફીંગ (ખરબચડા ભાગને પુનઃ સપાટ બનાવવાની ક્રિયા) કરવાની અથવા આ જ હેતુ માટે ‘કવીક સેટીંગ ફિલિંગ્સ’ (મેદાનની સપાટીને સમાન બનાવવા માટે ઉપયોગમા લેવાતો અને ઝડપથી જામી જતો વિશિષ્ટ પદાર્થ)નો ઉપયોગ કરવાની પરવાનગી અમ્પાયરો આપશે.

(૭) **પગલાઓની પકડની સુરક્ષિતતા અને પિચની જાળવણી :**
રમત દરમ્યાન, ખેલાડીઓને તેઓના પગલાઓની પકડની સુરક્ષિતતા નિશ્ચિત કરવા માટે, લાકડાના વહેર (ભૂકા)નો ઉપયોગ કરવાની મંજૂરી અમ્પાયરો એ શરતે આપશે કે પિચને નુકસાન થતું ન હોય અને નિયમઃ૪૨ (વાજબી અને ગેરવાજબી રમત)નો ભંગ થતો ન હોય.

(૮) **નોન–ટર્ફ પિચ :**
જયારે ઉચિત હોય ત્યારે ઉપર્યુકત પેટા નિયમો : (૧) થી (૭) માં દર્શાવેલ જોગવાઈઓ લાગુ પડશે.

## નિયમ : ૧૧ કવરીંગ ધ પિચ (પિચ ઢાંકવી) :

(૧) **મેચ પૂર્વે :**
મેચ પૂર્વે કવરોના ઉપયોગની જવાબદારી મેદાનના સત્તાધીશોની છે અને જરૂરી જણાય તો પિચને પૂર્ણપણે ઢાંકવાનો તેમાં સમાવેશ થાય છે. તેમ છતાં, પોતાની ટીમના ખેલાડીઓની અંતિમ પસંદગી પૂર્વે સુકાનીઓને પિચની ચકાસણી માટે તથા નિયમો : ૩ (અમ્પાયર), ૭ (પિચ), ૮ (વિકેટ), ૯ (બોલિંગ, પોપીંગ અને રિટર્ન ક્રીઝ) અને ૧૦ (રમતના વિસ્તારને તૈયાર કરવો અને તેની જાળવણી) માં દર્શાવેલી ફરજો અમ્પાયરો બજાવી શકે તે માટે, મેદાનના સત્તાધીશોએ અમ્પાયરોને યોગ્ય સગવડ કરી આપવી જોઈએ.

**(૨) મેચ દરમ્યાન :**
મેચ દરમ્યાન પિચ સંપૂર્ણપણે ઢંકાવી ન જોઈએ – સિવાય કે વિશેષ નિયમો દ્વારા અથવા ટોસ પૂર્વે થયેલ સહમતિના કારણે આવું થાય.

**(૩) બોલરનું રન–અપ ઢાંકવું :**
તોફાની હવામાનમાં બોલરના રન–અપને સૂકું રાખવા, શકય હોય ત્યારે બોલરનું રન–અપ ઢાંકવું જોઈએ. ઉપર્યુકત પેટા નિયમ : (૨) હેઠળ પિચને સંપૂર્ણપણે ઢાંકવાની સહમતિ થઈ હોય તે સિવાય, ઉપયોગમાં લેવામાં આવેલા કવરો પ્રત્યેક પોપીંગ ક્રીઝની પાંચ ફૂટ (૧.૫૨ મીટર) થી વધુ આગળ ઢાંકવા ન જોઈએ.

**(૪) કવરો દૂર કરવા :**

**(અ)** આગળની રાત્રિએ પિચને કવરથી ઢાંકવામાં આવી હોય તો, ટોસ પછી જે દિવસે રમત રમાવાની અપેક્ષા હોય તે પ્રત્યેક દિવસની સવારે શકય બનતી વહેલી પળે કવરો હટાવી દેવા જોઈએ.

**(બ)** તોફાની હવામાનથી રક્ષણ મેળવવા માટે જો દિવસ દરમ્યાન પિચ ઢાંકવા કવરોનો ઉપયોગ થયો હોય અથવા આગળની રાત્રિના કવરો (અર્થાત્ પિચ પર ઢાંકવામાં આવેલા કવરો) હટાવવામાં તોફાની હવામાનને કારણે વિલંબ થાય તો, પરિસ્થિતિ અનુકૂળ થતાં વેંત તરત જ કવરો હટાવી લેવા પડે.

## નિયમ : ૧૨ ઈનિંગ્સ (દાવ) :

**(૧) દાવોની સંખ્યા :**

**(ક)** મેચ પૂર્વે થયેલ સહમતિ પ્રમાણે, જે તે મેચ પ્રત્યેક ટીમના એક અથવા બે દાવો ધરાવતી હોઈ શકે છે.

**(ખ)** કોઈ પણ દાવની ઓવરોની સંખ્યાની મર્યાદા અથવા સમયગાળાની મર્યાદા અંગે સહમતિ હોઈ શકે. આવી કોઈ સહમતિ થઈ હોય તો –

**(અ)** એક દાવની મેચમાં આવો સમાન સુમેળ બંને ટીમોના દાવોને લાગુ પડશે.
**(બ)** બે દાવોની મેચમાં આવો સમાન સુમેળ –
કયાં તો... પ્રત્યેક ટીમના પ્રથમ દાવને
અથવા.... પ્રત્યેક ટીમના બીજા દાવને
અથવા....પ્રત્યેક ટીમના બંને દાવોને
................લાગુ પડશે.

એક દાવ અને બે દાવો – બંને પ્રકારની મેચો માટે, જયારે ન તો નિયમો : ૨૧.૧ (વિજય–બે દાવોની મેચ) અથવા ૨૧.૨ (વિજય–એક દાવની મેચ) લાગુ પડતા હોય તો, પરિણામ નકકી કરવાનો માપદંડ પણ સુમેળમાં સમાવિષ્ટ હોવો જોઈએ.

**(૨) વારાફરતી દાવ :**
બે દાવોની મેચમાં પ્રત્યેક ટીમ પોત પોતાનો દાવ વારાફરતી લેશે – સિવાય કે નિયમ : ૧૩ (ફોલો–ઓન) અથવા નિયમ : ૧૪.૨ (દાવ લેવાનો હક જતો કરવો) માં દર્શાવાયેલા બનાવો હોય.

(૩) **પૂર્ણ થયેલો દાવ :**
એક ટીમનો દાવ પૂર્ણ થયેલો ગણવામાં આવશે – જો...
(અ) કોઈ ટીમ ઓલ આઊટ થાય,
અથવા (બ) કોઈ વિકેટ પડે ત્યારે અથવા કોઈ બેટ્સમેન રીટાયર થાય ત્યારે, વધુ બોલ ફેંકવાના બાકી હોય, પરંતુ કોઈ બેટ્સમેન આવવા (અર્થાત્ દાવ લેવા આવવા) માટે ઉપલબ્ધ ન હોય,
અથવા (ક) સુકાની દાવ પૂર્ણ થયેલો જાહેર કરે,
અથવા (ડ) સુકાની દાવ લેવાનો હક જતો કરે (ફોરફીટ),
અથવા (ઈ) ઉપર્યુક્ત પેટા નિયમ : ૧ (બ) હેઠળ થયેલ સહમતિના કિસ્સામાં,
કયાં તો ... (૧) મુકરર કરેલ ઓવરો નંખાઈ ચૂકી હોય
અથવા ... (૨) મુકરર કરેલ સમય સમાપ્ત થઈ ચૂકયો હોય.
.... જે પ્રમાણે ઉચિત હોય.

(૪) **ટોસ :**
મેચ શરૂ થવા માટેના નિર્ધારિત અથવા કોઈ પણ પુનઃ નિર્ધારિત સમયથી ૩૦ મિનિટોથી વહેલો નહીં તથા ૧૫ મિનિટોથી મોડો નહીં, તે રીતે બંને સુકાનીઓ દાવની પસંદગી માટે રમતના મેદાન પર અને એક અથવા બંને અમ્પાયરોની હાજરીમાં ટોસ કરશે. તેમ છતાં, નિયમ : ૧.૩ (સુકાની) ની જોગવાઈઓ ધ્યાનમાં લો.

(૫) **નિર્ણયની જાણ કરવી :**
ટોસ થઈ જાય કે તરત જ, ટોસ જીતનાર ટીમનો સુકાની બેટીંગ અથવા ફિલ્ડીંગ કરવા અંગેનો પોતાનો નિર્ણય વિપક્ષી (હરીફ) સુકાનીને તથા અમ્પાયરોને જણાવશે. એક વાર આ નિર્ણય જણાવ્યા પછી નિર્ણય બદલી શકાશે નહીં.

## નિયમ : ૧૩ ધ ફોલો–ઓન (ફોલો–ઓન) :

(૧) **પ્રથમ દાવ થકી સરસાઈ :**
(અ) પાંચ અથવા વધુ દિવસોની બે દાવોની મેચમાં, જે ટીમ પ્રથમ બેટીંગ કરે છે અને ઓછામાં ઓછા ૨૦૦ રનોની સરસાઈ ધરાવે છે તે ટીમ, અન્ય (વિપક્ષી) ટીમને તેઓનો દાવ પુનઃ લેવાની ફરજ પાડવાનો વિકલ્પ ધરાવે છે.
(બ) આ જ વિકલ્પ ટૂંકા સમયગાળાની બે દાવોવાળી મેચ માટે ઉપલબ્ધ છે – જેમાં નીચે મુજબની ઓછામાં ઓછી સરસાઈ જરૂરી છે :
(૧) ૩ અથવા ૪ દિવસીય મેચમાં ૧૫૦ રનો,
(૨) બે દિવસીય મેચમાં ૧૦૦ રનો,
(૩) એક દિવસીય મેચમાં ૭૫ રનો.

(૨) **જાણ કરવી :**
જે તે સુકાની, આમાંથી પસંદ કરેલ વિકલ્પ અંગેના પોતાના ઈરાદા બાબતે વિપક્ષી સુકાની અને અમ્પાયરોને જાણ કરશે. નિયમ ૧૦.૧ (ઈ) (રોલિંગ પૂર્ણ કરવા માટે અપૂરતો સમય) લાગુ પડશે.

**(૩) પ્રથમ દિવસની રમત વેડફાઈ જાય :**

એકથી વધુ દિવસના સમયગાળાની મેચમાં, પ્રથમ દિવસે સહેજ પણ રમત શકય ન બને તો, ખરેખર મેચ શરૂ થાય તે દિવસથી બાકી રહેતા દિવસોને અનુરૂપ ઉપર્યુકત પેટા નિયમ : (૧) લાગુ પડશે. જે દિવસે મેચનો પ્રથમ વાર પ્રારંભ થાય તે દિવસને, આ નિયમના હેતુસર આખો દિવસ જ ગણવો પડે – ગમે તે સમયે રમત શરૂ થઈ હોય તો પણ.

‘પ્લે’ની જાહેરાત થયા પછી, પ્રથમ ઓવર શરૂ થતાં વેંત જ, રમત શરૂ થયેલી ગણાશે. જુઓ નિયમ : ૨૨.૨ (ઓવરની શરૂઆત).

## નિયમ : ૧૪ ડીકલેરેશન એન્ડ ફોરફીચર (દાવ પૂર્ણ થયાની જાહેરાત અને દાવ લેવાનો હક જતો કરવો)

**(૧) દાવ પૂર્ણ થયાની જાહેરાત માટેનો સમય :**

દાવ દરમ્યાન કોઈ પણ સમયે, બોલ ડેડ હોય ત્યારે, બેટીંગ ટીમનો સુકાની દાવ પૂર્ણ થયાની જાહેરાત કરી શકે છે.

**(૨) દાવ લેવાનો હક જતો કરવો :**

પોતાની ટીમના બેમાંથી કોઈ પણ દાવની શરૂઆત થાય તે અગાઉ કોઈ પણ સમયે બેટીંગ ટીમનો સુકાની આ બે દાવોમાંથી કોઈ પણ દાવનો હક જતો કરી શકે છે. જતા કરેલા દાવની ગણતરી પૂર્ણ દાવ તરીક જ થશે.

**(૩) જાણ કરવી :**

દાવ ડિકલેર્ડ કરનાર અથવા દાવ લેવાનો હક જતો કરનાર જે તે બેટીંગ ટીમનો સુકાની, પોતાના નિર્ણય અંગે વિપક્ષી સુકાની અને અમ્પાયરોને જાણ કરશે. નિયમ : ૧૦.૧ (ઈ) (રોલિંગ પૂર્ણ કરવા માટે અપૂરતો સમય) લાગુ પડશે.

## **નિયમ : ૧૫** ઈન્ટરવલ્સ (ઈન્ટરવલ/મધ્યાંતર) :

**(૧) ઈન્ટરવલ :**

નિમ્નલિખિતને ઈન્ટરવલ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે :

(અ) એક દિવસની રમત બંધ થયાનો અને ત્યાર પછીના દિવસની રમત શરૂ થયા વચ્ચેનો સમયગાળો.

(બ) બે દાવો વચ્ચેનો ઈન્ટરવલ.

(ક) ભોજન માટેનો ઈન્ટરવલ.

(ડ) ડ્રીંકસ માટેનો ઈન્ટરવલ.

(ઈ) અન્ય કોઈ સહમત ઈન્ટરવલ.

નિયમ : **૨.૫** (ગેરહાજર અથવા મેદાન છોડતો ફિલ્ડર) ના હેતુઓ માટે આ બધા જ ઈન્ટરવલની ગણના નિર્ધારિત બ્રેક રૂપે જ થશે.

(૨) **ઈન્ટરવલ અંગે સહમતિ :**

(અ) ટોસ પૂર્વે :

(૧) રમતના કલાકો સ્વીકૃત હોવા જોઈએ.

(૨) નીચેના પેટા નિયમ : (બ) સિવાય, ભોજન માટેના ઈન્ટરવલનો સમય અને સમયગાળાની સહમતિ હોવી જોઈએ.

(૩) ઉપર્યુકત પેટા નિયમ : (૧) (ઈ) મુજબના અન્ય કોઈ ઈન્ટરવલનો સમય અને સમયગાળાની સહમતિ હોવી જોઈએ.

(બ) એક દિવસીય મેચમાં ટી–ઈન્ટરવલ માટે વિશિષ્ટ સમયની સહમતિની જરૂર નથી. તેના બદલે સહમતિ મુજબ આ ઈન્ટરવલને બે દાવોની વચ્ચે લઈ શકાય.

(ક) નિયમ : ૧૬.૬ (મેચનો છેલ્લો કલાક – ઓવરોની સંખ્યા) માં દર્શાવ્યા મુજબ, મેચના છેલ્લા કલાકમાં ડ્રીંકસ માટેનો ઈન્ટરવલ લઈ ન શકાય. આ મર્યાદાને આધિન રહીને, ટોસ પૂર્વે અને ત્યાર પછીના દરેક દિવસે, રમત શરૂ થવાના નિર્ધારિત સમયથી ઓછામાં ઓછી ૧૦ મિનિટો પૂર્વે, સુકાનીઓ અને અમ્પાયરોએ આવા ઈન્ટરવલ – જો કોઈ હોય તો – તથા તેના સમય બાબતે સહમતિ સાધવી જોઈએ. નિયમ : ૩.૩ (સુકાનીઓ સાથે સહમતિ) પણ જુઓ.

(૩) **ઈન્ટરવલનો સમયગાળો :**

(અ) લંચ માટેનો ઈન્ટરવલ અથવા ટી માટેનો ઈન્ટરવલ ઉપર્યુકત પેટા નિયમ : (૨) (અ) મુજબનો સહમત સમયગાળાનો રહેશે – જે, ઈન્ટરવલ પૂર્વેની 'ટાઈમ'ની જાહેરાતથી માંડીને, ઈન્ટરવલ પછી રમત ફરી શરૂ થતાં થયેલી 'પ્લે'ની જાહેરાત સુધીનો ગણાશે.

(બ) બે દાવો વચ્ચેનો ઈન્ટરવલ ૧૦ મિનિટોનો રહેશે – જે દાવ પૂર્ણ થાય ત્યારથી માંડીને ત્યાર પછીના દાવની શરૂઆત માટે 'પ્લે'ની જાહેરાત થાય ત્યાં સુધીનો ગણાશે – સિવાય કે નીચેના પેટા નિયમો : (૪), (૬) અને (૭) મુજબ હોય.

(૪) **બે દાવો વચ્ચેના ઈન્ટરવલ માટે છૂટ (વળતર) નહીં :**

નીચેના પેટા નિયમ : (૬) અને (૭) ની જોગવાઈઓ ઉપરાંત,

(અ) કોઈ પણ દિવસે રમત બંધ કરવાના સહમત સમય પૂર્વેની ૧૦ અથવા ઓછી મિનિટો બાકી હોય ત્યારે કોઈ દાવનો અંત આવે તો, તે દિવસે રમત વધુ રમાશે નહીં. બે દાવો વચ્ચેના ૧૦ મિનિટોના ઈન્ટરવલના આધારે, ત્યાર પછીના દિવસની રમત શરૂ કરવા માટેના સમયમાં કોઈ જ ફેરફાર કરવામાં આવશે નહીં.

(બ) રમતમાં આવેલા ૧૦ મિનિટોથી વધુ સમયગાળાના વિઘ્ન દરમ્યાન, જે તે બેટીંગ ટીમનો સુકાની દાવ પૂર્ણ થયેલો જાહેર કરે તો, બે દાવો વચ્ચેના ૧૦ મિનિટોના ઈન્ટરવલના આધારે, રમત ફરી શરૂ કરવા માટેના સમયમાં કોઈ ફેરફાર થશે નહીં – જેને વિઘ્નમાં જ સમાવિષ્ટ ગણવામાં આવશે. નિયમ : ૧૦.૧ (ઈ) (રોલિંગ પૂર્ણ કરવા માટે અપૂરતો સમય) લાગુ પડશે.

(ક) ડ્રીંકસ માટેના ઈન્ટરવલ સિવાયના અન્ય કોઈ ઈન્ટરવલ દરમ્યાન, જે તે બેટીંગ ટીમનો સુકાની દાવ પૂર્ણ થયેલો જાહેર કરે તો, ઈન્ટરવલ સહમત સમયગાળાનો જ રહેશે અને તેમાં બે દાવો વચ્ચેનો દસ મિનિટોનો ઈન્ટરવલ સમાવિષ્ટ ગણાશે. નિયમ : ૧૦.૧ (ઈ) (રોલિંગ પૂર્ણ કરવા માટે અપૂરતો સમય) લાગુ પડશે.

**(૫) ઈન્ટરવલ માટેનો સહમત સમય બદલવો :**

જો, મેચ દરમ્યાન કોઈ પણ સમયે,

કયાં તો... મેદાન, હવામાન કે પ્રકાશની પ્રતિકૂળ પરિસ્થિતિઓના કારણે અથવા અપવાદરૂપ સંજોગોમાં રમતનો સમય બગડે,

અથવા... નિર્ધારિત ઈન્ટરવલના સમય સિવાય જો ખેલાડીઓએ રમતનો વિસ્તાર છોડવાનો પ્રસંગ ઉદ્‌ભવે તો,

જો, બંને અમ્પાયરો અને બંને સુકાનીઓ સહમત થાય તો, લંચ ઈન્ટરવલનો સમય અથવા ટી–ઈન્ટરવલનો સમય બદલી શકાશે, એ શરતે કે ઉપર્યુકત પેટા નિયમ : (૩) અને નીચેના પેટા નિયમો : (૬), (૭), (૮) તથા (૯) (ક) ની આવશ્યકતાઓનું ઉલ્લઘન થતું ન હોય.

**(૬) લંચ ઈન્ટરવલ માટેનો સહમત સમય બદલવો :**

**(અ)** લંચ માટેના સહમત પૂર્વે ૧૦ અથવા ઓછી મિનિટો બાકી હોય ત્યારે, જો કોઈ દાવનો અંત આવે તો ઈન્ટરવલ તાત્કાલિક લેવામાં આવશે. તે સહમત સમયગાળાનો રહેશે અને તેમાં બે દાવો વચ્ચેનો ૧૦ મિનિટોનો ઈન્ટરવલ સમાવિષ્ટ ગણાશે.

**(બ)** લંચ માટેના સહમત સમય પૂર્વે ૧૦ અથવા ઓછી મિનિટો બાકી હોય ત્યારે જો મેદાન, હવામાન અથવા પ્રકાશની પ્રતિકૂળ સ્થિતિઓના કારણે અથવા અસાધારણ સંજોગોને કારણે અટકાવ ઉદભવે તો, ઉપર્યુકત પેટાનિયમ : (૫) હોવા છતાં, ઈન્ટરવલ તાત્કાલિક લેવામાં આવશે. તે સહમત સમયગાળાનો રહેશે. આ ઈન્ટરવલના અંતે અથવા પરિસ્થિતિઓ અનુકૂળ થતા વેંત જ સત્વરે રમત ફરી શરૂ થશે.

**(ક)** લંચ માટેના સહમત સમય પૂર્વે ૧૦ થી વધુ મિનિટો બાકી હોય ત્યારે, કોઈ પણ કારણસર જો ખેલાડીઓએ રમતનું મેદાન છોડવાનો પ્રસંગ ઉદ્‌ભવે તો, લંચ ઈન્ટરવલ સહમત સમયે લેવામાં આવશે – સિવાય કે અમ્પાયરો અને સુકાનીઓ ભેગા મળીને સમય બદલવા સહમત થાય.

**(૭) ટી–ઈન્ટરવલ માટેનો સહમત સમય બદલવો :**

**(અ)** (૧) ટી–ઈન્ટરવલ માટેના સહમત સમય પૂર્વે ૩૦ અથવા ઓછી મિનિટો બાકી હોય ત્યારે જો કોઈ દાવનો અંત આવે તો, ઈન્ટરવલ તાત્કાલિક લેવામાં આવશે. તે સહમત સમયગાળાનો રહેશે અને તેમાં બે દાવો વચ્ચેનો ૧૦ મિનિટોનો ઈન્ટરવલ સમાવિષ્ટ ગણાશે.

(૨) ટી–ઈન્ટરવલ માટેના સહમત સમય પૂર્વે ૩૦ મિનિટો બાકી રહેતી હોય ત્યારે, જો બે દાવો વચ્ચેનો ઈન્ટરવલ આગળ વધી જ રહ્યો (ચાલુ) હોય તો, ૧૦ મિનિટોનો ઈન્ટરવલ પૂર્ણ થતાં, પરિસ્થિતિઓ અનુકૂળ હોય તો, રમત ફરી શરૂ થશે.

(બ) (૧) ટી–ઈન્ટરવલ માટેના સહમત સમય પૂર્વે ૩૦ અથવા ઓછી મિનિટો બાકી હોય ત્યારે, જો મેદાન, હવામાન કે પ્રકાશની પ્રતિકૂળ પરિસ્થિતિઓને કારણે અથવા અસાધારણ સંજોગોમાં અટકાવ ઉદ્‌ભવે તો, સિવાય કે....

.... કયાં તો....ઉપર્યુકત પેટાનિયમ : (૫) ની પરવાનગી મુજબ ટી–ઈન્ટરવલનો સમય બદલવા માટે સહમતિ થઈ હોય,

.... અથવા .... નીચેના પેટા નિયમ : (૧૦) માં આપેલી પરવાનગી મુજબ બંને સુકાનીઓ ટી–ઈન્ટરવલ જતો કરવા સહમત થાય.... તો....

.... ટી–ઈન્ટરવલ તાત્કાલિક લેવામાં આવશે. આ ઈન્ટરવલ સહમત સમયગાળાનો જ રહેશે. આ ઈન્ટરવલના અંતે અથવા પરિસ્થિતિઓ અનુકૂળ થતાં વેંત જ સત્વરે રમત ફરી શરૂ થશે.

(૨) ટી–ઈન્ટરવલ માટેના સહમત સમય પૂર્વે ૩૦ મિનિટો બાકી હોય ત્યારે અટકાવ આગળ વધી જ રહ્યો હોય તો, ઉપર્યુકત પેટા નિયમ : (૫) અમલી બનશે.

**(૮) ટી–ઈન્ટરવલ – ૯ વિકેટો પડી હોય :**

જો...કયાં તો.... ટી–ઈન્ટરવલ માટેના સહમત સમયની બે મિનિટો બાકી હોય ત્યારે ૯ વિકેટો પડી જ ચૂકી હોય

અથવા.... આ બે મિનિટોની અંદર અથવા ત્યાર પછીના કોઈ સમયે

ટી–ઈન્ટરવલના સહમત સમય વેળા નંખાઈ રહેલી ઓવરના અંતિમ બોલ સુધી અને સહિતના કોઈ પણ સમય દરમ્યાન ૯ મી વિકેટ પડે....

.... તો નિયમ : ૧૬.૫ (બ) (ઓવર પૂર્ણ કરવી)ની જોગવાઈઓ હોવા છતાં, ટી–ઈન્ટરવલ માટેના મૂળ સહમત સમયની ૩૦ મિનિટો થયે, તે સમયે નંખાઈ રહેલી ઓવર પૂર્ણ ન થાય ત્યાં સુધી ટી–ઈન્ટરવલ લેવામાં આવશે નહીં – સિવાય કે ખેલાડીઓને રમતનું મેદાન છોડવાનું કોઈ કારણ હોય અથવા દાવ વહેલો પૂર્ણ થયો હોય.

નિયમના આ વિભાગના હેતુઓ માટે, બેટ્‌સમેનની નિવૃતિને વિકેટ પડયાની બરોબરીએ ગણવામાં આવશે નહીં.

**(૯) ડ્રીંકસ માટેનો ઈન્ટરવલ :**

**(અ)** કોઈ પણ દિવસે બંને સુકાનીઓ એ બાબતે સહમત થાય કે ડ્રીંકસ માટેનો ઈન્ટરવલ હશે તો, આ ઈન્ટરવલ લેવાનો વિકલ્પ બંને ટીમોને ઉપલબ્ધ રહેશે. દરેક ડ્રીંકસ ઈન્ટરવલ શકય એટલો ટૂંકો રાખવામાં આવશે તથા કોઈ પણ કિસ્સામાં તે પાંચ મિનિટોથી વધવો ન જોઈએ.

**(બ)** નીચેના પેટા નિયમ : (૧૦)ની પરવાનગી મુજબ, જો બંને સુકાનીઓ ડ્રીંકસ ઈન્ટરવલ જતો કરવા સહમત થાય, તે સિવાય, ડ્રીંકસ ઈન્ટરવલનો સહમત સમય થાય ત્યારે, ફેંકાઈ રહેલી ઓવર પૂર્ણ થતાં, ડ્રીંકસ ઈન્ટરવલ લેવામાં આવશે. તેમ છતાં, જો, ડ્રીંકસ ઈન્ટરવલના સહમત સમયની પાંચ મિનિટોની અંદર કોઈ વિકેટ પડે અથવા કોઈ બેટ્‌સમેન રિટાયર થાય તો ડ્રીંકસ તાત્કાલિક લેવામાં આવશે.

નીચેના પેટા નિયમ : (ક) માં દર્શાવેલી જોગવાઈઓ સિવાય ડ્રીંકસ ઈન્ટરવલના સમયમાં ફેરફાર કરવાની પરવાનગી મળી શકે નહીં.

(ક) કોઈ ડ્રીંકસ ઈન્ટરવલના સહમત સમયની ૩૦ મિનિટોની અંદર, કોઈ દાવનો અંત આવે અથવા કોઈ અન્ય કારણસર ખેલાડીઓએ રમતનું મેદાન છોડવું પડે તો, અમ્પાયરો તથા સુકાનીઓ ભેગા મળીને તે સત્ર (સેશન) માટેનો ડ્રીંકસ ઈન્ટરવલ કયારે લેવો તેનો સમય પુન : નિશ્ચિત કરી શકે છે.

**(૧૦) ઈન્ટરવલો જતા કરવા બાબતે સહમતિ :**

મેચ દરમ્યાન કોઈ પણ સમયે, બંને સુકાનીઓ ટી–ઈન્ટરવલ અથવા કોઈ પણ ડ્રીંકસ ઈન્ટરવલ જતો કરવા માટે સહમતિ સાંધી શકે. આવા નિર્ણય અંગેની જાણ તેઓએ અમ્પાયરોને કરવી પડે. રમત આગળ વધી રહી હોય ત્યારે, તે સત્ર (સેશન)માં ડ્રીંકસ ઈન્ટરવલ જતો કરવાની સહમતિ સાધવા બાબતે વિકેટ (પિચ) પર ઉપસ્થિત બંને બેટ્સમેનો તેઓના સુકાની વતી ભૂમિકા નિભાવી શકે.

**(૧૧) સ્કોરરોને જાણ કરવી :**

અમ્પાયરો સુનિશ્ચિત કરશે કે રમવાના કલાકો અને ઈન્ટરવલો અંગેની સર્વે સહમતિ સંબંધી વિગતો તથા આ નિયમની પરવાનગી હેઠળ, તેમાં તે ઉપરાંત કોઈ ફેરફારો થયા હોય તો, તે બધાની જાણકારી સ્કોરરોને આપવામાં આવી છે.

## નિયમ : ૧૬ સ્ટાર્ટ ઓફ પ્લે, સેશેસન ઓફ પ્લે (રમતની શરૂઆત, રમતની સમાપ્તિ):

**(૧) ‘પ્લે’ ની જાહેરાત :**

મેચ શરૂ થાય ત્યારે અને કોઈ ઈન્ટરવલ અથવા વિઘ્ન (અટકાવ) પછી રમત પુનઃ શરૂ થાય ત્યારે બોલરના છેડાનો અમ્પાયર ‘પ્લે’ ની જાહેરાત કરશે.

**(૨) ‘ટાઈમ’ ની જાહેરાત :**

કોઈ પણ ઈન્ટરવલ અથવા રમતમાં આવેલા કોઈ પણ વિઘ્ન (અટકાવ) પૂર્વે અને મેચ પૂર્ણ થતા રમત સમાપ્તિએ બોલ ડેડ હોય ત્યારે, બોલરના છેડાનો અમ્પાયર ‘ટાઈમ’ની જાહેરાત કરશે. જુઓ નિયમ : ૨૨.૩ (ઓવર અથવા ટાઈમની જાહેરાત) અને નિયમ : **૨૭** (અપીલ)

**(૩) બેઈલ હટાવવી :**

‘ટાઈમ’ની જાહેરાત પછી બંને છેડાની વિકેટો પરથી બેઈલ્સ હટાવી લેવામાં આવશે.

**(૪) નવી ઓવર શરૂ કરવી :**

આગામી ઈન્ટરવલ માટેનો સહમત સમય અથવા દિવસની રમત સમાપ્તિનો સહમત સમય થઈ જાય તે અગાઉ, જો અમ્પાયર પોતાની સામાન્ય ઝડપે ચાલ્યા બાદ, બોલરના છેડાના સ્ટમ્પની પાછળ પોતાના સ્થાને પહોંચી જાય તો, મેચ દરમ્યાન કોઈ પણ સમયે હંમેશા એક વધુ (અર્થાત્ નવી) ઓવર શરૂ કરવી પડે–સિવાય કે નીચેના પેટા નિયમ : (૫) માં દર્શાવ્યા મુજબના સંજોગોમાં કોઈ ઈન્ટરવલ લેવામાં આવે.

**(૫) ઓવર પૂર્ણ કરવી :**

મેચનો અંત આવે તે સિવાય –

(અ) નંખાઈ રહેલી કોઈ ઓવર દરમ્યાન ઈન્ટરવલ માટેનો સહમત સમય થઈ જાય તો, ઈન્ટરવલ લેવા પૂર્વે તે ઓવર પૂર્ણ કરવી પડે – સિવાય કે નીચેના પેટા નિયમ : (બ)માં જણાવ્યા મુજબ હોય.

(બ) આગામી ઈન્ટરવલ માટેના સહમત સમય પૂર્વે જયારે બે થી ઓછી મિનિટો બાકી હોય તો, ઈન્ટરવલ તાત્કાલિક લેવામાં આવશે – જો ....
કયાં તો ...(૧) કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય અથવા નિવૃત્ત (રીટાયર) થાય, અથવા... (૨) ખેલાડીઓ માટે મેદાન છોડવાનો પ્રસંગ ઉદ્ભવે.
.... પછી ભલે આવું કોઈ ઓવર દરમ્યાન થાય અથવા ઓવરના અંતે થાય. આ પ્રકારે કોઈ નંખાઈ રહેલી ઓવર દરમ્યાન વિઘ્ન આવે તો, રમત પુનઃ શરૂ થતાં તે પૂર્ણ કરવી પડે – સિવાય કે કોઈ દાવ પૂર્ણ થતો હોય.

**(૬) મેચનો છેલ્લો કલાક – ઓવરોની સંખ્યા :**

રમતના સહમત કલાકો મુજબ, મેચના છેલ્લા કલાકની રમતનો સમય બાકી હોય ત્યારે, નંખાઈ રહેલી ઓવર પૂર્ણ કરવી પડે. આ પછીની ઓવર, ઓછામાં ઓછી ૨૦ ઓવરોમાંની પ્રથમ ઓવર બનશે – આ ૨૦ ઓવરો નંખાવી જ જોઈએ – એ શરતે કે તે પૂર્વે પરિણામ આવી ન જાય અને એ શરતે કે રમતમાં કોઈ ઈન્ટરવલ અથવા વિઘ્ન ન આવે.
બોલરના છેડાનો અમ્પાયર આ ૨૦ ઓવરોનો પ્રારંભ કરવાની જાણ મેદાનમાંના ખેલાડીઓને અને સ્કોરરોને કરશે. આ પછીની રમતનો સમય છેલ્લા કલાક તરીકે ગણાશે – તેનો વાસ્તવિક સમયગાળો ગમે તેટલો હોય તો પણ.

**(૭) મેચનો છેલ્લો કલાક – રમતમાં વિઘ્નો :**

મેચના છેલ્લા કલાક દરમ્યાન રમતમાં કોઈ વિઘ્ન પેદા થાય તો, ઓછામાં ઓછી ફેંકવાપાત્ર ૨૦ ઓવરોમાંથી નીચે મુજબ ઘટાડો કરવામાં આવશે :

(અ) કોઈ પણ વિઘ્નના કારણે બગડેલો સમય – 'ટાઈમ' ની જાહેરાતથી માંડીને રમત પુનઃ શરૂ થાય ત્યાં સુધીનો – અમ્પાયરો દ્વારા નિર્ધારિત કર્યા મુજબ ગણાશે.

(બ) બગડેલા સમયની પ્રતિ ત્રણ પૂર્ણ મિનિટો દીઠ એક ઓવર ઘટાડવામાં આવશે.

(ક) આવા એકથી વધુ વિઘ્નના બનાવમાં, બગડેલી મિનિટો સંયુકતપણે ગણાશે નહીં, પરંતુ પ્રત્યેક વિઘ્ન માટે અલગ ગણતરી કરવામાં આવશે.

(ડ) છેલ્લા એક કલાકની રમતનો સમય બાકી હોય ત્યારે, જો વિઘ્ન આગળ વધી જ રહ્યું (ચાલુ) હોય તો....
....(૧) માત્ર આ ક્ષણ પછીનો જ બગડેલો સમય ગણતરી માટે ધ્યાનમાં લેવામાં આવશે.
...(૨) વિઘ્નની શરૂઆત વેળા નંખાઈ રહેલી ઓવર, રમત પુનઃ શરૂ થાય ત્યારે પૂર્ણ કરવામાં આવશે અને તેની ગણતરી, નાંખવાની બાકી ઓછામાં ઓછી ઓવરોમાંની એક ઓવર તરીકે કરવામાં આવશે નહીં.

(ઈ) છેલ્લા કલાકની શરૂઆત પછી, કોઈ ઓવર દરમ્યાન કોઈ વિઘ્ન ઉદ્‌ભવે તો, રમત પુનઃ શરૂ થાય ત્યારે આ ઓવર પૂર્ણ કરવામાં આવશે. આ બે ટૂકડાવાળી ઓવરોની ભેગી ગણના, નાંખવાની બાકી ઓછામાં ઓછી ઓવરોમાંની એક ઓવર તરીકે જ થશે.

**(૮) મેચનો છેલ્લો કલાક – બે દાવો વચ્ચેનો ઈન્ટરવલ :**

અગર કોઈ દાવ એ રીતે સમાપ્ત થાય કે મેચના છેલ્લા કલાક દરમ્યાન જ નવો દાવ શરૂ કરવો પડે તો, દાવ પૂર્ણ થતાં ઈન્ટરવલની શરૂઆત થશે અને ૧૦ મિનિટો પછી તેનો અંત આવશે.

(અ) છેલ્લા કલાકની શરૂઆત વેળા આ ઈન્ટરવલ ચાલી જ રહ્યો હોય તો, નવા દાવમાં નાંખવાની બાકી ઓવરોની સંખ્યા નિર્ધારિત કરવા, ઉપર્યુકત પેટા નિયમ : (૭) માં સૂચવ્યા મુજબ ગણતરીઓ કરવી પડે.

(બ) છેલ્લો કલાક શરૂ થયા પછી દાવનો અંત આવે તો, નીચેના પેટા નિયમો : (ક) અને (ડ) માં સૂચવ્યા મુજબ બે ગણતરીઓ કરવી પડે. આ બંને ગણતરીઓમાંથી જેમાં મોટી સંખ્યા ઉપજે તેટલી ઓવરો નવા દાવમાં નાંખવાની બાકી ઓછામાં ઓછી ઓવરો તરીકે ગણાશે.

**(ક) બાકી રહેતી ઓવરોના આધારે ગણતરી :**

(૧) દાવની સમાપ્તિ વેળા, છેલ્લા કલાકમાં નાંખવાની ઓછામાં ઓછી ઓવરોમાંથી, નાંખવાની બાકી રહેતી ઓવરો નોંધવી પડે.

(૨) જો આ પૂર્ણાંક સંખ્યા ન હોય તો, ત્યાર પછીની પૂર્ણાંક સંખ્યા ધ્યાનમાં લેવી પડે. (દા.ત. ૭.૧ કે ૭.૫ હોય તો આઠ ઓવરો જ લેવી પડે).

(૩) નાંખવાની બાકી ઓવરો નકકી કરવા માટે, આ ગણતરીના અંતે મળેલ સંખ્યામાંથી ઈન્ટરવલ (બે દાવો વચ્ચેના) માટેની ત્રણ ઓવરો ઘટાડવી પડે.

**(ડ) બાકી રહેતા સમયના આધારે ગણતરી :**

(૧) દાવની સમાપ્તિ વેળા, રમત સમાપ્ત કરવાના સહમત સમય સુધીનો બાકી રહેલો સમય નોંધવો પડે.

(૨) રમતનો બાકી રહેતો સમય નિર્ધારિત કરવા, આ સમયમાંથી ઈન્ટરવલ (બે દાવો વચ્ચેના) માટેની ૧૦ મિનિટો બાદ કરવી પડે.

(૩) રમત માટે બાકી રહેતા સમયમાંથી પ્રતિ ત્રણ પૂર્ણ મિનિટો દીઠ એક ઓવર મુજબ (લેખે) ગણતરી કરવી પડે તથા વધારામાં, જો ત્રણ મિનિટોનો કોઈ ભાગ (અર્થાત્ ત્રણ થી ઓછી મિનિટો) બાકી રહેતો હોય તો વધુ એક ઓવર ગણવી પડે. દા.ત. ૨૦ કે ૧૯ મિનિટો બાકી હોય તો ૨૦ કે ૧૯ ÷ ૩ = ૬ ઓવરો તથા બાકી રહેતી ૨ અથવા ૧ મિનિટ માટે વધુ એક ઓવર અર્થાત્ ૬ + ૧ = ૭ ઓવરો નાંખવાની બાકી ઓવરો ગણાશે.

**(૯) મેચની સમાપ્તિ – મેચ સમાપ્ત થયેલી ગણાશે :**

**(અ)** નિયમ : ૨૧ (પરિણામ)ના વિભાગો : (૧), (૨), (૩), (૪) અથવા (૫)(અ)માં દર્શાવેલ પરિણામ મુજબ મેચનું પરિણામ આવે કે તરત જ.

**(બ)** (૧) છેલ્લા કલાકમાં નાંખવાની ઓછામાં ઓછી ઓવરોની સંખ્યા પૂર્ણ થાય
અને (૨) રમત સમાપ્ત કરવાનો સહમત સમય થઈ જાય,
– આ બંને થતાં વેંત જ.
– સિવાય કે તે અગાઉ મેચનું પરિણામ આવી જાય.

(ક) નિયમ : ૧૨.૧ (બ) (દાવોની સંખ્યા) હેઠળ થયેલ સહમતિના બનાવમાં, નિયમ : ૧૨.૩ (ઈ) (પૂર્ણ થયેલો દાવ) માં દર્શાવ્યા મુજબ છેલ્લો દાવ પૂર્ણ થાય કે તરત જ.

(ડ) કયાં તો ઉપર્યુકત પેટા નિયયો : (૯) (અ) અથવા (૯) (બ) અથવા (૯) (ક) મુજબ, મેચ સમાપ્ત થયા વિના, જો ખેલાડીઓ મેદાન, હવામાન અથવા પ્રકાશની વિપરીત પરિસ્થિતિઓના કારણે અથવા અસાધારણ સંજોગોમાં મેદાન છોડે અને વધુ રમત શકય ન હોય.

**(૧૦) મેચની છેલ્લી ઓવરની પૂર્ણતા :**

છેલ્લા દિવસની રમતની સમાપ્તિ વેળા નંખાઈ રહેલી ઓવર પૂર્ણ કરવી પડે, સિવાય કે –
કયાં તો..... (અ) પરિણામ આવી ગયું હોય
અથવા..... (બ) ખેલાડીઓ માટે મેદાન છોડવાનો અવસર સર્જાય.
આવી સ્થિતિમાં નિયમ : ૨૧.૯ (સ્કોરીંગમાં ભૂલ) ના સંજોગો સિવાય, રમત પુનઃ શરૂ થશે નહીં અને મેચ સમાપ્ત થઈ જશે.

**(૧૧) મેચના છેલ્લા કલાક દરમ્યાન કોઈ ઓવર પૂર્ણ કરવા અસમર્થ બનતો બોલર :**

છેલ્લા કલાક દરમ્યાન, કોઈપણ કારણસર કોઈ બોલર પોતાની ઓવર પૂર્ણ કરવા અસમર્થ બને તો, નિયમ : ૨૨.૮ (ઓવર દરમ્યાન અસમર્થ બનેલો અથવા સસ્પેન્ડ થયેલો બોલર) લાગુ પડશે. આ પ્રકારની ઓવરના બે જુદા ભાગો, નાંખવાની બાકી ઓછામાં ઓછી ઓવરોમાંની એક ઓવર તરીકે ગણાશે.

## નિયમ : ૧૭ પ્રેકટીશ ઓન ધ ફિલ્ડ (મેદાન પર પ્રેકટીશ) :

**(૧) પિચ પર પ્રેકટીશ :**

પિચ પર અથવા પિચને સમાંતર અને તરતની નિકટવર્તી આવેલી બેમાંની કોઈ પણ સ્ટ્રીપ – જે પિચની બંને બાજુ એક એક છે અને જે પ્રત્યેકનો વિસ્તાર પિચ જેટલો જ છે તેના – પર મેચના કોઈ પણ દિવસે, કોઈ પણ સમયે, કોઈ પણ પ્રકારની પ્રેકટીશ કરી ન શકાય.

**(૨) સ્કવેર (ચોરસ વિસ્તાર)ના બાકીના વિસ્તાર પર પ્રેકટીશ :**

મેચના કોઈ પણ દિવસે સ્કવેરના અન્ય કોઈ ભાગ પર કોઈ પણ પ્રકારની પ્રેકટીશ કરી નહીં શકાય–સિવાય કે જે તે દિવસની રમત શરૂ થવા પૂર્વે અથવા રમતની સમાપ્તિ પછી.
રમતની શરૂઆત પૂર્વેની પ્રેકટીશ –

**(અ)** તે દિવસની રમત શરૂ થવાના નિર્ધારિત અથવા કોઈ પુનઃ નિર્ધારિત સમય અગાઉની ૩૦ મિનિટો પૂર્વે બંધ થવી જ જોઈએ.

(બ) પ્રેકટીશના કારણે સ્કવેરની બાહ્યા સપાટીને અર્થસભર નુકસાન થશે એવું અમ્પાયરો માનતા હોય તો, પ્રેકટીશની પરવાનગી મળશે નહીં.

(૩) **આઉટફીલ્ડ પર પ્રેકટીશ :**

**(અ)** કોઈ પણ દિવસે રમતની શરૂઆત પૂર્વે અથવા રમત પૂર્ણ થયા પછી અથવા લંચ અને ટી–ઈન્ટરવલ દરમ્યાન અથવા બે દાવો વચ્ચે, આઉટફીલ્ડ પર બધા પ્રકારની પ્રેકટીશ પરવાનગીયુકત છે–એ શરતે કે .... અમ્પાયર સંતુષ્ટ હોય કે આવી પ્રેકટીશના કારણે આઉટફીલ્ડની સ્થિતિની ગુણવત્તામાં અર્થસભર ઘટાડો ન થશે. રમતનો પ્રારંભ થવા માટેની અથવા રમત ફરી શરૂ કરવા માટેની પાંચ મિનિટો બાકી હોય ત્યાં સુધી જ આવી પ્રેકટીશ ચાલુ રાખી શકાશે.

**(બ)** ‘પ્લે’ની જાહેરાત અને ‘ટાઈમ’ની જાહેરાત વચ્ચે–

(૧) **પરિશિષ્ટ :** ડ માં ફિલ્ડરો તરીકે જેઓને દર્શાવવામાં આવ્યા છે તે અને વિકેટ પર ઉપસ્થિત બંને બેટ્સમેનો સિવાય, રમતના મેદાન પર કોઈ પણ પ્રકારની પ્રકેટીશમાં કોઈ પણ જોડાઈ (ભાગ લઈ) શકશે નહીં – બાઉન્ડ્રી બહાર સુધ્ધાથી પણ.
પ્રેકટીશમાં જોડાયેલ કોઈ પણ ખેલાડી જો આ નિયમનું ઉલ્લંઘન કરે તો તેણે નિયમનું ઉલ્લંઘન કરેલું ગણાશે અને તે નીચેના પેટા નિયમ : (૪) ને આધિન દંડને પાત્ર ગણાશે.

(૨) આઉટફીલ્ડ પર બોલિંગ અથવા બેટીંગ પ્રેકટીશ કરી શકાશે નહીં.
આઉટફીલ્ડમાં કોઈ ખેલાડીને માત્ર આર્મ એકશનના ઉપયોગ થકી બોલિંગરૂપે બોલ નાંખવો એ બોલિંગ પ્રેકટીશ ગણાશે નહીં – પરંતુ તે નીચેના પેટા નિયમ : (બ) (૩) અને (ક) ને આધિન રહેશે. તેમ છતાં, કોઈ બોલર ઈરાદાપૂર્વક મેદાન પર આ જ પ્રકારે બોલિંગરૂપે બોલ નાંખે તો, તેણે નિયમઃ ૪૨.૩ (મેચનો બોલ–તેની સ્થિતિ બદલવી)નું ઉલ્લંઘન કર્યું ગણાશે.

(૨) કયાં તો.... કોઈ વિકેટ પડી હોય તે વેળા
અથવા.... રમત દરમ્યાન નિયમાનુસારની ક્રિયા – જેવી કે સાઈટસ્ક્રીન એડજસ્ટમેન્ટ–ના ગેપ (અલ્પ સમયનો વિક્ષેપ) દરમ્યાન –
... ઉપર્યુકત પેટા નિયમો : (૧) અને (૨) ના નિયંત્રણોને આધિન અન્ય પ્રેકટીશની પરવાનગી મળી શકે.

**(ક)** (૧) કોઈ વિકેટ પડી હોય તે વેળાની પ્રેકટીશ, નવો આવનારો બેટ્સમેન મેદાનના સ્કવેર વિસ્તારમાં પ્રવેશે કે તરજ બંધ થવી જોઈએ.

(૩) રમતમાં પડેલા નિયમાનુસારના અન્ય ગેપ (અલ્પ સમયનો વિક્ષેપ) રમ્યાનની પ્રેકટીશ, જે તે ક્રિયાના કારણે રમતમાં ગેપ પડયો હોય તે ક્રિયા માટે જરૂરી ઓછામાં ઓછા સમયથી વધુ સમય સુધી ચાલુ રહેવી ન જોઈએ. જો સમય અંગેના આ નિયંત્રણો અનુસરવામાં ન આવે તો, અમ્પાયરો નિયમ : ૪૨.૯ (ફિલ્ડીંગ ટીમ દ્વારા સમયનો બગાડ)ની પ્રક્રિયાઓ લાગુ પાડશે.

**(૪) ઉલ્લંઘન માટે દંડ :**

જો કોઈ ખેલાડી ઉપર્યુકત પેટા નિયમો : (૧), (૨), (૩) (બ) (૧) અથવા (૩) (બ) (૨) નું ઉલ્લંઘન કરે તો, તે ખેલાડીને નિયમના ઉલ્લંઘન પછી –

કયાં તો .... ઓછામાં ઓછો એક કલાક વીતી ન જાય

અથવા .... ઓછામાં ઓછી ૩૦ મિનિટોની રમત રમાઈ ન જાય

.... આ બેમાંથી જે વહેલું બને

.... ત્યાં સુધી બોલિંગની પરવાનગી મળશે નહીં.

જો કોઈ બોલરે પોતાની ચાલુ ઓવર દરમ્યાન નિયમનું ઉલ્લંઘન કર્યું હોય તો, તેને તે ઓવર પૂર્ણ કરવાની પરવાનગી મળશે નહીં. અન્ય બોલર દ્વારા આ અપૂર્ણ ઓવર પૂર્ણ કરવામાં આવશે કે જેણે ન તો તરત આ અગાઉ (પૂર્વે)ની ઓવરનો કોઈ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખ્યો હોય કે ન તો તેને તરત આ પછીની ઓવરનો કોઈ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખવાની પરવાનગી મળી શકે.

**(૫) ટ્રાયલ રન–અપ :**

ઉપર્યુકત પેટા નિયમો : (૩) અને (૪) ની જોગવાઈઓને આધિન, કોઈ બોલરને ટ્રાયલ રન–અપની પરવાનગી મળી શકશે.

## નિયમ : ૧૮ સ્કોરીંગ રન્સ (રન કરવા) :

**(૧) રન :**

રનની સંખ્યા દ્વારા સ્કોર નોંધાશે. કોઈ રન થયેલો ત્યારે ગણાશે કે....

...... **(અ)** કોઈ પણ સમયે બોલ રમતમાં હોય ત્યારે, બંને બેટ્સમેનો જેટલી વખત એકબીજાને ક્રોસ કરીને એક છેડાથી બીજા છેડા સુધી પોતપોતાના ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ)માં પહોંચે.

...... **(બ)** જયારે બાઉન્ડ્રી ફટકારાઈ હોય – જુઓ નિયમ : ૧૯ (બાઉન્ડ્રી).

...... **(ક)** જયારે પેનલ્ટી રનો એનાયત થયા હોય – જુઓ નીચે પેટા નિયમ : (૬).

...... **(ડ)** જયારે બોલ ખોવાઈ ગયાની જાહેરાત થાય – જુઓ નિયમ : ૨૦ (બોલ ખોવાઈ જવો).

**(૨) નામંજૂર કરવામાં આવતા રનો :**

ઉપર્યુકત પેટા નિયમ : (૧) અથવા આ નિયમોમાં અન્યત્ર અન્ય કોઈ પણ જોગવાઈઓ હોવા છતાં, સ્કોર થનારા રનો અથવા એનાયત થનારી પેનલ્ટીઓ, અમાન્ય થતા રનો માટે અથવા એનાયત ન કરવાની પેનલ્ટીઓ માટે, લાગુ પડતી કોઈ પણ જોગવાઈઓને આધિન રહેશે.

**(૩) શોર્ટ (ટૂંકા/અપૂર્ણ) રન :**

**(અ)** વધુ એક રન લેવા માટે પાછા ફરતી વેળા કોઈ બેટ્સમેને, તે છેડાના પોતાના ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ)માં પ્રવેશ કર્યો ન હોય તો, તે રન, શોર્ટ–રન ગણાશે.

**(બ)** તેમ છતાં, એક શોર્ટ–રન ત્યાર પછીના રનનું અંતર ઓછું કરે છે. શોર્ટ–રન પછીનો રન જો પૂર્ણ કરવામાં આવ્યો હોય તો તે રન શોર્ટ ગણાશે નહીં. પોતાની પોપીંગ ક્રીઝની આગળ (અર્થાત્ બહાર) ઊભો રહેલો સ્ટ્રાઈકર, ત્યાંથી જ પેનલ્ટી (દંડ) વિના પ્રથમ રન માટે પણ દોડી શકે છે.

## (૪) ઈરાદાવિહોણા (બિન–હેતુપૂર્ણ) શોર્ટ–રન :

નીચેના પેટા નિયમ : (૫) ના સંજોગો સિવાય :

**(અ)** બેમાંથી કોઈ પણ બેટ્સમેન શોર્ટ–રન દોડે તો, સંબંધિત અમ્પાયર બોલ ડેડ થતાં વેંત જ શોર્ટ–રનની જાહેરાત અને સિગ્નલ કરશે તથા તે રન નોંધાશે નહીં – સિવાય કે બાઉન્ડ્રી સ્કોર થઈ હોય.

**(બ)** બેમાંથી એક અથવા બંને બેટ્સમેનો શોર્ટ–રન દોડે પછી બાઉન્ડ્રી સ્કોર થઈ હોય તો, સંબંધિત અમ્પાયર શોર્ટ–રનને અવગણશે અને શોર્ટ–રનની જાહેરાત અથવા સિગ્નલ કરશે નહીં.

**(ક)** જો બંને બેટ્સમેનો એક અને સમાન રનમાં જ શોર્ટ–રન દોડે તો માત્ર એક જ રન શોર્ટ ગણાશે.

**(ડ)** ઉપર્યુકત પેટા નિયમો : (બ) અને (ક) ને આધિન, જો એક કરતાં વધુ રન શોર્ટ હોય તો, આવા બધા જ રનો સ્કોર થશે નહીં–અર્થાત્ નોંધાશે નહીં.
એક કરતાં વધુ રન શોર્ટ હોય તો, સ્કોર થયેલા (નોંધવા પાત્ર) રનોની સંખ્યાની જાણ અમ્પાયર સ્કોરરોને કરશે.

## (૫) ઈરાદાપૂર્વકના શોર્ટ રનો :

**(અ)** ઉપર્યુકત પેટા નિયમ : (૪) હોવા છતાં, જો બેમાંથી કોઈ પણ અમ્પાયર એવું માનતો હોય કે તેના છેડે બેમાંથી કોઈ પણ અથવા બંને બેટ્સમેનો ઈરાદાપૂર્વક શોર્ટ–રન દોડયા છે તો, સંબંધિત અમ્પાયર, બોલ ડેડ થાય ત્યારે, જે બન્યું છે તેની જાણ સાથી અમ્પાયરને કરશે. આ બાદ બોલરના છેડાનો અમ્પાયર –

(૧) બંને બેટ્સમેનોને ચેતવશે કે આ રીત ગેરવાજબી છે અને સૂચવશે કે આ પ્રથમ અને અંતિમ ચેતવણી છે. આ ચેતવણી આખા દાવ દરમ્યાન લાગુ પડશે. આ બાદ આવનારા દરેક બેટ્સમેનોને અમ્પાયર આ ચેતવણી અંગે જાણ કરશે.

(૨) ભલે કોઈ બેટ્સમેન આઉટ જાહેર થયો હોય કે થયો હોય, બેટીંગ ટીમને તે બોલથી મળતા–પેનલ્ટીઓ માટે એનાયત થયેલા કોઈ રનો સિવાયના–બધા રનો નામંજૂર કરશે.

(૩) બંને બેટ્સમેનોને તેઓના મૂળ છેડે પરત (પાછા) મોકલશે.

(૪) ફિલ્ડીંગ ટીમના સુકાનીને અને વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને આ પગલુ ભરવા માટેના કારણની જાણ કરશે.

(૫) નોંધવાપાત્ર રનોની સંખ્યાની જાણ સ્કોરરોને કરશે.

**(બ)** જો તે દાવમાં, કોઈ પણ બેટ્સમેન દ્વારા ઈરાદાપૂર્વક શોર્ટ–રન લેવાનો વધુ કોઈ બનાવ બને તો, સંબંધિત અમ્પાયર બોલ ડેડ થાય ત્યારે જે બન્યું છે તેની જાણ સાથી અમ્પાયરને કરશે અને ઉપયુર્કત પેટા નિયમો : (અ) (૨), (અ) (૩) તથા (અ) (૪)માં દર્શાવેલ પ્રક્રિયા પુનઃ અપનાવશે.

વધારામાં, બોલરના છેડાનો અમ્પાયર–

(૧) ફિલ્ડીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે.

(૨) નોંધવાપાત્ર રનોની સંખ્યાની જાણ સ્કોરરોને કરશે.

(૩) મેચ સમાપ્ત થયા બાદ, શકય વહેલી તકે સાથી અમ્પાયર જોડે, બનાવ અંગેનો રિપોર્ટ, બેટીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન ાાટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે, કે જે સંબંધિત સુકાની અને ખેલાડી અથવા ખેલાડીઓ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૬) પેનલ્ટીઓ માટે એનાયત થતા રનો :**

ઉપર્યુકત પેટા નિયમ : (૫) તથા નિયમો : ૨.૬ (પરવાનગી વિના રમતના મેદાનમાં પરત ફરતો ખેલાડી), ૨૪ (નો–બોલ), ૨૫ (વાઈડ–બોલ), ૪૧.૨ (બોલ ફિલ્ડ કરવો), ૪૧.૩ (ફિલ્ડીંગ ટીમને લગતી રક્ષણાત્મક હેલ્મેટો) અને ૪૨ (વાજબી અને ગેરવાજબી રમત) હેઠળ પેનલ્ટીઓ માટેના રનો એનાયત થશે.

**(૭) બાઉન્ડ્રી માટે સ્કોર થતા રન :**

નિયમ : ૧૯ (બાઉન્ડ્રી) હેઠળ બાઉન્ડ્રી વળતરો માટેના રનો સ્કોર થશે.

**(૮) ખોવાયેલા બોલ માટે સ્કોર થતા રનો :**

નિયમ : ૨૦ (બોલ ખોવાઈ જવો) હેઠળ બોલ ખોવાઈ ગયાની જાહેરાત થાય ત્યારે, રનો સ્કોર થશે.

**(૯) કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય ત્યારે સ્કોર થતા રનો :**

કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય ત્યારે, બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલ પેનલ્ટીના કોઈ પણ રનો યથાવત્ રહેશે. નીચે જણાવ્યા સિવાયના બીજા કોઈ રનો બેટીંગ ટીમના ખાતામાં જમા થશે નહીં.

જો કોઈ બેટ્સમેન –

(અ) હેનડલ્ડ ધ બોલ આઉટ જાહેર થાય તો, બેટીંગ ટીમને ઉલ્લંઘન પૂર્વેના પૂર્ણ થયેલા રનો પણ મળશે.

(બ) ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ આઉટ જાહેર થાય તો, બેટીંગ ટીમને ઉલ્લંઘન પૂર્વેના પૂર્ણ થયેલા રનો પણ મળશે.

તેમ છતાં જો, અવરોધના કારણે કેચ ઝડપી શકાયો ન હોય તો, પેનલ્ટીઓ સિવાયના બીજા કોઈ રનો નોંધાશે નહીં.

(ક) રન આઉટ જાહેર થાય તો, વિકેટ ખંડિત થવા પૂર્વેના પૂર્ણ થયેલા રનો પણ બેટીંગ ટીમને મળશે.

તેમ છતાં, જો, સ્ટ્રાઈકર – કે જે રનર ધરાવે છે– તે પોતે જ રન આઉટ જાહેર થાય તો, પેનલ્ટીઓ સિવાયના બીજા કોઈ રનો નોંધાશે નહીં. જુઓ નિયમ : ૨.૮ (રનર ધરાવતા બેટ્સમેન દ્વારા નિયમોનું ઉલ્લંઘન).

**(૧૦) કોઈ વિકેટ પડવા સિવાય બોલ ડેડ થાય ત્યારે સ્કોર થતા રનો :**

કોઈ વિકેટ પડવા સિવાયના અન્ય કારણે બોલ ડેડ થાય, અથવા કોઈ અમ્પાયર દ્વારા ડેડ–બોલની જાહેરાત થાય ત્યારે–સિવાય કે નિયમોમાં અન્યથા વિશિષ્ટ જોગવાઈ હોય –

(અ) બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલી પેનલ્ટીઓના કોઈ પણ રનો નોંધાશે. તેમ છતાં, નિયમો : ૨૬.૩ (એનાયત ન કરવાની લેગ–બાય)ની તથા ૪૧.૪ (એનાયત ન કરવાના પેનલ્ટી રનો)ની જોગવાઈઓ ધ્યાનમાં લો.

(બ) વધારામાં, બેટીંગ ટીમના ખાતામાં જમા થશે :

(૧) બનાવ (વિકેટ પડવાનો) અથવા જાહેરાત (ડેડ–બોલની) પૂર્વે બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા બધા રનો.

અને (૨) બનાવ (વિકેટ પડવાનો) અથવા જાહેરાત (ડેડ–બોલની) વેળા બંને બેટસમેનો જો એક બીજાને ક્રોસ થઈ જ ચૂકયા હોય તો, દોડીને લેવામાં આવી રહેલો રન. તેમ છતાં, નિયમો : ૩૪.૪ (ક) (નિયમાનુસાર એકથી વધુ વખત ફટકારાયેલા બોલ થકી સ્કોર થતા માન્ય રનો) અને ૪૨.૫(ફ) (ઈરાદાપૂર્વક બેટ્સમેનનું ધ્યાન ભંગ કરવું અથવા અવરોધ પેદા કરવો)ની જોગવાઈઓ વિશેષરૂપે ધ્યાનમાં લો.

**(૧૧) મૂળ છેડે પરત ફરતો બેટ્સમેન :**

**(અ)** જયારે કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય છે ત્યારે, નોટ આઉટ રહેલો બેટ્સમેન નીચેના કિસ્સાઓમાં પોતાના મૂળ છેડે પરત ફરશે –

(૧) નિયમ : ૨.૮ (ક) (રનર ધરાવતા બેટ્સમેન દ્વારા નિયમોનું ઉલ્લંઘન)ના સંજોગોમાં જો સ્ટ્રાઈકર પોતે જ રન આઉટ થાય.

(૨) નીચેના પેટા નિયમ : ૧૨(અ)માં દર્શાવ્યા સિવાયના, બેટ્સમેન આઉટ જાહેર થવાના અન્ય બધા પ્રકારો વેળા.

**(બ)** વિકેટ પડવાના બનાવ સિવાય, નીચે વર્ણવેલા કિસ્સાઓમાં – અને માત્ર આ કિસ્સાઓમાં જ – બંને બેટ્સમેનો પોતપોતાના મૂળ છેડાઓ પર પરત ફરશે.

(૧) બાઉન્ડ્રી ફટકારાઈ હોય.
(૨) કોઈ પણ કારણ માટે રનો નામંજૂર થાય.
(૩) નિયમ : ૪૨.૫ (૭) (ઈરાદાપૂર્વક બેટ્સમેનનું ધ્યાન ભંગ કરવું અથવા અવરોધ પેદા કરવો) હેઠળ, વિકેટ પરના બેટ્સમેનો દ્વારા આ પ્રકારનો નિર્ણય લેવામાં આવે.

**(૧૨) પોતે છોડેલી વિકેટ (છેડા) પર પરત ફરતો બેટ્સમેન :**

**(અ)** કોઈ બેટ્સમેન નીચેના પ્રકારે આઉટ જાહેર થાય –
(૧) કેચ, હેનડલ્ડ ધ બોલ અથવા ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ
(૨) ઉપર્યુકત પેટા નિયમ : ૧૧(અ)માં દર્શાવ્યા સિવાયના પ્રકારે રન આઉટ
.... તો નોટ આઉટ બેટ્સમેન પોતે છોડેલી વિકેટ પર પરત ફરશે, પરંતુ

બેટ્સમેન આઉટ જાહેર થવાના બનાવની પળે જો બંને બેટ્સમેનો (દોડીને રન લેવાના પ્રયાસમાં) એકબીજાને ક્રોસ કરી ન ચૂકયા હોય તો જ.

(બ) ઉપર્યુકત પેટા નિયમ : ૧૧ (બ) ના કિસ્સાઓ સિવાય, કોઈ રન લેવામાં આવી રહ્યો હોય ત્યારે, બેટ્સમેનના આઉટ જાહેર થવાના કારણ સિવાયના અન્ય કોઈ પણ કારણસર બોલ ડેડ બને અથવા કોઈ અમ્પાયર દ્વારા બોલને ડેડ જાહેર કરવામાં આવે તો, બંને બેટ્સમેનો પોત પોતે છોડેલા છેડાની વિકેટ પર પરત ફરશે – પરંતુ બોલ ડેડ થયો હોય ત્યારે બંને બેટ્સમેનો દોડીને રન લેતી વેળા એકબીજાને ક્રોસ કરી ન ચૂકયા હોય તો જ.

## **નિયમ :** ૧૯ બાઉન્ડ્રી (બાઉન્ડ્રી / હદ) :

**(૧) રમતના મેદાનની બાઉન્ડ્રી / હદ :**

(અ) ટોસ પૂર્વે, રમતના મેદાનની બાઉન્ડ્રી બાબતે બંને સુકાનીઓ સાથે અમ્પાયરો સહમતિ સાંધશે. શકય હોય તો બાઉન્ડ્રી તેની પૂર્ણ લંબાઈ સાથે અંકિત થવી જોઈએ.

(બ) બાઉન્ડ્રીની સહમતિ એ રીતે થવી જોઈએ કે જેથી કોઈ સાઈટસ્ક્રીનનો કોઈ પણ ભાગ રમતના મેદાનના અંદરના ભાગમાં ન રહે.

(ક) રમતના મેદાનના અંદરના ભાગના કોઈ વિઘ્ન અથવા વ્યકિતને બાઉન્ડ્રી ગણી ન શકાય – સિવાય કે ટોસ પૂર્વે અમ્પાયરો દ્વારા બાઉન્ડ્રી ગણવાનો નિર્ણય કરવામાં આવ્યો હોય. જુઓ નિયમ : ૩.૪ (૨) (સુકાનીઓ અને સ્કોરરોને જાણ કરવી).

**(૨) બાઉન્ડ્રીની વ્યાખ્યા – બાઉન્ડ્રીનું માર્કીંગ :**

(અ) વ્યવહારુ હોય ત્યાં સફેદ રેખા (લાઈન) અથવા મેદાન પર પથરાયેલા દોરડાના સથવારે બાઉન્ડ્રી અંકિત થવી જોઈએ.

(બ) સફેદ રેખા દ્વારા બાઉન્ડ્રી અંકિત થઈ હોય તો,

(૧) રેખાની આંતરિક ધાર બાઉન્ડ્રીની ધાર ગણાશે.

(૨) મેદાન પર અંકિત રેખાની માત્ર સ્થિતિ સૂચવવા ઉપયોગી ઝંડી, ખંભો અથવા બોર્ડને બાઉન્ડ્રી ધારની બહાર જ મુકવા જોઈએ અને આ બધી ચીજો પોતે મુકરર બાઉન્ડ્રી અથવા અંકિત બાઉન્ડ્રી તરીકે ગણાશે નહીં. તેમ છતાં, નીચેના પેટા નિયમ : (ક) ની જોગવાઈઓ ધ્યાનમાં લો.

(ક) બાઉન્ડ્રી અંકિત કરવા કોઈ નકકર વસ્તુનો ઉપયોગ થાય તો, બાઉન્ડ્રી ધાર સ્થાપિત કરવા તેને ધાર અથવા લાઈન હોવી જ જોઈએ.

(૧) દોરડા માટે, કે જેમાં તેના સમાન પ્રતિવળાંકવાળી મેદાન પર પથરાયેલી કોઈ પણ વસ્તુ સમાવિષ્ટ છે, તેના (દોરડાના) છેક આંતરિક ભાગની સાથોસાથ તેની લંબાઈ દ્વારા સર્જાયેલી રેખા (લાઈન), બાઉન્ડ્રી ધાર ગણાશે.

(૨) વાડ માટે, કે જેમાં મેદાન સાથેના સંપર્કની, પરંતુ મેદાનથી ઉપર સમતલ સપાટી ધરાવતી કોઈ પણ સમાન વસ્તુ સમાવિષ્ટ છે તેના માટે – વાડની પાયા (તળિયા)ની રેખા બાઉન્ડ્રીની ધાર ગણાશે.

(ડ) ઉપર્યુકત પેટા નિયમો (બ) અથવા (ક)માં વર્ણવ્યા પ્રમાણે બાઉન્ડ્રી ધાર ન હોય તો, અમ્પાયરો અને સુકાનીઓએ બાઉન્ડ્રીની ધાર કઈ રેખા (લાઈન) ગણાશે તેની સહમતિ ટોસ પૂર્વે જ કરી લેવી જોઈએ. જયારે બાઉન્ડ્રીના કોઈ ભાગ માટે ભૌતિક અંકન ન હોય ત્યારે, બાઉન્ડ્રી ધારના બે નજીકના અંકિત પોઈન્ટોને જોડતી મેદાન પરની કાલ્પનિક સીધી રેખા (લાઈન) બાઉન્ડ્રી ધાર ગણાશે.

(ઈ) બાઉન્ડ્રી અંકિત કરવા ઉપયોગમાં લીધેલ નકકર વસ્તુ રમત દરમ્યાન કોઈ પણ કારણસર ખસી જાય તો, બોલ ડેડ થતાં વેંત જ, શકય હોય તો તેને ફરી વાર તેના મૂળ સ્થાને મૂકવામાં આવશે. જો આવું કરવું શકય ન હોય તો –

(૧) વાડ અથવા અન્ય ચિહ્નનો કોઈ ભાગ રમતના મેદાનના અંદરના ભાગમાં આવી ગયો હોય તો, બોલ ડેડ થતાં વેંત જ તે ભાગને રમતના મેદાનમાંથી હટાવી દેવો પડે.

(૨) જે મૂળ સ્થાને વાડ અથવા ચિહ્ન હોય, તેના પાયાની લાઈન બાઉન્ડ્રીની ધાર ગણાશે.

**(૩) બાઉન્ડ્રી સ્કોર થવી :**

(અ) બોલરના છેડાના અમ્પાયર દ્વારા બાઉન્ડ્રી સ્કોર થયાનો સિગ્નલ કરવામાં આવશે કે જયારે બોલ રમતમાં હોય અને તેના મતાનુસાર :

(૧) બોલ બાઉન્ડ્રીને અડે અથવા બોલ બાઉન્ડ્રી બહારની જમીનને અડે.

(૨) બોલ સાથે પોતાના શરીરના કોઈ ભાગનો સંપર્ક ધરાવતો ફિલ્ડર, બાઉન્ડ્રીને અડે અથવા તેના શરીરનો કોઈ ભાગ બાઉન્ડ્રી બહારની જમીનને અડે.

(બ) 'બાઉન્ડ્રીને સ્પર્શ કરવો' અને 'બાઉન્ડ્રીને સ્પર્શ થવો' જેવા પદોનો અર્થ થાય કે......

કયાં તો......(૧) ઉપર્યુકત પેટા નિયમ : (૨)માં મુકરર થયા મુજબની બાઉન્ડ્રી ધાર હોય.......

અથવા...... (૨) ટોસ પૂર્વે અમ્પાયરો દ્વારા, રમતના મેદાનની અંદરના ભાગમાં રહેલ કોઈ વ્યકિત કે વિઘ્નને બાઉન્ડ્રી ગણવાનો નિર્ણય થયો હોય...

**............... તેની સાથે સંપર્ક.**

(ક) ''બાઉન્ડ્રી બહારની જમીનને અડવું'' પદનો અર્થ થાય કે....

કયાં તો......(૧) બાઉન્ડ્રી અંકિત કરતી કોઈ રેખા અથવા કોઈ નક્કર પદાર્થનો કોઈ પણ ભાગ, સિવાય કે તેની બાઉન્ડ્રી ધાર......

અથવા.......(૨) બાઉન્ડ્રી ધાર બહારની જમીન.....

અથવા.......(૩) બાઉન્ડ્રી ધાર બહારની જમીનને અડેલ કોઈ નકકર વસ્તુ....

..............સાથે સંપર્ક.

**(૪) બાઉન્ડ્રી પાર કરતો બોલ :**

નિયમ : ૩૨ ની જોગવાઈઓને આધિન, કેચ રૂપે બોલ પકડી શકાય અથવા બોલ બાઉન્ડ્રીને પાર કરે તે પછી ફિલ્ડ કરી શકાય, એ શરતે કે –

(૧) ફિલ્ડર દ્વારા બોલ સાથે પ્રથમ સંપર્ક થયો ત્યારે કયાં તો તેના શરીરનો અમુક ભાગ બાઉન્ડ્રીની અંદરની જમીનને અડયો હોય અથવા બોલને સ્પર્શ કરવા પૂર્વે જેનો (અર્થાત્ ફિલ્ડરનો) મેદાન સાથેનો અંતિમ સંપર્ક બાઉન્ડ્રીના અંદરના ભાગ સાથે હતો.

(૨) કેચ ઝડપવાની ક્રિયા દરમ્યાન અથવા બોલની ફિલ્ડીંગ કરવા દરમ્યાન, કોઈ પણ સમયે ન તો બોલ કે ન તો બોલ સાથે સંપર્ક ધરાવતો કોઈ પણ ફિલ્ડર બાઉન્ડ્રીને સ્પર્શે અથવા બાઉન્ડ્રી બહારની જમીનને સ્પર્શયો હોય. જયારે બોલ, કોઈ ફિલ્ડરના શરીરના કોઈ ભાગ જોડે પ્રથમ વાર સંપર્કમાં આવે ત્યારે તે સમયથી કેચ ઝડપવાની ક્રિયા અથવા બોલ ફિલ્ડ કરવાની ક્રિયા શરૂ થશે અને જયારે કોઈ ફિલ્ડર બોલ અને તેની પોતાની ગતિવિધિ – આ બંને પર પૂર્ણરૂપે નિયંત્રણ પ્રાપ્ત કરે તથા તેના શરીરનો કોઈ પણ ભાગ બાઉન્ડ્રીને સ્પર્શતો ન હોય અથવા બાઉન્ડ્રી બહારના ભાગને સ્પર્શતો ન હોય ત્યારે, કેચ ઝડપવાની ક્રિયા પૂર્ણ થશે.

**(૫) બાઉન્ડ્રી માટેના માન્ય રનો :**

**(અ)** ટોસ પૂર્વે અમ્પાયરો બાઉન્ડ્રીઓ માટેના માન્ય રનોની સહમતિ બંને સુકાનીઓ સાથે કરશે. આ વળતરોના નિર્ણય વેળા, અમ્પાયરો તથા સુકાનીઓ માટે મેદાનની પ્રચલિત પ્રણાલિકા માર્ગદર્શક બની શકે.

**(બ)** બેટ વડે ફટકારાયેલા બોલની પીચ બાઉન્ડ્રીની બહાર પડે તો બાઉન્ડ્રી વળતરના ૬ (છ) રનો મળશે, પરંતુ અન્યથા ૪ (ચાર) રનો મળશે – સિવાય કે ઉપર્યુકત પેટા નિયમ : (૫) (અ) હેઠળ જુદી સહમતિ થઈ હોય. બોલ કોઈ ફિલ્ડરને અગાઉ અડયો હોય તો પણ આ વળતરો અમલી બનશે. નીચેનો પેટા નિયમ : (૫) (ક) પણ જુઓ.

**(ક)** બોલની પીચ બાઉન્ડ્રી બહાર પડેલી ગણાશે અને ૬ (છ) રનો ગણવામાં આવશે – જો કોઈ ફિલ્ડર –

(૧) બોલનો કેચ ઝડપે ત્યારે તેના શરીરનો કોઈ પણ ભાગ બાઉન્ડ્રીને સ્પર્શે અથવા બાઉન્ડ્રી બહારના ભાગને અડે.

(૨) બોલનો કેચ ઝડપે અને ત્યારબાદ બાઉન્ડ્રીને સ્પર્શે અથવા બોલ હાથમાં હોય તે વેળા, પરંતુ કેચ પૂર્ણ કરવા અગાઉ તેના શરીરનો કોઈ ભાગ બાઉન્ડ્રી બહારના ભાગને અડે. જુઓ નિયમ : ૩૨ (કેચ).

**(૬) સ્કોર થયેલા રનો :**

બાઉન્ડ્રી સ્કોર થાય ત્યારે....

**(અ)** બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલા પેનલ્ટીઓ માટેના કોઈ પણ રનો સ્કોર થશે અર્થાત નોંધાશે.

**(બ)** બેટીંગ ટીમને, નીચેના પેટા નિયમ : (૭) ના સંજોગો સિવાય, જે પણ વધુ હોય તે વધારા રૂપે એનાયત થશે :

(૧) બાઉન્ડ્રી માટેનું વળતર.

(૨) બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનોની સાથોસાથ, બાઉન્ડ્રી સ્કોર થવાની પળે, જો તેઓ એકબીજાને ક્રોસ થઈ ચૂકયા જ હોય તો, દોડીને લેવામાં આવી રહેલા રન સહિતના રનો.

(ક) ઉપર્યુકત પેટા નિયમ : (૬) (બ) (૨) મુજબના રનો જો બાઉન્ડ્રીના વળતરથી વધુ હોય તો, નિયમ : ૧૮.૧૨ (પોતે છોડેલી વિકેટ પર પરત ફરતો બેટ્સમેન) ના હેતુઓ જાળવવા માટે, આ રનો બાઉન્ડ્રીના સ્થાને નોંધવામાં આવશે.

(૭) **ઓવર થ્રો અથવા ફિલ્ડર દ્વારા જાણીજોઈને થયેલું કૃત્ય :**
કયાં તો ઓવર–થ્રો અથવા ફિલ્ડર દ્વારા જાણીજોઈને થયેલ કૃત્યના પરિણામે બાઉન્ડ્રી પરિણમે તો, આ પ્રમાણે રનો નોંધાશે :

... (૧) બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલા પેનલ્ટીઓ માટેના કોઈ પણ રનો

અને ... (૨) બાઉન્ડ્રી માટેનું વળતર

અને ... (૩) બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનોની સાથોસાથ થ્રો અથવા કૃત્ય થવાની પળે, જો તેઓ એકબીજાને ક્રોસ થઈ ચૂકયા જ હોય તો દોડીને લેવામાં આવી રહેલા રન સહિતના રનો.

થ્રો અથવા કૃત્યની પળથી જ નિયમ : ૧૮ (૧૨) (બ) (પોતે છોડેલી વિકેટ પર પરત ફરતો બેટ્સમેન) લાગુ પડશે.

## નિયમ : ૨૦ લોસ્ટ બોલ (બોલ ખોવાઈ જવો) :

(૧) **ફિલ્ડર દ્વારા બોલ ખોવાયાની જાહેરાત :**
રમતમાં રહેલો બોલ શોધી શકાતો ન હોય અથવા પુનઃ પ્રાપ્ત થઈ શકતો ન હોય તો, કોઈ પણ ફિલ્ડર બોલ ખોવાયાની જાહેરાત કરી શકે છે. ત્યાર પછી બોલ ડેડ બની જશે. જુઓ નિયમ : ૨૩.૧ (બોલ ડેડ ગણાશે). જાહેરાતની પળથી જ નિયમ : ૧૮.૧૨ (બ) (પોતે છોડેલી વિકેટ પર પરત ફરતો બેટ્સમેન) લાગુ પડશે.

(૨) **બોલ પ્રતિસ્થાપિત કરવો :**
અમ્પાયરો બોલને એવા બોલ વડે પ્રતિસ્થાપિત કરશે કે જેનો ઘસારો, પૂર્વવર્તી બોલ સમાન જ, તેના ખોવાઈ જવા અથવા અપ્રાપ્ય બનવા પૂર્વે, હોય. જુઓ નિયમ : ૫.૫ (ખોવાયેલો અથવા રમત માટે અયોગ્ય બનેલો બોલ).

(૩) **સ્કોર થયેલા રનો :**

(અ) બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલા પેનલ્ટી માટેના કોઈ પણ રનો સ્કોર થશે અર્થાત્ નોંધાશે.

(બ) બેટીંગ ટીમને વધારામાં....
કયાં તો.... (૧) બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનોની સાથોસાથ, લોસ્ટ બોલની જાહેરાતની પળે, જો તેઓ એકબીજાને ક્રોસ થઈ ચૂકયા જ હોય તો દોડીને લેવામાં આવી રહેલો રન.
અથવા..... (૨) ૬ (છ) રનો
........જે વધુ હશે તે એનાયત થશે.

જો બોલને બેટ વડે ફટકારવામાં આવ્યો હોય તો, આ રનો સ્ટ્રાઈકરના ખાતામાં જમા થશે – પરંતુ અન્યથા બાય, લેગ–બાય, નો–બોલ અથવા વાઈડ–બોલના સરવાળામાં, જે કિસ્સો હશે તે પ્રમાણે જમા થશે.

## નિયમ : ૨૧ ધ રિઝલ્ટ (પરિણામ) :

(૧) **વિજય – બે દાવોની મેચ :**
વિપક્ષી ટીમના બે પૂર્ણ થયેલા દાવોમાં બનેલા કુલ રનો કરતાં વધુ રનો જે ટીમ બનાવે તે ટીમ મેચ જીતેલી ગણાશે. જુઓ નિયમ : ૧૨.૩ (પૂર્ણ થયેલો દાવ). નીચેનો પેટા નિયમ : (૬) પણ ધ્યાનમાં લો.

(૨) **વિજય – એક દાવની મેચ :**
વિપક્ષી ટીમે પોતાના એક પૂર્ણ દાવમાં સ્કોર કરેલા રનો કરતા વધુ કુલ રનો જે ટીમ પોતાના એક દાવમાં સ્કોર કરે તે ટીમ મેચ જીતેલી ગણાશે. જુઓ નિયમ : ૧૨.૩ (પૂર્ણ થયેલો દાવ). નીચેનો પેટા નિયમ : (૬) પણ ધ્યાનમાં લો.

(૩) **મેચ એનાયત કરતા અમ્પાયરો :**
નિયમ : ૧૨.૧ (બ) (દાવોની સંખ્યા) હેઠળ કોઈ સહમતિ થઈ હોવા છતાં,

**(અ)** એક ટીમ દ્વારા મેચ હારેલી ગણાશે કે જે......
કયાં તો..... (૧) પરાજય સ્વીકારી લે છે.
અથવા ..... (૨) અમ્પાયરોના મતાનુસાર રમવાનો ઈનકાર કરે છે.
..... અને અમ્પાયરો અન્ય (વિપક્ષી) ટીમને મેચ એનાયત કરશે.

**(બ)** કોઈ પણ ખેલાડી અથવા ખેલાડીઓના કૃત્યના કારણે, બેમાંથી કોઈ એક ટીમ દ્વારા રમવાનો ઈનકાર કરવાનું સ્થાપિત થવાની માન્યતા, જો કોઈ એક અમ્પાયર ધરાવતો હોય તો, બંને અમ્પાયરો ભેગા મળીને આવા કૃત્યના કારણની ખાતરી કરશે. જો તેઓ (અર્થાત્ બંને અમ્પાયરો) ત્યાર બાદ ભેગા મળીને નકકી કરે કે આ કૃત્ય એક ટીમ દ્વારા રમત રમવાનો ઈનકાર સ્થાપિત કરે છે તો, તેઓ તે ટીમના સુકાનીને આ અંગેની જાણ કરશે. જો તે ટીમનો સુકાની કૃત્યને દ્રઢતાપૂર્વક વળગી રહે તો, અમ્પાયરો ઉપર્યુકત પેટા નિયમ : (૩) (અ) ને અંતર્ગત મેચ એનાયત કરશે.

**(ક)** રમત શરૂ થયા પછી, ઉપર્યુકત પેટા નિયમ : (બ) પ્રમાણેની કાર્યવાહી થાય અને રમવાનો ઈનકાર સ્થાપિત ન થાય તો –

(૧) નિયમ : ૧૫.૫ (ઈન્ટરવલ માટેનો સહમત સમય બદલવો)ને આધિન, કાર્યવાહીની શરૂઆતથી માંડીને રમતનો પુનઃ પ્રારંભ થાય ત્યાં સુધીનો સમયગાળો રમતનો બગડેલો સમય ગણાશે.

(૨) નિયમ : ૩.૯ (જોખમકારક અને ગેરવાજબી પરિસ્થિતિઓમાં રમતની મોકૂફી)ને આધિન, તે દિવસે રમત બંધ કરવાનો સમય એટલો જ (અર્થાત્ બગડેલા સમય જેટલો) લંબાવવામાં આવશે.

(૩) જો લાગુ પડે તો, માત્ર આ સમયના કારણે, મેચના છેલ્લા કલાક દરમ્યાન નાંખવાની ઓવરોમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહીં.

(૪) **એવી મેચો કે જેમાં નિયમ : ૧૨.૧ (બ) હેઠળ સહમતિ થઈ હોય :**
કોઈ પણ મેચ, જેમાં નિયમ : ૧૨.૧ (બ) (દાવોની સંખ્યા) હેઠળ સહમતિ થઈ હોય, એવી મેચમાં ઉપર્યુકત પેટા નિયમ : (૧), (૨) અથવા (૩) માં નિર્દિષ્ટ કર્યા મુજબ કોઈ પણ પ્રકારે જો પરિ૭ણામ નકકી ન થઈ શકતું હોય તો, સહમતિમાં નકકી થયા પ્રમાણે પરિણામ નકકી થશે.

**(૫) બધી અન્ય મેચો – ટાઈ અથવા ડ્રો :**

**(અ) ટાઈ :**

મેચની સમાપ્તિ વેળા જયારે બંને ટીમોનો સ્કોર સરખો હોય તો, મેચનું પરિણામ 'ટાઈ' ગણાશે – પરંતુ છેલ્લી બેટીંગ કરનારી ટીમે પોતાનો દાવ પૂર્ણ કર્યો હોય તો જ.

**(બ) ડ્રો (અનિર્ણિત) :**

ઉપર્યુકત પેટા નિયમો : ૫ (અ) અથવા ઉપર્યુકત (૧), (૨) અથવા (૩) માં દર્શાવેલ કોઈ પણ પ્રકારો મુજબ નિર્ણાયક બન્યા વિના, જો કોઈ મેચ નિયમ : ૧૬.૯ (મેચની સમાપ્તિ) મુજબ પૂર્ણ થઈ હોય તો, તે ડ્રો તરીકે ગણાશે.

**(૬) વિજયી ફટકો અથવા વધારાના (એક્ષટ્રા) રનો :**

(અ) ઉપર્યુકત પેટા નિયમો : (૧), (૨), (૩), (૪) અથવા (૫) (અ) માં દર્શાવ્યા મુજબ પરિણામ આવતા વેંત જ, મેચનો અંત આવશે. આ બાદ જે કંઈ પણ બને તે તેનો ભાગ ગણાશે નહીં – સિવાય કે નિયમ : ૪૨.૧૭ (બ) (પેનલ્ટી રનો) મુજબ હોય.

નીચેનો પેટા નિયમ : (૯) પણ ધ્યાનમાં લો.

(બ) કેચ પૂર્ણરૂપે ઝડપવામાં આવે અથવા કોઈ પણ કેચ ઝડપવામાં પેદા થયેલો અવરોધ – કે જે કેચ ઝડપવાને કારણે સ્ટ્રાઈકર આઉટ થઈ શકયો હોત – તે પૂર્વે બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા કોઈ પણ રનોને ઉમેર્યા વિના જો છેલ્લી બેટીંગ કરનાર ટીમનો કુલ સ્કોર વિજય મેળવવા પૂરતો હશે તો જ તે (છેલ્લી બેટીંગ કરનાર) ટીમે વિજય માટેના જરૂરી રનો બનાવેલા ગણાશે.

(ક) મેચ જીતવા માટેના જરૂરી રન પિચ પરના બંને બેટ્સમેનો દોડીને પૂર્ણ કરે તે પૂર્વે બાઉન્ડ્રી સ્કોર થાય તો, બાઉન્ડ્રીનું પૂરું વળતર બેટીંગ ટીમના કુલ સ્કોરમાં ઉમેરવામાં આવશે અને બટ, વડે બોલને ફટકારવાની સ્થિતિમાં, આ બાઉન્ડ્રી સ્ટ્રાઈકરના સ્કોરમાં ઉમેરવામાં આવશે.

**(૭) પરિણામનો અહેવાલ :**

છેલ્લી બેટીંગ કરનારી ટીમ પોતાની બધી વિકેટો ગુમાવ્યા વિના મેચ જીતે તો, ત્યાર પછી પડવાની બાકી રહેલી વિકેટોની સંખ્યાથી વિજય પરિણામ દર્શાવાશે.

વિપક્ષી ટીમ દ્વારા બનાવાયેલા કુલ સ્કોર કરતા વધુ રનોનો કુલ સ્કોર બનાવ્યા વિના જો, છેલ્લી બેટીંગ કરનારી ટીમે પોતાની બધી જ વિકેટો ગુમાવી દીધી હોય પરંતુ, એનાયત થયેલ પાંચ પેનલ્ટી રનોના પરિણામે, જો તેઓના કુલ રનોનો સ્કોર વિજય માટેના જરૂરી રનો પૂરતો થાય તો, છેલ્લી બેટીંગ કરનાર ટીમ પેનલ્ટી રનો દ્વારા જીતી છે એમ પરિણામમાં દર્શાવાશે.

છેલ્લી ફિલ્ડીંગ ભરનારી ટીમ મેચ જીતે તો, તેઓએ રનોથી વિજય મેળવ્યો છે એમ પરિણામ દર્શાવાશે.

કોઈ એક ટીમ દ્વારા પરાજય સ્વીકારી લેવાથી અથવા રમવાનો ઈનકાર કરવાથી મેચનો નિર્ણય થાય તો, મેચ કનસીડેડ (પરાજય સ્વીકારવો) અથવા મેચ એવોર્ડેડ (એનાયત કરવી) – જે કિસ્સો હશે તે પ્રમાણે પરિણામમાં દર્શાવાશે.

## (૮) ભૂલચૂક વિનાનું પરિણામ :

ભૂલચૂક વિનાના સ્કોર સંબંધી કોઈ પણ નિર્ણયની જવાબદારી મેદાનના બંને અમ્પાયરોની રહેશે. જુઓ નિયમ : ૩.૧૫ (ભૂલચૂક વિનાનો સ્કોર).

## (૯) સ્કોરીંગમાં ભૂલ :

મેચ પૂર્ણ થઈ ચૂકી છે એવી માન્યતા સાથે અમ્પાયરો તથા ખેલાડીઓએ મેદાન છોડયા પછી અમ્પાયરો શોધી કાઢે કે સ્કોરીંગમાં કોઈ ભૂલ થઈ છે – કે જે મેચના પરિણામને અસર કરતી હોય તો, નીચેના પેટા નિયમ : (૧૦) ને આધિન રહી અમ્પાયરો નીચે મુજબની પ્રક્રિયા અપનાવશે :

(અ) ખેલાડીઓએ જયારે મેદાન છોડયું ત્યારે, છેલ્લી બેટીંગ કરનારી ટીમે જો પોતાનો દાવ પૂર્ણ કર્યો ન હોય, અને –

કયાં તો..... (૧) છેલ્લા કલાકમાં અથવા તે દાવમાં નાંખવાની ઓવરોની સંખ્યા પૂર્ણ થઈ ચૂકી ન હોય.

અથવા ..... (૨) રમત બંધ કરવા માટેનો સહમત સમય અથવા દાવ સમાપ્તિ માટેનો સહમત સમય થઈ ચૂકયો ન હોય,

....... તો અમ્પાયરો રમત પુનઃ શરૂ કરવા આદેશ આપશે–

....... સિવાય કે એક ટીમ પરાજય સ્વીકારી લે.

મેચનું પરિણામ વહેલું આવી જાય એ સિવાય, પરિસ્થિતિઓ અનુકૂળ હોય તો, મુકરર કરેલ ઓવરોની સંખ્યા પૂર્ણ થાય ત્યાં સુધી અને કયાં તો રમત સમાપ્તિનો સમય થઈ જાય અથવા દાવ માટે ફાળવવામાં આવેલો સમય પૂર્ણ થઈ જાય – જે ઉચિત હોય – ત્યાં સુધી, પછી રમત ચાલુ રહેશે. મેચની અનુમાનિત સમાપ્તિ માટેના 'ટાઈમ'ની જાહેરાત થઈ તે વેળા નાંખવાની બાકી રહેલી ઓવરો અને બાકી રહેલો સમય જે હોય તે જ લેવા પડે. તે (રમત અટકાવવાની) પળ અને રમત ફરી શરૂ થઈ તે પળ વચ્ચેના સમયની ગણતરી ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(બ) 'ટાઈમ'ની આ (અનુમાનિત) જાહેરાત વેળા, જો ઓવરો પૂરી થઈ ચૂકી હોય (અર્થાત્ છેલ્લા કલાકમાં નાંખવાની મુકરર કરેલ બધી ઓવરો નંખાઈ ચૂકી હોય) અથવા છેલ્લી બેટીંગ કરનારી ટીમે પોતાનો દાવ જો પૂર્ણ કર્યો હોય તો, અમ્પાયરો સ્કોર્સમા અને પરિણામમાં કરેલા જરૂરી સુધારાઓ અંગે બંને સુકાનીઓને તાત્કાલિક જણાવશે.

## (૧૦) બદલી ન શકાતું પરિણામ :

મેચ પૂર્ણ થયે અમ્પાયરો ભૂલચૂક વિનાના સ્કોર સંદર્ભે સ્કોરરો સાથે એક વખત સહમત થઈ જાય તો, ત્યાર બાદ મેચનું પરિણામ બદલી શકાશે નહીં. જુઓ નિયમો : ૩.૧૫ (ભૂલચૂક વિનાનો સ્કોર) અને ૪.૨ (ભૂલચૂક વિનાનો સ્કોર).

## નિયમ : ૨૨ ધી ઓવર (ઓવર) :

**(૧) બોલની સંખ્યા :**

૬ બોલની ઓવર રૂપે પ્રત્યેક વિકેટ (છેડે) થી વારાફરતી બોલ નાંખવામાં આવશે.

**(૨) ઓવરની શરૂઆત :**

જયારે બોલર પોતાનું રન–અપ શરૂ કરે અથવા જો તે રન–અપ ધરાવતો ન હોય તો, તે ઓવરનો પ્રથમ બોલ નાંખવા માટેની એકશન શરૂ કરે, ત્યારે એક ઓવરની શરૂઆત થયેલી ગણાશે.

**(૩) બોલની માન્યતા :**

(અ) કોઈ બોલ ડીલીવર ન થાય ત્યાં સુધી તે ૬ બોલવાળી ઓવરના એક બોલ તરીકે ગણાશે નહીં – તેમ છતાં, નિયમ : ૪૨.૧૫ (ડીલીવરી પૂર્વે નોન–સ્ટ્રાઈકરને રન આઉટ કરવાનો પ્રયાસ કરતો બોલર)માં દર્શાવ્યા મુજબ, બોલ ડીલીવર થયા વિના, કોઈ બેટ્સમેન આઉટ જાહેર થઈ પણ શકે અથવા કોઈ અન્ય બનાવ ઉદ્ભવી શકે.

(બ) બોલર દ્વારા ડીલીવર થયેલો (નંખાયેલો) કોઈ બોલ ઓવરના ૬ બોલમાંના એક તરીકે ગણાશે નહીં

(૧) જો સ્ટ્રાઈકરને તે બોલ રમવાની તક સાંપડે તે પૂર્વે બોલને ડેડ જાહેર કરવામાં આવે અથવા બોલને ડેડ માનવામાં આવે – જુઓ નિયમ : ૨૩.૬ (ડેડ–બોલ, ઓવરના એક બોલ તરીકે ગણાતો બોલ).

(૨) જો નિયમ : ૨૩.૪ (બ) (૬) (ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરતો અમ્પાયર)ના સંજોગોમાં તે બોલને ડેડ–બોલ જાહેર કરવામાં આવે. નિયમ : ૨૩.૪ (બ) (૪)ની વિશિષ્ટ જોગવાઈઓ પણ ધ્યાનમાં લો.

(૩) જો તે એક નો–બોલ હોય. જુઓ નિયમ : ૨૪ (નો–બોલ).

(૪) જો તે એક વાઈડ–બોલ હોય. જુઓ નિયમ : ૨૫ (વાઈડ–બોલ).

(૫) નિયમો : ૨.૬ (પરવાનગી વિના રમતના મેદાનમાં પરત ફરતો ખેલાડી), ૪૧.૨ (બોલ ફિલ્ડ કરવો), ૪૨.૪ (સ્ટ્રાઈકરનું ધ્યાન ભંગ કરવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ), અથવા ૪૨.૫ (ઈરાદાપૂર્વક બેટ્સમેનનું ધ્યાન ભંગ કરવું અથવા અવરોધ પેદા કરવો)માંના કોઈ પણ નિયમ હેઠળ જયારે બેટીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરવામાં આવે.

(ક) ઉપર્યુકત વિભાગો : (અ) અને (બ)ની સૂચિમાં જણાવ્યા સિવાયની અન્ય ડીલીવરીઓ માન્ય બોલ તરીકે ઓળખાશે (ગણાશે).
**માત્ર માન્ય બોલ જ ઓવરના ૬ બોલના ભાગરૂપે ગણાશે.**

**(૪) ઓવરની જાહેરાત :**

જયારે માન્ય ૬ બોલ નંખાઈ જાય અને જયારે બોલ ડેડ બને ત્યારે, વિકેટ છોડવા પૂર્વે અમ્પાયર ઓવરની જાહેરાત કરશે. નિયમ : ૨૩.૩ (ઓવર અથવા ટાઈમની જાહેરાત) પણ જુઓ.

(૫) **બોલની ગણતરીમાં અમ્પાયરની ભૂલ :**

(અ) માન્ય બોલની સંખ્યાની ગણતરીમાં અમ્પાયર ભૂલ કરે તો, અમ્પાયર દ્વારા ગણાયેલી ઓવર જ માન્ય ગણાશે.

(બ) માન્ય ૬ બોલ નંખાઈ ગયા પછી, ખોટી ગણતરીના કારણે અમ્પાયર જો ઓવર ચાલુ રાખવાની મંજૂરી આપે તો, ત્યાર બાદ કોઈ પણ ડીલીવરી પછી, બોલ ડેડ બને ત્યારે તે ઓવરની જાહેરાત કરી શકે છે–પછી ભલે તે ડીલીવરી માન્ય બોલ ન હોય તો પણ. દા.ત. સાતમો બોલ નાખવામાં આવે છે કે જે નો–બોલ છે અને નો–બોલ જાહેર કર્યા પછી બોલરના છેડાના અમ્પાયરને જાણ થાય છે કે બોલની ગણતરીમાં ભૂલ થવાને કારણે સાતમો બોલ નાંખવાની મંજૂરી અપાઈ હતી, તો તે અમ્પાયર તાત્કાલિક ઓવરની જાહેરાત કરશે.

(૬) **છેડાઓ બદલતો બોલર :**

ઈચ્છે તેટલી વખત છેડાઓ બદલવાની બોલરને પરવાનગી મળશે–એ શરતે કે તે જ દાવમાં તે બોલર લગાતાર બે ઓવરો અથવા બે ભાગોવાળી પ્રત્યેક એવી બે લગાતાર ઓવરો, તે નાંખવો ન જોઈએ.

(૭) **ઓવર પૂર્ણ કરવી :**

(અ) એક દાવ પૂર્ણ થતો હોય તે સિવાય, જે તે બોલર નંખાઈ રહેલી ઓવર પૂર્ણ કરશે – સિવાય કે તે અસમર્થ બને અથવા કોઈ પણ નિયમો હેઠળ તે સસ્પેન્ડ થાય.

(બ) એક દાવ પૂર્ણ થતો હોય તે સિવાયના કોઈ પણ કારણે, ઈન્ટરવલ અથવા રમતમાં વિઘ્નની શરૂઆતે, કોઈ ઓવર અપૂર્ણ રહી હોય તો, રમત પુનઃ શરૂ થાય ત્યારે તે ઓવર પૂર્ણ કરવામાં આવશે.

(૮) **ઓવર દરમ્યાન અસમર્થ બનેલો અથવા સસ્પેન્ડ થયેલો બોલર :**

એક ઓવરનો પ્રથમ બોલ નાંખવા દોડતી વેળા કોઈ બોલર, જો કોઈ પણ કારણસર અસમર્થ બને, અથવા ઓવર દરમ્યાન અસમર્થ બને અથવા સસ્પેન્ડ થાય તો, અમ્પાયર ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે. આ ઓવર તે જ છેડેથી અન્ય બોલર પૂર્ણ કરશે–એ શરતે કે તે જ દાવમાં તે બોલર (અર્થાત્ આ બીજો બોલર) લગાતાર બે ઓવરો નાંખવો ન જોઈએ કે ન તો બે ભાગોવાળી પ્રત્યેક એવી બે લગાતાર ઓવરો ન નાંખવો જોઈએ.

## **નિયમ : ૨૩** ડેડ–બોલ (બોલ રમતમાં નહીં) :

(૧) **બોલ ડેડ ગણાશે :**

(અ) બોલ ડેડ બને છે કે જયારે :

(૧) વિકેટકીપર અથવા બોલરના હાથમાં તે અંતિમરૂપે સ્થગિત થઈ જાય.

(૨) બાઉન્ડ્રી સ્કોર થાય – જુઓ નિયમ : ૧૯.૩ (બાઉન્ડ્રી સ્કોર થવી).

(૩) કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય. તેના આઉટ જાહેર થવાના બનાવના કારણની પળથી જ બોલને ડેડ માનવામાં આવશે.

(૪) રમવામાં આવ્યો હોય કે ન હોય, તે બેટ અને બેટ્સમેનના શરીર વચ્ચે અથવા તેના પહેરવેશ અથવા ઉપકરણ (સાધન–સામગ્રી) વચ્ચે જકડાઈ જાય.

(૫) રમવામાં આવ્યો હોય કે ન હોય, તે બેટ્સમેનના પહેરવેશમાં કે ઉપકરણમાં અથવા અમ્પાયરના પહેરવેશમાં ફસાઈ જાય.

(૬) કોઈ ફિલ્ડર દ્વારા પહેરવામાં આવેલી રક્ષણાત્મક હેલમેટમાં તે ફસાઈ જાય.

(૭) કયાં તો બેમાંથી કોઈ પણ નિયમો : ૨.૬ (પરવાનગી વિના રમતના મેદાનમાં પરત ફરતો ખેલાડી) અથવા ૪૧.૨ (બોલ ફિલ્ડ કરવો) હેઠળ પેનલટી રનો એનાયત થાય.

**આ બોલ ઓવરના એક બોલ તરીકે ગણાશે નહીં.**

(૮) નિયમ : ૪૧.૩ (ફિલ્ડીંગ ટીમને લગતી રક્ષણાત્મક હેલમેટો)નું ઉલ્લંઘન થાય.

(૯) બોલ ખોવાયાની જાહેરાત થાય. જુઓ નિયમ : ૨૦ (બોલ ખોવાઈ જવો).

**(બ)** બોલરના છેડાના અમ્પાયરને એવું સ્પષ્ટ થાય કે ફિલ્ડીંગ ટીમ તથા વિકેટ (પિચ) પરના બંને બેટ્સમેનો બોલને રમતમાં હોય એમ માનતા નથી ત્યારે બોલને ડેડ માનવામાં આવશે.

**(૨) અંતિમરૂપે સ્થગિત થતો બોલ :**

બોલ અંતિમરૂપે સ્થગિત થયો છે કે નહીં તે અંગે અમ્પાયર જ એકમાત્ર નિર્ણયકર્તા છે.

**(૩) ઓવર અથવા ટાઈમની જાહેરાત :**

કયાં તો ઉપર્યુકત પેટા નિયમ : (૧) હેઠળ અથવા નીચેના પેટા નિયમ : (૪) હેઠળ, બોલ ડેડ ન થાય ત્યાં સુધી, ન તો ઓવરની જાહેરાત (જુઓ નિયમ : ૨૨.૪) કે ન તો ટાઈમની જાહેરાત (જુઓ નિયમ : ૧૬.૨) કરી શકાય.

**(૪) ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરતો અમ્પાયર :**

**(અ)** ઉપર્યુકત પેટા નિયમ : (૧) હેઠળ બોલ ડેડ થાય ત્યારે, ખેલાડીઓને જાણ કરવી જરૂરી લાગે તો, બોલરના છેડાનો અમ્પાયર ડેડ–બોલની જાહેરાત કરી શકે છે.

**(બ)** બેમાંથી કોઈ પણ અમ્પાયર ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે કે જયારે –

(૧) ગેરવાજબી રમતના કિસ્સામાં તે વચ્ચે પડવા (હસ્તક્ષેપ કરવા) માંગતો હોય.

(૨) કોઈ ખેલાડી અથવા અમ્પાયરને ગંભીર ઈજા પહોંચે.

(૩) સલાહ–મસલત માટે તે પોતાની સર્વ સામાન્ય જગ્યા છોડે.

(૪) સ્ટ્રાઈકરને બોલ રમવાની તક મળે તે પૂર્વે જ, સ્ટ્રાઈકરના છેડાની વિકેટ પરથી એક બેઈલ અથવા બંને બેઈલ્સ પડી જાય.

(૫) બોલની ડીલીવરી માટે (અર્થાત્ બોલને રમવા માટે) સ્ટ્રાઈકર તૈયાર ન હોય અને જો બોલ ડીલીવર થયો હોય તો, સ્ટ્રાઈકરે તે બોલને રમવાનો કોઈ પ્રયાસ કર્યો ન હોય – એ શરતે કે અમ્પાયર સંતુષ્ટ હોય કે તે બોલને રમવા માટે તૈયાર ન રહેવા માટેનું પર્યાપ્ત કારણ સ્ટ્રાઈકર પાસે હતું **તો** –

**આ બોલની ગણતરી ઓવરના એક બોલ તરીકે થશે નહીં.**

(૬) સ્ટ્રાઈકર કોઈ ડીલીવરીને રમવાની તૈયારી કરી રહ્યો હોય અથવા રમી રહ્યો હોય ત્યારે, કોઈ અવાજ અથવા હિલચાલ અથવા અન્ય કોઈ પ્રકારે તેને ખલેલ પહોંચાડાય. ખલેલનું મૂળ કયાં તો રમતના મેદાનમાં અથવા મેદાન બહાર હોય તો પણ આ લાગુ પડશે. નીચેનો પેટા નિયમ : (૭) પણ ધ્યાનમાં લો.

**આ બોલની ગણતરી ઓવરના એક બોલ તરીકે થશે નહીં.**

(૭) કયાં તો નિયમો : ૪૨.૪ (સ્ટ્રાઈકરનું ધ્યાન ભંગ કરવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ) અથવા ૪૨.૫ (ઈરાદાપૂર્વક બેટ્સમેનનું ધ્યાન ભંગ કરવું અથવા અવરોધ પેદા કરવો)માં દર્શાવ્યા મુજબ, સ્ટ્રાઈકરનું ધ્યાન ઈરાદાપૂર્વક ભંગ કરવાના પ્રયાસનો કોઈ બનાવ બને.

(૮) ડીલીવરી પૂર્વે જ બોલરથી આકસ્મિક પણે હાથમાંથી બોલ છૂટી જાય.

(૯) પોતાની ડીલીવરી સ્ટ્રાઈડમાં પ્રવેશવા પૂર્વે, નોન–સ્ટ્રાઈકરને રન આઉટ કરવાના પ્રયાસ સિવાયના, કોઈ અન્ય કારણસર, બોલરના હાથમાંથી બોલ ન છૂટે. જુઓ નિયમ : ૪૨.૧૫ (ડીલીવરી પૂર્વે નોન–સ્ટ્રાઈકરને રન આઉટ કરવાનો પ્રયાસ કરતો બોલર).

(૧૦) ઉપર સમાવિષ્ટ ન હોય એવા કોઈ પણ નિયમો હેઠળ તેણે આવું (અર્થાત્ ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ) કરવું જરૂરી હોય.

**(૫) રમતમાં આવતો બોલ :**

બોલર પોતાનું રન–અપ શરૂ કરે અથવા જો તે કોઈ રન–અપ ધરાવતો ન હોય તો, તેની બોલિંગ એકશન શરૂ કરે, ત્યારે બોલ ડેડ રહેતો નથી–એટલે કે બોલ રમતમાં આવેલો ગણાય.

**(૬) ડેડ–બોલ, ઓવરના એક બોલ તરીકે ગણાતો બોલ :**

**(અ)** ડીલીવર થઈ ચૂકેલા કોઈ બોલને જયારે ડેડ–બોલ જાહેર કરવામાં આવે અથવા ડેડ માનવામાં આવે તો, નીચેના પેટા નિયમ : (બ)માં દર્શાવેલ બનાવો સિવાય,

(૧) જો સ્ટ્રાઈકરને તે બોલ રમવાની કોઈ તક મળી ન હોય તો, આ બોલને ઓવરના એક બોલ તરીકે ગણવામાં આવશે નહીં.

(૨) તે બોલ રમવાની સ્ટ્રાઈકરને જો તક સાંપડી હોય તો, તે માન્ય બોલ ગણાશે–સિવાય કે નો–બોલ અથવા વાઈડ–બોલની જાહેરાત થઈ હોય – ઉપર્યુકત પેટા નિયમ : (૪) (બ) (૬) અને નિયમો : ૨.૬ (પરવાનગી વિના રમતના મેદાનમાં પરત ફરતો ખેલાડી), ૪૧.૨ (બોલ ફિલ્ડ **કરવો)**, ૪૨.૪ (સ્ટ્રાઈકરનું ધ્યાન ભંગ કરવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ) અને ૪૨.૫ (ઈરાદાપૂર્વક બેટ્સમેનનું ધ્યાનભંગ કરવું અથવા અવરોધ પેદા કરવો)ના સંજોગો સિવાય.

**(બ)** સ્ટ્રાઈકર દ્વારા બોલને રમવાનો કોઈ પ્રયાસ ન થવો અને તે બોલને રમવા માટે સ્ટ્રાઈકર તૈયાર ન રહેવા માટેનું પર્યાપ્ત કારણ – આ બંને શરતો પરિપૂર્ણ થતી હોય તો જ, ઉપયુકત પેટા નિયમ : (૪) (બ) (૫) હેઠળ આ બોલની ગણતરી ઓવરના એક બોલ તરીકે થશે નહીં. અન્યથા, આ ડીલીવરી માન્ય બોલ ગણાશે.

## નિયમ : ૨૪ નો–બોલ (નો–બોલ) :

**(૧) બોલ ફેંકવાની રીત :**

(અ) અમ્પાયર ખાતરી કરશે કે બોલર જમણા હાથે અથવા ડાબા હાથે, ઓવર ધ વિકેટ અથવા રાઉન્ડ ધ વિકેટ બોલ નાંખવા ઈચ્છે છે અને તે મુજબ સ્ટ્રાઈકરને તેની તે જાણ કરશે.

જો બોલર બોલ નાંખવાની પોતાની રીતમાં ફેરફાર કરવાની જાણ અમ્પાયરને કરવામાં નિષ્ફળ રહે તો તે ગેરવાજબી છે. આવા કિસ્સામાં અમ્પાયર નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

(બ) અંડર આર્મ બોલિંગની પરવાનગી મળી ન શકે – સિવાય કે મેચ પૂર્વે આ બાબતે વિશેષ સુમેળ થયો હોય.

**(૨) વાજબી ડીલીવરી–હાથ સંદર્ભે :**

હાથના સંદર્ભે બોલ વાજબી પ્રકારે નંખાયેલો ગણાય તે માટે બોલ થ્રો થયેલો ન જ હોવો જોઈએ. જૂઓ નીચે પેટા નિયમ : (૩).

આ સંદર્ભે બોલના વાજબીપણાનો અંદાજ બાંધવાની પ્રાથમિક જવાબદારી જો કે, સ્ટ્રાઈકરના છેડાના અમ્પાયરની છે–છતાં પણ, જો બોલરના છેડાના અમ્પાયરની માન્યતા મુજબ બોલ થ્રો નાંખવામાં આવ્યો હોય તો તેને, નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરતા અટકાવે એવું આ નિયમમાં કંઈ નથી.

(અ) બેમાંથી કોઈ પણ અમ્પાયરના અભિપ્રાય મુજબ, બોલ થ્રો કરવામાં આવ્યો હોય તો તે અમ્પાયર નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે તથા બોલ ડેડ થાય ત્યારે નો–બોલની જાહેરાત માટેના કારણની જાણ સાથી અમ્પાયરને કરશે. આ બાદ બોલરના છેડાનો અમ્પાયર –

(૧) બોલરને તાકીદ કરશે. આ તાકીદ આખા દાવ દરમ્યાન લાગુ પડશે.

(૨) આ પગલુ ભરવા માટેના કારણની જાણ ફિલ્ડીંગ ટીમના સુકાનીને કરશે.

(૩) જે બન્યું છે તેની જાણ વિકેટ (પિચ) પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને કરશે.

(બ) જો, આ તાકીદ પછી, તે જ દાવમાં, તે જ બોલર દ્વારા, વધુ કોઈ થ્રો ડીલીવરી નાંખવામાં આવી છે એવું બેમાંથી કોઈ પણ અમ્પાયર માનતો હોય તો, ઉપર્યુકત પેટા નિયમ : (૨) (અ) માં વર્ણવેલ પ્રક્રિયા પુનઃ કરીને, બોલરને સૂચવશે કે આ અંતિમ ચેતવણી છે. આ ચેતવણી પણ આખા દાવ દરમ્યાન લાગુ પડશે.

(ક) તે જ દાવમાં, તે જ બોલર દ્વારા, વધુ કોઈ ડીલીવરી થ્રો નાંખવામાં આવી છે એવી માન્યતા બેમાંથી કોઈ પણ અમ્પાયર ધરાવતો હોય તો, તે અમ્પાયર નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે તથા બોલ ડેડ થાય ત્યારે નો–બોલની જાહેરાત માટેના કારણની જાણ સાથી અમ્પાયરને કરશે.

આ બાદ બોલરના છેડાનો અમ્પાયર –

(૧) સંબંધિત બોલરને તાત્કાલિક સસ્પેન્ડ કરવાનો આદેશ ફિલ્ડીંગ ટીમના સુકાનીને આપશે. જો લાગુ પડે તો, આ ઓવર અન્ય બોલર દ્વારા પૂર્ણ કરવામાં આવશે કે જેણે ન તો તરત આ પૂર્વેની આખી ઓવર અથવા ભાગ રૂપ ઓવર ફેંકી હોય કે ન તો તેને તરત આ પછીની ઓવરનો કોઈ ભાગ નાંખવાની પરવાનગી મળી શકે.

આ પ્રકારે સસ્પેન્ડ થયેલો બોલર તે દાવમાં ફરી વાર બોલિંગ કરી શકશે નહીં.

(૨) જે બન્યું છે તેની જાણ વિકેટ (પિચ) પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને તથા વ્યવહારુ બનતા વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

(ડ) મેચ પૂર્ણ થયા પછી, શકય બનતાં વેંત જ, બંને અમ્પાયરો ભેગા મળીને બનાવ અંગેનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે – કે જે સુકાની અને સંબંધિત બોલર સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૩) વાજબી ડીલીવરીની વ્યાખ્યા – હાથ સંદર્ભે :**

હાથના સંદર્ભમાં બોલ વાજબીપણે નંખાયેલો (ડીલીવર) ત્યારે જ ગણાશે કે જો બોલિંગ કરતી વેળાની ક્રિયા (ડિલીવરી સ્વીંગ)માં બોલરનો હાથ એક વાર ખભાના લેવલે પહોંચી ગયો હોય તો, તે તબકકાથી માંડીને બોલ તેના હાથના પંજામાંથી છૂટે ત્યાં સુધી, તેની કોણીનો સાંધો (એલ્બો જોઈન્ટ) આંશિકપણે અથવા પૂર્ણપણે સીધો થવો ન જોઈએ. આ વ્યાખ્યા, બોલરને બોલિંગ કરતી વેળાની ક્રિયામાં હાથના કાંડાને વાળવા (મરોડ આપવા) અથવા ફેરવવા બાબતે વંચિત રાખતી નથી અર્થાત્ મનાઈ ફરમાવતી નથી.

**(૪) ડીલીવરી પૂર્વ સ્ટ્રાઈકરના છેડા તરફ થ્રો કરતો બોલર :**

પોતાની ડીલીવરી સ્ટ્રાઈડમાં પ્રવેશવા પૂર્વે બોલર, જો સ્ટ્રાઈકરના છેડા તરફ બોલ થ્રો કરે તો, બેમાંથી કોઈ પણ અમ્પાયર નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે. જુઓ નિયમ : ૪૨.૧૬ (રન તફડાવતા બેટ્સમેનો). તેમ છતાં, ઉપર્યુકત પેટા નિયમ : (૨) માં નિર્દિષ્ટ તાકીદ, જાણ કરવી, અંતિમ ચેતવણી, બોલર વિરૂધ્ધ કાર્યવાહી તથા રિપોર્ટીંગની પ્રક્રિયા લાગુ પડશે નહીં.

**(૫) વાજબી ડીલીવરી – પગ સંદર્ભે :**

પગ સંદર્ભે ડીલીવરીના વાજબીપણા માટે, ડીલીવરી સ્ટ્રાઈડમાં......

(અ) બોલરનો પાછળનો પગ (બેક ફૂટ) રીટર્ન ક્રીઝની અંદરના ભાગમાં અને તેને સ્પર્શે નહીં તે રીતે જ પડવો જોઈએ.

(બ) બોલરનો આગળનો પગ (ફ્રન્ટ ફૂટ) એ રીતે જ પડવો જોઈએ કે તેના આ પગનો અમુક ભાગ કયાં તો, જમીનને અડેલો અથવા હવામાં ઊંચકાયેલો....

(૧) રન–અપ વેળા વિકેટની જે બાજુએથી દોડીને તે વિકેટને પસાર કરે તે બાજુની રિટર્ન ક્રિઝ અને બે મિડલ સ્ટમ્પોને જોડનારી કાલ્પનિક રેખાની વચ્ચે

અને.... (૨) પોપીંગ ક્રીઝની પાછળ

..... જ પડવો જોઈએ.

આ બધી ત્રણેય શરતોનું પાલન થયું છે એ બાબતે બોલરના છેડાનો અમ્પાયર સંતુષ્ટ ન હોય તો, તે નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

**(૬) બે થી વધુ વખત પીચ પડી ઉછળેલો અથવા મેદાન પર સરકતો બોલ :**

બોલર છેડાનો અમ્પાયર જે બોલને ડીલીવર થયેલો માનતો હોય તે બોલ, સ્ટ્રાઈકરના બેટ અથવા શરીરને, તે પૂર્વે અડયા વિના, તેમજ પોપીંગ ક્રીઝ સુધી પહોંચવા અગાઉ –

.... કયાં તો.... **(અ)** બે થી વધુ વખત પીચ પડી ઉછળ્યો હોય......

.... અથવા.... **(બ)** મેદાન પર સરકતો હોય ......

.......... તો તે (અર્થાત્ બોલર છેડાનો અમ્પાયર) નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

**(૭) સ્ટ્રાઈકરની વિકેટ સામે આવીને અટકતો બોલ :**

બોલર દ્વારા ડીલીવરી થયેલો બોલ, સ્ટ્રાઈકરના બેટ અથવા શરીરને તે પૂર્વે અડયા વિના, સ્ટ્રાઈકરની વિકેટની લાઈન સામે આવીને અટકી જાય તો, બોલરના છેડાનો અમ્પાયર નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે તથા તાત્કાલિક ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

**(૮) અન્ય નિયમોના ઉલ્લંઘન માટે નો–બોલની જાહેરાત :**

ઉપર જણાવેલા કિસ્સાઓ ઉપરાંત, નીચેના નિયમોની જરૂરિયાત પ્રમાણે અમ્પાયર દ્વારા નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરવામાં આવશે.

નિયમ : ૪૦.૩ વિકેટકીપરની સ્થિતિ.
નિયમ : ૪૧.૫ ઓન–સાઈડના ફિલ્ડરોની સંખ્યા પર મર્યાદા.
નિયમ : ૪૧.૬ ફિલ્ડર પિચ પર અતિક્રમણ કરી ન શકે.
નિયમ : ૪૨.૬ ભયજનક અને ગેરવાજબી બોલિંગ નાંખવી.
નિયમ : ૪૨.૭ ભયજનક અને ગેરવાજબી બોલિંગ નાંખવી–અમ્પાયર દ્વારા લેવાતા પગલા.
નિયમ : ૪૨.૮ ઈરાદાપૂર્વકના ઊંચા ફૂલ–પીચ્ડ (પીચ પડયા વિનાના) બોલ વાળી બોલિંગ નાંખવી.

**(૯) નો–બોલની જાહેરાત રદ કરવી :**

નો–બોલની જાહેરાત કર્યા પછી, જો કોઈ પણ કારણસર બોલરના હાથમાંથી બોલ ન છૂટે તો, અમ્પાયર પોતે કરેલી નો–બોલની જાહેરાત રદ કરશે.

**(૧૦) વાઈડ–બોલ કરતાં નો–બોલને પ્રાધાન્ય :**

નો–બોલની જાહેરાતને કોઈ પણ સમયે વાઈડ–બોલની જાહેરાત કરતાં પ્રાધાન્ય મળશે. જુઓ નિયમો : ૨૫.૧ (વાઈડનું અનુમાન) અને ૨૫.૩ (વાઈડ–બોલની જાહેરાત અને સિગ્નલ).

**(૧૧) બોલ ડેડ નથી :**

નો–બોલ જાહેર થવાથી બોલ ડેડ થતો નથી.

**(૧૨) નો–બોલ માટે પેનલ્ટી (દંડ) :**

નો–બોલની જાહેરાત થતાં જ તાત્કાલિક એક રનની પેનલ્ટી એનાયત કરવામાં આવશે. કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય તો પણ આ પેનલ્ટી યથાવત રહેશે – સિવાય કે નોબોલની જાહેરાત રદ કરવામાં આવી હોય. અન્ય કોઈ સ્કોર થયેલા રનો, કોઈ બાઉન્ડ્રી વળતર અને પેનલ્ટીઓ માટે એનાયત થયેલા કોઈ રનો ઉપરાંત આ પેનલ્ટી (અર્થાત નો–બોલની) વધારામાં રહેશે.

**(૧૩) નો–બોલથી પરિણમેલા રનો – કેવી રીતે નોંધાશે ?**

★ નો–બોલ માટેની એક રનની પેનલટી નો–બોલ એક્ષટ્રા તરીકે નોંધાશે. બેમાંથી કોઈ પણ ટીમને અન્ય પેનલ્ટી રનો એનાયત થયા હોય તો તે રનો નિયમ : ૪૨.૧૭ (પેનલ્ટી રનો)માં દર્શાવ્યા મુજબ નોંધાશે. બેટ વડે બોલને ફટકારવામાં આવ્યો હોય તો બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા કોઈ પણ રનો અથવા બાઉન્ડ્રી વળતર સ્ટ્રાઈકરના ખાતામાં જમા થશે, અન્યથા આ રનો પણ નો–બોલ એક્ષટ્રા તરીકે નોંધાશે.

★ એનાયત થયેલી કોઈ પાંચ રનોની પેનલ્ટી ઉપરાંત, નો–બોલથી પરિણમેલા બધા રનો પછી ભલે તે નો–બોલ એક્ષટ્રા હોય અથવા સ્ટ્રાઈકરના ખાતામાં જમા થયા હોય તો પણ, બોલરના ખાતામાં જ ઉધારાશે.

**(૧૪) નો–બોલ ગણતરીમાં લેવાશે નહીં :**

નો–બોલની ગણતરી ઓવરના એક બોલ તરીકે થશે નહીં. જુઓ નિયમ : ૨૨.૩ (બોલની માન્યતા).

**(૧૫) નો–બોલથી આઉટ :**

નો–બોલની જાહેરાત થઈ હોય ત્યારે નિયમો : ૩૩ (હેનડલ્ડ ધ બોલ), ૩૪ (હીટ ધ બોલ ટવાઈસ), ૩૭ (ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ) અથવા ૩૮ (રન આઉટ) સિવાયના કોઈ પણ નિયમો હેઠળ બેમાંથી કોઈ પણ બેટ્સમેન આઉટ ન થઈ શકે.

## નિયમ : ૨૫ વાઈડ–બોલ (વાઈડ–બોલ) :

**(૧) વાઈડનું અનુમાન :**

**(અ)** બોલરે નાંખેલો બોલ, જે નો–બોલ નથી, તે જો નીચેના પેટા નિયમ : (બ) ની વ્યાખ્યા મુજબ હોય તથા અમ્પાયરના અભિપ્રાય મુજબ, સ્ટ્રાઈકર જયાં ઊભો છે તેની પર્યાપ્ત દૂરથી આ બોલ પસાર થાય અને સ્ટ્રાઈકર પોતાની સામાન્ય ગાર્ડ સ્થિતિમાં ઊભો હોત તો પણ આ બોલ તેની પર્યાપ્ત દૂરથી જ પસાર થયો હોત, તો અમ્પાયર તેને વાઈડ–બોલ જાહેર કરશે.

**(બ)** બોલને સ્ટ્રાઈકરની પર્યાપ્ત દૂરથી પસાર થયેલો માનવામાં આવશે – સિવાય કે સ્ટ્રાઈકર પોતાના બેટ વડે અને ક્રિકેટના સામાન્ય સ્ટ્રોક દ્વારા ફટકારી શકે તેટલા પૂરતા પ્રમાણમાં જો બોલ તેની પહોંચમાં હોય.

**(૨) વાઈડ–બોલ ન ગણાતી ડીલીવરી :**

નંખાયેલ કોઈ ડીલીવરીને અમ્પાયર, વાઈડ–બોલ તરીકે ગણશે નહીં. –

**(અ)** જો સ્ટ્રાઈકર ખસીને (અર્થાત્ સ્ટાન્સ લીધો હોય તે મૂળ જગ્યાએથી ખસીને),

કયાં તો....(૧) ઉપર્યુકત પેટા નિયમ : ૨ (૧) (બ) માં દર્શાવ્યા મુજબ બોલને પોતાની પર્યાપ્ત દૂરથી પસાર કરાવે

અથવા.... (૨) પોતાના બેટ વડે, ક્રિકેટના સામાન્ય સ્ટ્રોક દ્વારા ફટકારી શકાય તેટલા પૂરતા પ્રમાણમાં બોલને પોતાની પહોંચમાં લાવે.

**(બ)** જો બોલ સ્ટ્રાઈકરના બેટ અથવા શરીરને અડે.

**(૩) વાઈડ–બોલની જાહેરાત અને સિગ્નલ :**

(અ) કોઈ ડીલીવરીને અમ્પાયર વાઈડ માને તો, બોલ સ્ટ્રાઈકરની વિકેટને પસાર કરતાં વેંત જ તે વાઈડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે. તેમ છતાં, ડીલીવરી નંખાયતે ક્ષણથી જ વાઈડની સંભાવના જણાતી હોય તો પણ, બોલ સ્ટ્રાઈકરની વિકેટને પસાર ન કરે ત્યાં સુધી વાઈડ–બોલની જાહેરાત કરી ન શકાય.

(બ) વાઈડ–બોલની જાહેરાત કર્યા પછી, સ્ટ્રાઈકરના બેટ અથવા શરીર સાથે બોલનો સંપર્ક થાય તો, અમ્પાયર વાઈડ–બોલની જાહેરાત રદ કરશે.

(ક) ડીલીવરી જો નો–બોલ જાહેર થઈ હોય તો અમ્પાયર વાઈડ–બોલની જાહેરાત રદ કરશે. જુઓ : નિયમ : ૨૪.૧૦ (વાઈડ–બોલ કરતા નો–બોલને પ્રાધાન્ય).

**(૪) બોલ ડેડ નથી :**

વાઈડ–બોલ જાહેર થવાથી બોલ ડેડ થતો નથી.

**(૫) વાઈડ–બોલ માટે પેનલ્ટી (દંડ) :**

વાઈડ–બોલની જાહેરાત થતાં જ તાત્કાલિક એક રનની પેનલ્ટી એનાયત કરવામાં આવશે. કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય તો પણ આ પેનલ્ટી (અર્થાત્ વાઈડ બોલની) યથાવત રહેશે. સિવાય કે અન્ય કોઈ સ્કોર થયેલા રનો, કોઈ બાઉન્ડ્રી વળતર તથા પેનલ્ટીઓ માટે એનાયત થયેલા અન્ય કોઈ રનો ઉપરાંત આ પેનલ્ટી (અર્થાત્ વાઈડ–બોલની પેનલ્ટી) વધારામાં રહેશે.

**(૬) વાઈડ–બોલથી પરિણમેલા રનો – કેવી રીતે નોંધાશે ?**

વાઈડ–બોલ માટેની પેનલ્ટી સહિત, બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા બધા રનો અથવા બાઉન્ડ્રી વળતર વાઈડ–બોલ તરીકે નોંધાશે. એનાયત થયેલ કોઈ પણ પાંચ પેનલ્ટી રનો સિવાય, વાઈડ–બોલથી પરિણમેલા બધા રનો બોલરના ખાતામાં ઉધારાશે.

**(૭) વાઈડ–બોલ ગણતરીમાં લેવાશે નહીં :**

વાઈડ–બોલની ગણતરી ઓવરના એક બોલ તરીકે થશે નહીં. જુઓ નિયમ : ૨૨.૩ (બોલની માન્યતા).

**(૮) વાઈડ–બોલથી આઉટ :**

વાઈડ–બોલની જાહેરાત થઈ હોય ત્યારે, નિયમો : ૩૩ (હેનડલ્ડ ધ બોલ), ૩૫ (હીટ વિકેટ), ૩૭ (ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ), ૩૮ (રન આઉટ) અથવા ૩૯ (સ્ટમ્પ્ડ) સિવાયના કોઈ પણ નિયમો હેઠળ બેમાંથી કોઈ પણ બેટ્સમેન આઉટ ન થઈ શકે.

## **નિયમ : ૨૬** બાય એન્ડ લેગ –બાય (બાય અને લેગ–બાય) :

**(૧) બાય :**

બોલર દ્વારા ડીલીવર થયેલ નો–બોલ અથવા વાઈડ–બોલ ન હોય તેવો બોલ, સ્ટ્રાઈકરનાબેટ અથવા શરીરને અડયા વિના સ્ટ્રાઈકર પાસેથી પસાર થઈ જાય તો, તે ડીલીવરી પર બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા કોઈ પણ રનો અથવા બાઉન્ડ્રી વળતરની ગણતરી બાયના રનો તરીકે બેટીંગ ટીમના ખાતામાં જમા થશે.

(૨) **લેગ–બાય :**

**(અ)** બોલર દ્વારા ડીલીવર થયેલો બોલ સ્ટ્રાઈકરના શરીરને સૌ પ્રથમ અડે તો, રનો માત્ર ત્યારે જ નોંધાશે કે, જો અમ્પાયરને સંતોષ થાય કે સ્ટ્રાઈકરે.....

.... કયાં તો ...... (૧) બોલને પોતાના બેટ વડે રમવાનો પ્રયત્ન કર્યો છે.

.... અથવા ....... (૨) બોલથી થનારી ઈજા નિવારવાનો પ્રયાસ કર્યો છે.

**(બ)** અમ્પાયર સંતુષ્ટ હોય કે ઉપર્યુકત બે શરતોમાંથી કોઈ પણ એક શરત પરિપૂર્ણ થાય છે તો રનો નીચે મુજબ સ્કોર થશે :

(૧) જો...

કયાં તો... આ બાદ સ્ટ્રાઈકરના બેટ અથવા શરીર સાથે બોલનો સંપર્ક થયો ન હોય,

અથવા..... સ્ટ્રાઈકરના બેટ અથવા શરીર સાથે બોલનો સંપર્ક માત્ર ઈરાદાવિહોણો હોય.

.... તો ત્યાર બાદ બોલનો સંપર્ક સ્ટ્રાઈકરના બેટ સાથે થયો હોય એવા કિસ્સામાં, બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનો અથવા કોઈ બાઉન્ડ્રી વળતર સ્ટ્રાઈકરના ખાતામાં જમા થશે – પરંતુ અન્યથા આ રનો નીચેના પેટા નિયમ : (ક) માં દર્શાવ્યા મુજબ બેટીંગ ટીમના ખાતામાં જમા થશે.

(૨) જો સ્ટ્રાઈકર જાણીબૂજીને બોલને નિયમાનુસાર, બીજી વાર ફટકારે તો નિયમોઃ ૩૪.૩ (નિયમાનુસાર એકથી વધુ વખત ફટકારાયેલો બોલ) અને ૩૪.૪ (નિયમાનુસાર એકથી વધુ વખત ફટકારાયેલા બોલ થકી સ્કોર થતા રનો) લાગુ પડશે.

**(ક)** ઉપર્યુકત પેટા નિયમ : (બ) (૧) ના રનો, સ્ટ્રાઈકરના ખાતામાં જમા કરવાના ન હોય તો,

(૧) જો ડીલીવરી નો–બોલ ન હોય તો, લેગ–બાય તરીકે નોંધાશે.

(૨) જો નો–બોલ જાહેર થયો હોય તો, નો–બોલ માટેની પેનલ્ટી ભેગા આ રનો નો–બોલ એક્ષટ્રા તરીકે નોંધાશે.

(૩) **એનાયત ન કરવાની (અર્થાત્ રદ કરવાની) લેગ–બાય :**

ઉપર્યુકત પેટા નિયમ : (૨) (અ) ના સંજોગોમાં અમ્પાયર જો માનતો હોય કે, ઉપર્યુકત પેટા નિયમો : (૨) (અ) (૧) અને (૨) માંની એક પણ શરતનું પાલન થયું નથી તો લેગ–બાય એનાયત થશે નહીં. નો–બોલ માટેની એક રનની પેનલ્ટી – જો લાગુ પડતી હોય તો –તે સિવાય અન્ય કોઈ પણ રનો તે બોલ પર બેટીંગ ટીમના ખાતે જમા થશે નહીં. આ ઉપરાંત, તે ડીલીવરીના કારણે ઉદ્‌ભવતી અન્ય કોઈ પેનલ્ટીઓ બેટીંગ ટીમને એનાયત થશે નહીં.

નીચે મુજબની પ્રક્રિયા અપનાવવામાં આવશે :

(અ) જો રન લેવાનો કોઈ પ્રયાસ થયો ન હોય, પરંતુ બોલ બાઉન્ડ્રી પર પહોંચે તો, અમ્પાયર ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે, તથા બાઉન્ડ્રીને અમાન્ય કરશે.

**(બ)** જો રનો લેવાનો પ્રયાસ થયો હોય અને જો–

(૧) બેમાંથી કોઈ પણ બેટ્સમેન આઉટ જાહેર થયો ન હોય અને કોઈ અન્ય કારણસર બોલ ડેડ થયો ન હોય તો, જેવો એક રન પૂર્ણ થાય અથવા બોલ બાઉન્ડ્રી પર પહોંચે કે તરત જ અમ્પાયર ડેડ–બોલની જાહેરાત અને

સિગ્નલ કરશે. દોડીને લીધેલો રન અથવા બાઉન્ડ્રી માન્ય રાખવામાં આવશે નહીં. બંને બેટ્સમેનો પોતપોતાના મૂળ છેડાઓ પર પાછા ફરશે.

(૨) એક રન પૂર્ણ થાય અથવા બોલ બાઉન્ડ્રી પર પહોંચે તે અગાઉ, કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય અથવા કોઈ અન્ય કારણસર બોલ ડેડ થાય તો, નિયમોની બધી જોગવાઈઓ લાગુ પડશે. નો–બોલ માટેની પેનલ્ટી લાગુ પડતી હોય તો તે સિવાયના, કોઈ રનો અને કોઈ પેનલ્ટીઓ બેટીંગ ટીમના ખાતામાં જમા થશે નહીં.

## નિયમ : ૨૭ અપીલ્સ (અપીલ) :

**(૧) અપીલ વિના અમ્પાયર બેટ્સમેનને આઉટ નહીં આપે :**

કોઈ બેટ્સમેન નિયમો હેઠળ આઉટ હોય તો પણ, કોઈ ફિલ્ડર દ્વારા અપીલ ન થાય ત્યાં સુધી, બેમાંથી કોઈ પણ અમ્પાયર કોઈ બેટ્સમેનને આઉટ આપશે નહીં. કોઈ બેટ્સમેન, કોઈ પણ નિયમો હેઠળ આઉટ હોય તો તે, અપીલ થયા વિના પણ પોતાની વિકેટ છોડી જાય તો, આ નિયમ તેને અટકાવતો નથી. તેમ છતાં, નીચેના પેટા નિયમ : (૭) ની જોગવાઈઓ ધ્યાનમાં લો.

**(૨) આઉટ જાહેર થયેલો બેટ્સમેન :**

કોઈ બેટ્સમેન આઉટ જાહેર થયેલો ગણાશે જો–

... કયાં તો... (અ) અપીલ થયે, અમ્પાયર દ્વારા તેને આઉટ જાહેર કરવામાં આવે.

... અથવા ... (બ) કોઈ પણ નિયમો હેઠળ તે આઉટ હોય અને ઉપર્યુકત પેટા નિયમ : (૧)માં દર્શાવ્યા મુજબ તે પોતાની વિકેટ છોડી જાય.

**(૩) અપીલનો સમય :**

બોલર ત્યાર પછીનો બોલ ડીલીવર કરવા માટે પોતાનું રન–અપ શરૂ કરે અથવા તે રન–અપ ધરાવતો ન હોય તો, તેની બોલિંગ એકશન શરૂ કરે તે પૂર્વે, અને 'ટાઈમ'ની જાહેરાત થાય તે પૂર્વે, અપીલ કરવામાં આવે તો જ માન્ય ગણાશે.

ત્યાર પછીની ઓવર શરૂ થાય તે અગાઉ અપીલ કરવામાં આવી હોય તો, અગાઉની ઓવર પૂર્ણ થયાની જાહેરાત અપીલને અમાન્ય કરતી નથી–એ શરતે કે 'ટાઈમ'ની જાહેરાત થઈ ન હોય. જુઓ નિયમો : ૧૬.૨ ('ટાઈમ'ની જાહેરાત) અને ૨૨.૨ (ઓવરની શરૂઆત).

**(૪) અપીલ 'હાઉઝ (હાઉ ઈઝ) ધેટ'?**

અપીલ 'હાઉઝ ધેટ'માં આઉટ થવાના બધા જ પ્રકારો સમાવિષ્ટ છે.

**(૫) અપીલનો જવાબ આપવો :**

નિયમો : ૩૫ (હીટ વિકેટ), ૩૯ (સ્ટમ્પ્ડ) અથવા ૩૮ (રન આઉટ) – કે જયારે આ વિકેટકીપરના છેડે ઉદ્‌ભવે – આમાંના કોઈ પણ નિયમથી ઉદ્‌ભવતી બધી અપીલોનો જવાબ સ્ટ્રાઈકરના છેડાનો અમ્પાયર આપશે. અન્ય બધી અપીલોનો જવાબ બોલરના છેડાનો અમ્પાયર આપશે. કોઈ અપીલ કરવામાં આવી હોય ત્યારે, બંને અમ્પાયરો પોતપોતાના અધિકારક્ષેત્રમાં આવતી કોઈ પણ બાબત અંગે જવાબ આપશે. જયારે કોઈ બેટ્સમેનને નોટ આઉટ આપવામાં આવ્યો હોય અને ઉપર્યુકત પેટા નિયમઃ (૩)ને અનુરૂપ અપીલ થઈ હોય તો, બેમાંથી કોઈ પણ અમ્પાયર આ અપીલનો જવાબ આપશે – જો તે અપીલ ત્યાર બાદની કોઈ બાબત અંગે હોય અને તે અપીલ તે અમ્પાયરના અધિકાર ક્ષેત્રમાં આવતી હોય.

**(૬) અમ્પાયરો દ્વારા સલાહ–મસલત :**

પોતાના અધિકાર ક્ષેત્રની બાબતો માટેની અપીલોનો જવાબ પ્રત્યેક અમ્પાયર આપશે. જો એક અમ્પાયર કોઈ બનાવ વિષે શંકા ધરાવતો હોય – કે જે બનાવ બીજા અમ્પાયરે વધુ સારી સ્થિતિમાં રહી નિહાળ્યો હોય – તો તે બીજા અમ્પાયર સાથે આ બનાવની વાસ્તવિક હકીકત સંદર્ભે સલાહ–મસલત કરશે અને ત્યાર પછી પોતાનો નિર્ણય આપશે. સલાહમસલત પછી પણ શંકા રહેતી હોય તો તે નોટ આઉટનો નિર્ણય આપશે.

**(૭) કોઈ ગેરસમજ હેઠળ પોતાની વિકેટ છોડતો બેટ્સમેન :**

જો કોઈ અમ્પાયર સંતુષ્ટ હોય કે, બેટ્સમેનને આઉટ આપવામાં આવ્યો ન હોવા છતાં, પોતે આઉટ છે એવી ગેરસમજ હેઠળ બેટ્સમેને પોતાની વિકેટ છોડી છે તો તે અમ્પાયર હસ્તક્ષેપ કરશે. ફિલ્ડીંગ ટીમ દ્વારા કોઈ વધુ પગલુ ભરાતું અટકાવવા માટે, હસ્તક્ષેપ કરનાર અમ્પાયર, ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે તથા બેટ્સમેનને પાછો બોલાવશે.

**(૮) અપીલ પાછી ખેંચવી :**

જે અમ્પાયરના અધિકાર ક્ષેત્રમાં અપીલ આવતી હોય તેની સંમતિ મેળવ્યા પછી જ ફિલ્ડીંગ ટીમનો સુકાની કોઈ અપીલ પાછી ખેંચી શકે છે. બહાર જઈ રહેલો (અર્થાત્ આઉટ જાહેર થયેલો) બેટ્સમેન રમતનો વિસ્તાર છોડે તે પૂર્વે જ ફિલ્ડીંગ ટીમનો સુકાની આવું કરી શકે છે અર્થાત્ અપીલ પાછી ખેંચી શકે છે. આવી સંમતિ આપવામાં આવી હોય તો સંબંધિત અમ્પાયર, જો લાગુ પડે તો, પોતાનો નિર્ણય રદ કરશે અને બેટ્સમેનને (અર્થાત્ આઉટ જાહેર થયેલા) પાછો બોલાવશે.

**(૯) અમ્પાયરનો નિર્ણય :**

એક અમ્પાયર પોતાનો નિર્ણય ઉલટાવી (બદલી) શકે છે – એ શરતે કે તેણે આ તાબડતોડ કરવું પડે. આ સિવાય, અમ્પાયર દ્વારા એક વખત જાહેર થયેલો નિર્ણય જ અંતિમ ગણાશે.

## **નિયમ : ૨૮** ધ વિકેટ ઈઝ ડાઉન (ખોરવાયેલી વિકેટ) :

**(૧) ખોરવાયેલી વિકેટ :**

**(અ)** વિકેટ ખોરવાયેલી ગણાશે – જો સ્ટમ્પ ઉપરની એકાદ બેઈલ પૂર્ણ પણે દૂર કરવામાં આવે અથવા સ્ટમ્પને જમીનમાંથી પૂર્ણ પણે બહાર ખેંચી કાઢવામાં આવે

કયાં તો.....

....(૧) બોલ દ્વારા.

....(૨) જો સ્ટ્રાઈકરે બેટ પકડયું હોય તો તેના બેટ દ્વારા અથવા સ્ટ્રાઈકરે પકડેલા બેટના કોઈ પણ ભાગ દ્વારા.

....(૩) નિયમ : ૬.૮ (અ)ની જોગવાઈઓ હોવા છતાં, સ્ટ્રાઈકરના હાથમાંથી છૂટી ગયા બાદ પડેલા બેટ દ્વારા અથવા તેના બેટમાંથી છૂટા પડેલા કોઈ પણ ભાગ દ્વારા.

....(૪) સ્ટ્રાઈકરના શરીર દ્વારા અથવા તેના પહેરવેશના કોઈ ભાગ દ્વારા અથવા તેના શરીર પરથી છૂટા પડેલા ઉપકરણ દ્વારા.

....(૫) ફિલ્ડરના હાથના પંજા અથવા હાથ દ્વારા એ શરતે કે – ઉપયોગમાં લીધેલ હાથના પંજા અથવા પંજાઓમાં અથવા ઉપયોગમાં લીધેલ હાથવાળા પંજામાં બોલ હોય.

કોઈ ફિલ્ડર આ જ પ્રકારે સ્ટમ્પને જમીનમાંથી પૂર્ણ પણે ઉખેડી નાંખે અથવા બહાર ખેંચી કાઢે તો પણ વિકેટ ખોરવાયેલી ગણાશે.

(બ) એકાદ બેઈલનું હલન ચલન ક્ષણિક હોય કે ન હોય, તો પણ તે તેને સ્ટમ્પના ઉપરના ભાગથી પૂર્ણ પણે દૂર થયેલી સ્થાપિત કરતું નથી–પરંતુ જો એકાદ બેઈલ પોતાના મૂળ સ્થાનેથી પડીને બે સ્ટમ્પની વચ્ચે ફસાઈ જાય (ચિત્ર નં. ૧ મુજબ) તો તે બેઈલ પૂર્ણ પણે દૂર થયેલી માનવામાં આવશે.

**(૨) એક બેઈલ પડી હોય :**

એક બેઈલ પડી ગઈ હોય તો, બાકી રહેલી બીજી બેઈલને દૂર કરવાથી અથવા તો ત્રણમાંથી કોઈ પણ સ્ટમ્પને જમીનમાંથી પૂર્ણરૂપે ઉખેડીને અથવા ખેંચીને, ઉપર્યુકત પેટા નિયમ : (૧) (અ)માં દર્શાવેલી રીતોમાંની કોઈ પણ રીત વિકેટ ખોરવવાના હેતુ માટે પૂરતી છે.

**(૩) વિકેટ પુનઃ બનાવવી**

બોલ રમતમાં હોય ત્યારે, વિકેટ ખંડિત અથવા ખોરવાઈ ચૂકી હોય તો, બોલ ડેડ ન થાય ત્યાં સુધી, અમ્પાયર વિકેટને પુનઃ ગોઠવશે નહીં. જુઓ નિયમ : ૨૩ (ડેડ–બોલ).

તેમ છતાં, બોલ રમતમાં હોય ત્યારે કોઈ પણ ફિલ્ડર,

..... (અ) સ્ટમ્પના ઉપરના ભાગે એક બેઈલ અથવા બંને બેઈલ્સ પુનઃ ગોઠવી શકે.

..... (બ) જે મૂળ સ્થાને વિકેટ હતી તે જ સ્થાને એક અથવા વધુ સ્ટમ્પને જમીનમાં ખૂંપી શકે.

**(૪) બેઈલ્સ વિના ચલાવી લેવું (બેઈલ્સ કાઢી નાંખવી) :**

નિયમ : ૮.૫ (બેઈલ્સ વિના ચલાવી લેવું)ને અનુરૂપ અમ્પાયરો બેઈલ્સ વિના રમત ચલાવવા સહમત થયા હોય તો, સંબંધિત અમ્પાયર નિર્ણય લેશે કે વિકેટ ખોરવાઈ ચૂકી છે કે નહીં.

(અ) બેઈલ્સ વિના રમવાનો નિર્ણય થયા પછી, સંબંધિત અમ્પાયર સંતુષ્ટ થાય કે, બોલ દ્વારા, સ્ટ્રાઈકરના બેટ કે શરીર અથવા ઉપર્યુકત પેટા નિયમ : (૧) (અ) (૨), (૩) કે (૪) માં વર્ણવ્યા મુજબના તેના પહેરવેશના ભાગો કે ઉપકરણ દ્વારા અથવા ઉપર્યુકત પેટા નિયમ : (૧) (અ) (૫)માં વર્ણવ્યા મુજબની રીત પ્રમાણે કોઈ ફિલ્ડર દ્વારા વિકેટ ખંડિત કરવામાં આવી છે તો, વિકેટ ખોરવાયેલી ગણાશે.

(બ) વિકેટ ખંડિત અથવા ખોરવાઈ જ ચૂકી હોય તો, જમીનમાં હજી ખૂંપી રહેલા એક અથવા વધુ સ્ટમ્પને ઉપર્યુકત પેટા નિયમ : (અ) લાગુ પડશે. કોઈ પણ ફિલ્ડર વિકેટને ખોરવવાની તક મેળવવા માટે ઉપર્યુકત પેટા નિયમ : (૩)ને અનુરૂપ એક સ્ટમ્પ અથવા વધુ સ્ટમ્પને તેના મૂળ સ્થાને પુનઃગોઠવી શકે (પ્રતિસ્થાપિત કરી શકે) છે.

## નિયમ : ૨૯ બેટ્સમેન આઉટ ઓફ હીઝ ગ્રાઉન્ડ :
[બેટ્સમેન પોતાના ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ)ની બહાર] :

**(૧) પોતાના ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ)ની બહાર કયારે?**

(અ) બેટ્સમેનને તેના ગ્રાઉન્ડની બહાર ગણવામાં આવશે – સિવાય કે તેનું બેટ અથવા તેના શરીરનો કોઈ ભાગ, તે છેડાની પોપીંગ ક્રીઝની પાછળની જમીનને અડયો હોય.

(બ) ઉપર્યુકત પેટા નિયમ : (અ) હોવા છતાં, રન લેવા માટે દોડી રહેલા બેટ્સમેને, એક વાર તે છેડાની પોપીંગ ક્રીઝની પાછળની જમીન પર પોતાના પગનો અમુક ભાગ લગાડયો હોય અને ત્યાર બાદ તે બેટ્સમેન તે છેડાની વિકેટ તરફ અને તેથી વધુ આગળ દોડવાનું ચાલુ રાખે, તો પછી ત્યાર બાદ આગળ વધવાનો તેનો સંવેગ ચાલુ રહેવા દરમ્યાન તેનું શરીર અને તેનું બેટ–આ બંનેનો સંપર્ક પૂર્ણપણે જમીનથી અલગ થઈ ગયો હોય, તો પણ તેનો અર્થ એવો ન કરી શકાય કે તે પોતાના ગ્રાઉન્ડ (અર્થાત્ તે છેડાની પોપીંગ ક્રીઝ)ની બહાર છે.

**(૨) બેટ્સમેનનું ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ) કયું?**

(અ) માત્ર એક જ બેટ્સમેન કોઈ છેડાના ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ)ની અંદર હોય તો,

(૧) તે તેનું ગ્રાઉન્ડ છે.

(૨) અગર ત્યાર બાદ ત્યાં (અર્થાત્ તે જ છેડાની પોપીંગ ક્રીઝ પર) અન્ય બેટ્સમેન તેની સાથે જોડાય તો પણ તે ગ્રાઉન્ડ તેનું જ ગણાશે.

(બ) બંને બેટ્સમેનો એક જ ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ)માં હોય અને બેમાંથી એક ત્યાર પછી જો તે છેડો છોડે, તો ઉપર્યુકત પેટા નિયમ : (અ) (૧) લાગુ પડશે.

(ક) બેમાંથી કોઈ પણ ગ્રાઉન્ડમાં કોઈ બેટ્સમેન ન હોય તો, પ્રત્યેક ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ) તે બેટ્સમેનનું માનવામાં આવશે કે જે તેની નજીક હોય અથવા જો બંને બેટ્સમેનો સમકક્ષ (બરાબરી પર) હોય તો, સમકક્ષ સ્થિતિએ આવવાની તરત પૂર્વે, તેઓમાંથી જે બેટ્સમેન જે ગ્રાઉન્ડની નજીક હતો તે ગ્રાઉન્ડ તેનું ગ્રાઉન્ડ ગણાશે.

(ડ) એક ગ્રાઉન્ડ એક બેટ્સમેનનું હોય – સિવાય કે ત્યાં મેદાનમાં રનર ધરાવતો સ્ટ્રાઈકર હોય – તો અન્ય ગ્રાઉન્ડ અન્ય બેટ્સમેનનું ગણાશે – તેની સ્થિતિ ધ્યાનમાં લીધા વિના.

(ઈ) રનર ધરાવતો બેટ્સમેન સ્ટ્રાઈકર હોય ત્યારે, વિકેટકીપરનો છેડો જ હંમેશા તેનું ગ્રાઉન્ડ ગણાશે. તેમ છતાં, ઉપર્યુકત પેટા નિયમો : (અ), (બ), (ક) અને (ડ) પણ હજી લાગુ પડશે–પરંતુ માત્ર રનર અને નોન–સ્ટ્રાઈકરને જ, કે જેથી સ્થિતિ મુજબ, તે ગ્રાઉન્ડ પણ કયાં તો નોન–સ્ટ્રાઈકર અથવા રનરનું ગણાશે.

**(૩) નોન–સ્ટ્રાઈકરની સ્થિતિ :**

બોલરના છેડે ઊભી રહેતી વેળા નોન–સ્ટ્રાઈકરે, વિકેટની જે બાજુથી બોલ ડીલીવર થઈ રહ્યો હોય તેની વિપરીત બાજુ ઊભા રહેવું પડે–સિવાય કે અન્ય તરફ ઊભા રહેવાની વિનંતિ અમ્પાયર દ્વારા માન્ય રાખવામાં આવે.

## નિયમ : ૩૦ બોલ્ડ (બોલ્ડ) :

**(૧) બોલ્ડ આઉટ ગણાશે :**

(અ) બોલર દ્વારા ડીલીવર થયેલો, નો–બોલ ન હોય તેવો બોલ, જો સ્ટ્રાઈકરની વિકેટ ખોરવી નાંખે તો તે બોલ્ડ આઉટ ગણાશે – બોલ તે પૂર્વે તેના બેટ અથવા શરીરને અડયો હોય તો પણ.

(બ) ઉપર્યુક્ત પેટા નિયમ : (અ) હોવા છતાં પણ, વિકેટને બોલ ખંડિત કરે તે પૂર્વે જો કોઈ અન્ય ખેલાડી અથવા અમ્પાયર સાથે બોલનો સંપર્ક થયો હોય તો, સ્ટ્રાઈકર બોલ્ડ આઉટ ગણાશે નહીં. તેમ છતાં, સ્ટ્રાઈકર નિયમો : ૩૩(હેનડલ્ડ ધ બોલ), ૩૭ (ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ), ૩૮ (રન આઉટ) અને ૩૯ (સ્ટમ્પડ) ને આધિન રહેશે.

(૨) **બોલ્ડ પ્રાધાન્ય મેળવશે :**
ઉપર્યુક્ત પેટા નિયમ : (૧) મુજબ સ્ટ્રાઈકરની વિકેટ ખોરવવામાં આવે તો તે બોલ્ડ આઉટ ગણાશે – પછી ભલે તેની વિરૂધ્ધમાં કોઈ અન્ય રીતે આઉટ થવાનો નિર્ણય વાજબી જણાતો હોય તો પણ.

## નિયમ : ૩૧ ટાઈમ્ડ આઉટ ( ટાઈમ્ડ આઉટ) :

(૧) **ટાઈમ્ડ આઉટ ગણાશે :**

(અ) 'ટાઈમ'ની જાહેરાત થઈ હોય એ સિવાય, કોઈ વિકેટ પડયા પછી અથવા કોઈ બેટ્સમેન નિવૃત્ત થાય એ પછી, નવો આવનારો બેટ્સમેન, અગાઉનો બેટ્સમેન આઉટ જાહેર થયો અથવા નિવૃત્ત થયો તેની ત્રણ મિનિટોની અંદર, ગાર્ડ લેવાની સ્થિતિમાં હોવો જ જોઈએ અથવા તેનો પાર્ટનર (અર્થાત્ પિચ પર ઉપસ્થિત નોટ આઉટ બેટ્સમેન) ત્યાર પછીનો બોલ રમવા તૈયાર હોવો જ જોઈએ.
જો આ આવશ્યકતા પરિપૂર્ણ ન થાય તો, નવો આવનારો બેટ્સમેન 'ટાઈમ્ડ આઉટ' નિયમ હેઠળ આઉટ ગણાશે.

(બ) અત્યધિક વિલંબના બનાવમાં, કોઈ પણ બેટ્સમેન વિકેટ પર ન આવે તો, અમ્પાયરો નિયમ : ૨૧.૩(મેચ એનાયત કરતા અમ્પાયરો)ની પ્રક્રિયા અનુસરશે–જે નિયમના હેતુઓ માટે, ઉપયુર્કત નિર્દિષ્ટ ત્રણ મિનિટો પૂર્ણ થયા પછી જ કાર્યવાહીની શરૂઆત થશે.

(૨) **બોલરને યશ મળશે નહીં :**
બોલરને વિકેટ માટેનો યશ મળશે નહીં.

## નિયમ : ૩૨ કોટ (કેચ) :

(૧) **કેચ આઉટ ગણાશે :**
બોલર દ્વારા ડીલીવર થયેલો, નો–બોલ ન હોય તેવો બોલ, આ પૂર્વે કોઈ પણ ફિલ્ડરના સંપર્કમાં અગાઉ આવ્યા વિના, સ્ટ્રાઈકરના બેટને સ્પર્શે અને ત્યાર પછી તે બોલ મેદાનને અડે તે પૂર્વે કોઈ ફિલ્ડર દ્વારા વાજબી કેચ રૂપે ઝડપવામાં આવે તો, સ્ટ્રાઈકર કેચ આઉટ ગણાશે.

(૨) **કેચ પ્રાધાન્ય મેળવશે :**
ઉપર્યુક્ત પેટા નિયમ : (૧)માં જણાવેલ માપદંડ પૂર્ણ થતો હોય અને સ્ટ્રાઈકર બોલ્ડ આઉટ ન હોય, તો તે કેચ આઉટ જ ગણાશે–પછી ભલેને બેમાંથી કોઈ પણ બેટ્સમેન સામે અન્ય કોઈ રીતે આઉટ થવાનો નિર્ણય યથાર્થ જણાતો હોય તો પણ.

## (૩) વાજબી કેચ :

કેચ વાજબી પ્રકારે પકડેલો ગણાશે જો–

**(અ)** કેચ ઝડપવાથી સંપૂર્ણ ક્રિયા દરમ્યાન :

(૧) બોલના સંપર્કમાં આવતો કોઈ પણ ફિલ્ડર રમતના વિસ્તારના અંદરના ભાગમાં હોય, જુઓ નીચે પેટા નિયમ : (૪).

(૨) બાઉન્ડ્રી બહાર પડેલી કોઈ પણ વસ્તુ સાથે બોલનો કોઈ પણ સમયે સંપર્ક ન થયો હોય.

હવામાં રહેલો બોલ જયારે કોઈ ફિલ્ડરની રક્ષણાત્મક હેલમેટ સિવાય, તેના શરીરના અમુક ભાગના સંપર્કમાં આવે તે પળથી કેચ ઝડપવાની ક્રિયા શરૂ થશે અને ફિલ્ડર બોલ પર તથા પોતાની ગતિવિધિ – આ બંને પર પૂર્ણરૂપે નિયંત્રણ પ્રાપ્ત કરે ત્યારે કેચ ઝડપવાની ક્રિયા પૂર્ણ થશે.

**(બ)** કેચ ઝડપનારના શરીરના અંગો વચ્ચે બોલ જકડાઈ જાય અથવા આકસ્મિક પણે તેના પહેરવેશમાં કે માત્ર વિકેટકીપરના કિસ્સામાં તેના પેડમાં ફસાઈ જાય. તેમ છતાં, કોઈ ફિલ્ડરે પહેરેલી રક્ષણાત્મક હેલમેટમાં જો બોલ ફસાઈ જાય તો તે વાજબી કેચ નથી. જુઓ નિયમ : ૨૩ (ડેડ–બોલ).

**(ક)** જે હાથના પંજામાં કેચરૂપે બોલ પકડેલ છે તે પંજો ભલે જમીનને અડે, પરંતુ બોલનો સંપર્ક જમીન સાથે ન થાય.

**(ડ)** સ્ટ્રાઈકર દ્વારા બોલને નિયમાનુસાર એકથી વધુ વખત ફટકારાયા પછી કોઈ ફિલ્ડર બોલને કેચ રૂપે ઝડપે–પરંતુ પ્રથમ વખત ફટકારવામાં આવ્યા પછી જો બોલ જમીનને અડયો ન હોય તો જ.

**(ઈ)** અમ્પાયર, અન્ય ફિલ્ડર અથવા બીજા બેટ્સમેનને બોલ અડે પછી કોઈ ફિલ્ડર બોલનો કેચ ઝડપે. તેમ છતાં, કોઈ ફિલ્ડર દ્વારા પહેરવામાં આવેલી રક્ષણાત્મક હેલમેટને જો બોલ તે પૂર્વે અડયો હોય તો તે વાજબી કેચ ગણાશે નહીં. આ પછી પણ બોલ રમતમાં રહેશે.

**(ફ)** બાઉન્ડ્રી લાઈન પસાર કરી ચૂકેલા બોલને કોઈ ફિલ્ડર કેચ રૂપે હવામાં જ ઝડપી લે–એ શરતે કે........

(૧) તે ફિલ્ડર જયારે બોલના સંપર્કમાં હોય તે વેળાની કોઈ પણ પળે, તેના શરીરનો કોઈ પણ ભાગ બાઉન્ડ્રીને સ્પર્શયો ન હોય અથવા બાઉન્ડ્રી બહારની જમીનને અડયો ન હોય

(૨) બાઉન્ડ્રી બહારની જમીનને બોલ અડી ચૂકયો ન હોય. જુઓ નિયમ : ૧૯.૩ (બાઉન્ડ્રી સ્કોર થવી). નિયમ : ૧૯.૪ (બાઉન્ડ્રી પાર કરતો બોલ) પણ ધ્યાનમાં લો.

## (૪) રમતના મેદાનમાં રહેતો ફિલ્ડર :

**(અ)** કોઈ ફિલ્ડરના શરીરનો કોઈ ભાગ બાઉન્ડ્રીને સ્પર્શે અથવા બાઉન્ડ્રી બહારની જમીનને અડે, તો તે ફિલ્ડર રમતના મેદાનની અંદર ગણાશે નહીં. જુઓ નિયમ : ૧૯.૩ (બાઉન્ડ્રી સ્કોર થવી).

**(બ)** ૬ (છ) રનો સ્કોર થયેલા ગણાશે – જો કોઈ ફિલ્ડર :

(૧) બોલનો કેચ પકડે ત્યારે તેના શરીરનો કોઈ ભાગ બાઉન્ડ્રીને સ્પર્શે અથવા બાઉન્ડ્રી બહારની જમીનને અડે.

(૨) બોલનો કેચ પકડે અને ત્યાર પછી બોલ હાથમાં હોય ત્યારે–પરંતુ કેચ પૂર્ણ કરવા અગાઉ, બાઉન્ડ્રીને સ્પર્શે અથવા તેના શરીરનો કોઈ ભાગ બાઉન્ડ્રી બહારની જમીનને અડે. જુઓ નિયમ : ૧૯.૩ (બાઉન્ડ્રી સ્કોર કરવી) અને ૧૯.૫ (બાઉન્ડ્રીઓ માટેના માન્ય રનો).

**(૫) કોઈ રનો નોંધાશે નહીં :**

જો સ્ટ્રાઈકર કેચ આઉટ જાહેર થાય તો, કેચ પૂર્ણ થાય તે અગાઉ તે ડીલીવરી પર બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનો નોંધાશે નહીં – પરંતુ બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલા પેનલ્ટી માટેના રનો યથાવત્ રહેશે. નિયમ : ૧૮.૧૨ (પોતે છોડેલી વિકેટ પર પરત ફરતો બેટ્સમેન) કેચ પૂર્ણ થવાની પળથી લાગુ પડશે.

## નિયમ : ૩૩ હેનડલ્ડ ધ બોલ (બોલને હાથ વડે સ્પર્શવો / પકડવો) :

**(૧) હેનડલ્ડ ધ બોલ આઉટ ગણાશે :**

**(અ)** બોલ રમતમાં હોય ત્યારે બેમાંથી જે કોઈ પણ બેટ્સમેન, બેટ ન પકડયું હોય એવા એક હાથના પંજા અથવા બંને હાથોના પંજાઓ વડે જો જાણીજોઈને બોલને સ્પર્શે તો તે હેનડલ્ડ ધ બોલ આઉટ ગણાશે–સિવાય કે કોઈ ફિલ્ડરની સંમતિથી તે આવું કરે.

**(બ)** બોલ રમતમાં હોય ત્યારે અને કોઈ ફિલ્ડરની સંમતિ વિના, જો બેમાંથી જે કોઈ પણ બેટ્સમેન, બેટ ન પકડયું હોય એવા એક હાથના પંજા અથવા બંને હાથોના પંજાઓ વડે કોઈ પણ ફિલ્ડરને બોલ પરત કરે તો તે બેટ્સમેન, આ નિયમ હેઠળ આઉટ ગણાશે.

**(૨) હેનડલ્ડ ધ બોલ આઉટ ગણાશે નહીં :**

ઉપર્યુકત પેટા નિયમ : (૧) હોવા છતાં, જો બેટ્સમેન ઈજા નિવારવા માટે બોલને હાથ લગાડે તો, તે આ નિયમ હેઠળ આઉટ ગણાશે નહીં.

**(૩) સ્કોર થયેલા (નોંધવાપાત્ર) રનો :**

બેમાંથી કોઈ પણ બેટ્સમેન હેનડલ્ડ ધ બોલ આઉટ જાહેર થાય તો, નિયમના ઉલ્લંઘન પૂર્વે બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનોની સાથોસાથ બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલી પેનલ્ટીઓ માટેના કોઈ પણ રનો સ્કોર થશે અર્થાત્ નોંધાશે. જુઓ નિયમ : ૧૮.૬ (પેનલ્ટીઓ માટે એનાયત થતા રનો) અને ૧૮.૯ (કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય ત્યારે સ્કોર થતા રનો).

**(૪) બોલરને યશ મળશે નહીં :**

બોલરને વિકેટ માટેનો યશ મળશે નહીં.

## નિયમ : ૩૪ હીટ ધ બોલ ટવાઈસ (બોલને બીજીવાર ફટકારવો) :

### (૧) હીટ ધ બોલ ટવાઈસ આઉટ ગણાશે :

(અ) બોલ રમતમાં હોય ત્યારે, તે સ્ટ્રાઈકરના શરીરના કોઈ પણ ભાગને અડે અથવા સ્ટ્રાઈકર પોતાના બેટ વડે તેને ફટકારે અને કોઈ ફિલ્ડર બોલને સ્પર્શે તે પૂર્વે, સ્ટ્રાઈકર જાણીજોઈને તેના બેટ વડે અથવા બેટ ન પકડેલ હાથના પંજા સિવાયના શરીરના ભાગ વડે ફરી ફટકારે તો, સ્ટ્રાઈકર હીટ ધ બોલ ટવાઈસ આઉટ ગણાશે – સિવાય કે તે પોતાની વિકેટનું રક્ષણ કરવા માત્રના હેતુસર આવું કરે. જુઓ નીચે પેટા નિયમ : (૩) તથા નિયમ : ૩૩ (હેનડલ્ડ ધ બોલ) અને ૩૭ (ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ).

(બ) આ નિયમના હેતુ માટે 'અડે' અથવા 'ફટકારે' શબ્દોમાં સ્ટ્રાઈકરના શરીર સાથે બોલનો સંપર્ક સમાવિષ્ટ છે.

### (૨) હીટ ધ બોલ ટવાઈસ આઉટ ગણાશે નહીં :

ઉપર્યુકત પેટા નિયમ : (૧) (અ) હોવા છતાં, સ્ટ્રાઈકર આ નિયમ હેઠળ આઉટ ગણાશે નહીં–જો....

(અ) કોઈ પણ ફિલ્ડરને બોલ પરત કરવા માટે સ્ટ્રાઈકર બીજી વખત અથવા ત્યાર પછી ફરી ફટકારે. તેમ છતાં, નિયમ : ૩૭.૪ (કોઈ ફિલ્ડરને બોલ પરત કરવો) ની જોગવાઈઓ ધ્યાનમાં લો.

(બ) કોઈ ફિલ્ડરને બોલ અડે પછી સ્ટ્રાઈકર જાણીજોઈને બોલને ફટકારે. તેમ છતાં, નિયમ : ૩૭.૧ (ફિલ્ડીંગમાં અવરોધ પહોંચાડવા બદલ આઉટ ગણાશે)ની જોગવાઈઓ ધ્યાનમાં લો.

### (૩) નિયમાનુસાર એકથી વધુ વખત ફટકારાયેલો બોલ :

ફકત પોતાની વિકેટનું રક્ષણ કરવા માટે અને બોલને કોઈ ફિલ્ડર અડે તે પૂર્વે, સ્ટ્રાઈકર પોતાના બેટ વડે અથવા બેટ ન પકડેલ હાથના પંજા સિવાયના તેના શરીરના કોઈ પણ ભાગ વડે, નિયમાનુસાર બીજી વખત અથવા ત્યાર પછી ફરી વખત બોલને ફટકારી શકે છે. આ જોગવાઈ હોવા છતાં, સ્ટ્રાઈકર પોતાની વિકેટ બચાવવા એકથી વધુ વખત બોલને ફટકારીને, કેચ થઈ રહેલા બોલને અટકાવી ન શકે. જુઓ નિયમ : ૩૭.૩ (કેચ થઈ રહેલા બોલને અવરોધવો.)

### (૪) નિયમાનુસાર એકથી વધુ વખત ફટકારાયેલા બોલ થકી સ્કોર થતા રનો :

ઉપર્યુકત પેટા નિયમ : (૩) માં માન્ય રાખવા મુજબ, બોલને એકથી વધુ વખત નિયમાનુસાર ફટકારવામાં આવ્યો હોય ત્યારે, બોલના માત્ર પ્રથમ સંપર્કને જ ધ્યાનમાં રાખીને નકકી કરવામાં આવશે કે આ રન માન્ય રાખવા કે નહીં તથા માન્ય રાખવાના હોય તો આ રન કયા પ્રકારે નોંધવા.

**(અ)** પ્રથમ સંપર્ક સંદર્ભે જો, અમ્પાયર સંતુષ્ટ હોય કે.....
... કયાં તો .... (૧) બેટ સાથે બોલ પહેલો અફળાયો હતો
... અથવા .... (૨) સ્ટ્રાઈકરે પોતાના બેટ વડે બોલને રમવાનો પ્રયત્ન કર્યો હતો
... અથવા .... (૩) બોલથી થનારી ઈજા નિવારવાનો સ્ટ્રાઈકરે પ્રયત્ન કર્યો હતો
......તો લાગુ પડનારી પેનલ્ટીઓ માટેના
કોઈ પણ રનો બેટીંગ ટીમના ખાતામાં જમા થશે.

**(બ)** વધારામાં, ઉપર્યુકત પેટા નિયમ : (અ) ની શરતો પરિપૂર્ણ થતી હોય તો પછી, જો રનો ઓવરો–થ્રોથી પરિણમે અને જો રનો માત્ર ઓવર–થ્રોથી જ પરિણમે તો, બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનો અથવા કોઈ બાઉન્ડ્રી સ્કોર થશે અર્થાત્ નોંધાશે. પ્રથમ વાર બોલનો સંપર્ક બેટ સાથે થયો હોય તો રન સ્ટ્રાઈકરના ખાતે જમા થશે. પ્રથમ વાર બોલનો સંપર્ક સ્ટ્રાઈટરના શરીર સાથે થયો હોય તો રનની નોંધણી લેગ–બાય અથવા નો–બોલ એક્ષટ્રા તરીકે–જે ઉચિત હોય–તે પ્રકારે થશે. જુઓ નિયમ : ૨૬.૨(લેગ–બાય).

**(ક)** જો ઉપર્યુકત પેટા નિયમ : (અ)ની શરતો પરિપૂર્ણ થતી હોય અને બંને બેટ્સમેનોએ રન લેવા માટે દોડવાનું શરૂ કર્યા પછી સુધી, પરંતુ એક રન પૂર્ણ થાય તે અગાઉ સુધીમાં, કોઈ ઓવર–થ્રો થયો ન હોય તો....

...(૧) ફકત ત્યાર પછીના પૂર્ણ થયેલા રનો અથવા કોઈ બાઉન્ડ્રી સ્કોર થશે અથવા નોંધાશે. બોલ થ્રો થવાની પળે બંને બેટ્સમેનો રન લેવાના પ્રયાસ દરમ્યાન એકબીજાને ક્રોસ થઈ ચૂકયા ન હોય તો અને માત્ર તો જ, આ પેટા નિયમ તથા નીચેના પેટા નિયમ : (૩)ના હેતુઓ માટે પ્રથમ રનને પૂરા થયેલા રન તરીકે ગણવામાં આવશે.

...(૨) આવા સંજોગોમાં જો થ્રોના કારણે બોલ બાઉન્ડ્રી બહાર પહોંચે તો પછી, નિયમ : ૧૯.૭(ઓવર–થ્રો અથવા ફિલ્ડર દ્વારા જાણીજોઈને થયેલું કૃત્ય)ની જોગવાઈઓ હોવા છતાં, માત્ર બાઉન્ડ્રી વળતર જ નોંધવામાં આવશે.

...(૩) આ પછીના વધુ એક (અર્થાત્ બીજા) ઓવર–થ્રોના પરિણામે જો બોલ બાઉન્ડ્રીની બહાર પહોંચે તો પછી, પ્રથમ થ્રો બાદ અને આ અંતિમ (અર્થાત્ બીજા) થ્રો પૂર્વે, બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનો બાઉન્ડ્રીના વળતરમાં ઉમેરવામાં આવશે. પ્રથમ થ્રોની પળે બંને બેટ્સમેનો એકબીજાને ક્રોસ થઈ ન ચૂકયા હોય તો જ દોડીને લેવામાં આવી રહેલા રનને પૂર્ણ રન તરીકે ગણવામાં આવશે, અંતિમ થ્રોની પળે બંને બેટ્સમેનો એકબીજાને ક્રોસ થઈ ચૂકયા હોય તો જ દોડીને લેવામાં આવી રહેલા રનને પૂર્ણ રન તરીકે ગણવામાં આવશે. નિયમ : ૧૮.૧૨ (પોતે છોડેલી વિકેટ પર પરત ફરતો બેટ્સમેન) અંતિમ થ્રોની પળથી લાગુ પડશે.

**(ડ)** અમ્પાયરના મતાનુસાર, ઉપર્યુકત પેટા નિયમ : (અ)ની કોઈ પણ શરતો પરિપૂર્ણ થતી ન હોય, પછી ભલે કોઈ ઓવર–થ્રો થયો હોય કે ન હોય તો પણ, બેટીંગ ટીમને તે બોલ પર, નો–બોલની પેનલ્ટી જો લાગુ પડતી હોય તો તે સિવાય, કોઈ રન ફાળવવામાં આવશે નહીં. તદ્ઉપરાંત, પેનલ્ટીઓ માટેના અન્ય કોઈ રનો **બેટીંગ ટીમને એનાયત થશે નહી.**

**(૫) નિયમાનુસાર એકથી વધુ વખત ફટકારાયેલો બોલ–અમ્પાયર દ્વારા કાર્યવાહી :**
કયાં તો ઉપયુર્કત પેટા નિયમ : (૪) (ડ) ના સંજોગોમાં અથવા ઓવર થ્રો ન થવાને કારણે, જો કોઈ રન માન્ય ન હોય અને.....

**(અ)** રન લેવાનો પ્રયાસ જો ન થયો હોય, પરંતુ બોલ બાઉન્ડ્રીને પાર કરે તો, અમ્પાયર ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે તથા બાઉન્ડ્રી અમાન્ય (૨૬) કરશે.

**(બ)** જો બંને બેટ્સમેનો રન લેવા માટે દોડે અને.....

(૧) બેમાંથી એક પણ બેટ્સમેન આઉટ જાહેર થયો ન હોય અને અન્ય કોઈ પણ કારણસર બોલ ડેડ થયો ન હોય તો, એક રન પૂરો થતાં જ અથવા બોલ બાઉન્ડ્રીને પાર કરતા જ અમ્પાયર ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે. રન અથવા બાઉન્ડ્રી અમાન્ય (૨૬) કરવામાં આવશે. બંને બેટ્સમેનો પોતપોતાના મૂળ (અસલ) છેડાઓ પર પરત ફરશે.

અથવા (૨) કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય અથવા એક રન પૂરો થાય તે પૂર્વે કે બોલ બાઉન્ડ્રીને પાર કરે તે પૂર્વે, અન્ય કોઈ પણ કારણસર બોલ ડેડ બની જાય તો, નિયમોની બધી જોગવાઈઓ લાગુ પડશે–સિવાય કે ઉપર્યુકત પેટા નિયમો : (૪) (અ) અથવા (૪) (ડ)માં દર્શાવાયેલી પેનલ્ટી, ઉચિત હશે તે પ્રમાણે બેટીંગ ટીમને એનાયત કરવામાં આવશે.

**(૬) બોલરને યશ મળશે નહીં :**
બોલરને વિકેટ માટેનો યશ મળશે નહીં.

## નિયમ : ૩૫ હીટ વિકેટ (હીટ વિકેટ) :

**(૧) હીટ વિકેટ આઉટ ગણાશે :**

**(અ)** બોલર પોતાની ડીલીવરી સ્ટ્રાઈડમાં પ્રવેશ્યા બાદ અને બોલ રમતમાં હોય ત્યારે, નિયમ : ૨૮.૧ (અ) (૨) અને (૩) (ખોરવાયેલી વિકેટ)માં વર્ણવ્યા મુજબ, સ્ટ્રાઈકરની વિકેટ કયાં તો તેના પોતાના બેટ દ્વારા અથવા તેના શરીર દ્વારા :

...કયાં તો... (૧) ડીલીવરી (બોલર દ્વારા નાંખવામાં આવનાર બોલ) રમવાની તૈયારીમાં અથવા ડીલીવરી રમતી વેળા તેણે આદરેલી કોઈ પણ ક્રિયા દરમ્યાન.

...અથવા... (૨) બોલ રમ્યા પછી અથવા રમતી વેળા તાત્કાલિક પોતાનો પ્રથમ રન લેવાની તૈયારીમાં...

...અથવા... (૩) જો તેણે બોલને રમવાનો કોઈ પ્રયાસ કર્યો ન હોય અને પોતાનો પ્રથમ રન લેવાની તૈયારીમાં–એ શરતે કે અમ્પાયરના મતાનુસાર તેને (સ્ટ્રાઈકરને) બોલ રમવાની મળેલી તક પછી તરત જ આવું બને..

(૪) નિયમ : ૩૪.૩ (નિયમાનુસાર એકથી વધુ વખત ફટકારાયેલો બોલ)ની જોગવાઈઓની મર્યાદામાં રહીને પોતાની વિકેટનું રક્ષણ કરવાના હેતુસર, નિયમાનુસાર બીજો અથવા વધારાનો સ્ટ્રોક રમતી વેળા....

.....ખોરવાઈ જાય તો સ્ટ્રાઈકર હીટ વિકેટ આઉટ ગણાશે.

**(બ)** બોલર પોતાની ડીલીવરી સ્ટ્રાઈડમાં પ્રવેશે તે પૂર્વે, સ્ટ્રાઈકર, નિયમ : ૨૮.૧ (અ) (૨) અને (૩) (ખોરવાયેલી વિકેટ)માં વર્ણવેલા કોઈ પણ પ્રકારે, પોતાની વિકેટ ખોરવી નાંખે તો, બેમાંથી કોઈ પણ અમ્પાયર ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

**(૨) હીટ વિકેટ આઉટ ગણાશે નહીં :**

ઉપર્યુકત પેટા નિયમ : (૧) હોવા છતાં, જો સ્ટ્રાઈકરની વિકેટ ઉપર્યુકત પેટા નિયમ : (૧)માં નિર્દિષ્ટ કોઈ પણ પ્રકારે ખોરવાઈ જાય તો, આ નિયમ હેઠળ તે આઉટ ગણાશે નહીં, જો –

**(અ)** ઉપર્યુકત પેટા નિયમ : (૧) (અ)ના વિભાગો (૨), (૩) અથવા (૪) સિવાય, ડીલીવરી રમવાની કોઈ પણ ક્રિયા તેણે પૂર્ણ કર્યા બાદ તે ઉદ્‌ભવે.

**(બ)** પોતાના પ્રથમ રન માટેના તાત્કાલિક પ્રારંભ સિવાય, તે (સ્ટ્રાઈકર) રન લેવા માટે દોડી રહ્યો હોય ત્યારે તે ઉદ્‌ભવે.

**(ક)** રન આઉટ અથવા સ્ટમ્પડ આઉટ નિવારવાના તેના પ્રયાસ વેળા તે ઉદ્‌ભવે.

**(ડ)** ફિલ્ડરના થ્રોથી થનારી ઈજા નિવારવાના તેના પ્રયાસ દરમ્યાન કોઈ પણ પળે તે ઉદ્‌ભવે.

**(ઈ)** પોતાની ડીલીવરી સ્ટ્રાઈડમાં પ્રવેશ્યા પછી, બોલર બોલ ડીલીવર ન કરે. આ કિસ્સામાં બેમાંથી કોઈ પણ અમ્પાયર તાત્કાલિક ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે. જુઓ નિયમ : ૨૩.૪ (ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરતો અમ્પાયર).

(ફ) તે ડીલીવરી નો–બોલ હોય.

## નિયમ : ૩૬ લેગ બિફોર વિકેટ (લેગ બિફોર વિકેટ) :

**(૧) એલ.બી.ડબલ્યુ આઉટ ગણાશે :**

નીચે દર્શાવેલા સંજોગોમાં સ્ટ્રાઈકર એલ.બી.ડબલ્યુ આઉટ ગણાશે :

**(અ)** નો–બોલ ન હોય એવો બોલ, બોલર ડીલીવર કરે અને

અને **(બ)** ફૂલ પીચમાં વિઘ્ન નડયું ન હોત તો, બોલની પીચ વિકેટ અને વિકેટ વચ્ચેની રેખામાં અથવા સ્ટ્રાઈકરની વિકેટની ઓફ સાઈડ પર પડી હોય.

અને **(ક)** અગાઉ તેના (સ્ટ્રાઈકરના) બેટને અડયો ન હોય એવા, કયાં તો ફૂલ પીચ અથવા પીચ પડયા પછીના બોલ માટે, સ્ટ્રાઈકર પોતાના શરીરના કોઈ પણ ભાગ વડે વિઘ્ન પેદા કરે.

અને (ડ) બોલનું પોઈન્ટ ઓફ ઈમ્પેકટ (પ્રથમ સંપર્ક બિંદુ) બેઈલના લેવલ (સ્તર)થી ઉપર હોય તો પણ

કયાં તો.... (૧) વિકેટ અને વિકેટની વચ્ચે હોય.

અથવા.... (૨) જો સ્ટ્રાઈકરે પોતાના બેટ વડે બોલને રમવાનો પ્રમાણિક (યથાર્થ/વિશુધ્ધ) પ્રયત્ન કર્યો ન હોય અને તે કયાં તો વિકેટ અને વિકેટની વચ્ચે અથવા ઓફ સ્ટમ્પની લાઈનની બહાર હોય.

અને **(ઈ)** અગર વિઘ્ન નડયું ન હોત તો, બોલ વિકેટને અથડાયો હોત.

**(૨) બોલ માટે વિઘ્ન :**

**(અ)** ઉપર્યુકત પેટા નિયમ : (૧)ના વિભાગો (ક), (ડ) અને (ઈ)ના મુદ્દાઓના અર્થઘટનમાં, માત્ર પ્રથમ વિઘ્નને જ ધ્યાનમાં લેવાશે.

(બ) ઉપર્યુકત પેટા નિયમ : (૧)ના મુદ્દા (ઈ)ના અર્થઘટનમાં, એવું અનુમાન કરવું પડે કે વિઘ્ન પૂર્વેનો બોલનો માર્ગ વિઘ્ન પછી પણ આગળ ચાલુ રહયો હોત, પછી ભલેને ત્યાર બાદ તે બોલની પીચ પડી કે ન પડી હોત.

**(૩) વિકેટની ઓફ સાઈડ :**

જે તે ડીલીવરી માટેનો બોલ રમતમાં આવે (અર્થાત્ બોલર જેવું પોતાનું રન–અપ અથવા બોલિંગ એકશન શરૂ કરે) તે ક્ષણે સ્ટ્રાઈકરે લીધેલા સ્ટાન્સ દ્વારા, સ્ટ્રાઈકરની વિકેટની ઓફ સાઈડ નિર્ધારિત થશે. (આકૃતિ માટે પાછળ જુઓ).

## નિયમ : ૩૭ ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ (ફિલ્ડીંગમાં અવરોધ પહોંચાડવો) :

**(૧) ફિલ્ડીંગમાં અવરોધ પહોંચાડવા બદલ આઉટ ગણાશે :**

બેમાંથી જે કોઈ પણ બેટ્સમેન શબ્દ અથવા કૃત્ય દ્વારા ફિલ્ડીંગ ટીમ માટે જાણીબૂજીને અવરોધ અથવા ખલેલ પેદા કરે તો તે બેટ્સમેન ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ નિયમ હેઠળ આઉટ ગણાશે. વધારામાં, કોઈ ફિલ્ડર બોલને અડે ત્યાર બાદ, બેમાંથી કોઈ પણ બેટ્સમેન બોલ રમતમાં હોય ત્યારે જાણીબૂજીને તથા કોઈ ફિલ્ડરની સંમતિ વિના, પોતાના બેટ અથવા બેટ ન પકડેલા હાથના પંજા સિવાયના શરીરના ભાગ વડે ફટકારે તો, તે અવરોધ તરીકે ગણાશે. ફિલ્ડીંગ ટીમને આ કારણે કોઈ ગેરલાભ થતો હોય કે ન થતો હોય તો પણ આ લાગુ પડશે. જુઓ નીચે પેટા નિયમ : (૪).

**(૨) આકસ્મિક અવરોધ :**

કોઈ પણ અવરોધ અથવા ખલેલ જાણીબૂજીને કરવામાં આવ્યો છે કે નહીં તેનો નિર્ણય બેમાંથી કોઈ પણ અમ્પાયર કરી શકે છે. તેને શંકા હોય તો અન્ય (સાથી) અમ્પાયર જોડે તે સલાહ–મસલત કરશે.

**(૩) કેચ થઈ રહેલા બોલને અવરોધવો :**

બેમાંથી કોઈ પણ બેટ્સમેન દ્વારા, કેચ ઝડપાતો અટકાવવા માટે જાણીબૂજીને અવરોધ અથવા ખલેલ થાય તો, સ્ટ્રાઈકર જ આઉટ ગણાશે.
નિયમ : ૩૪.૩ (નિયમાનુસાર એકથી વધુ વખત ફટકારાયેલો બોલ) ની જોગવાઈઓ હેઠળ, સ્ટ્રાઈકર પોતાની વિકેટનું નિયમાનુસાર રક્ષણ કરતી વેળા અવરોધ પેદા કરે, તો પણ આ નિયમ લાગુ પડશે.

**(૪) કોઈ ફિલ્ડરને બોલ પરત કરવો :**

કોઈ ફિલ્ડરની સંમતિ વિના અને બોલ રમતમાં હોય ત્યારે, બેમાંથી જે કોઈ પણ બેટ્સમેન, પોતાના બેટ અથવા બેટ ન પકડેલા હાથના પંજા સિવાયના, શરીરના ભાગના ઉપયોગથી કોઈ પણ ફિલ્ડરને બોલ પરત કરે તો, આ નિયમ હેઠળ તે સંબંધિત બેટ્સમેન આઉટ ગણાશે.

**(૫) સ્કોર થયેલા રનો :**

બેમાંથી કોઈ પણ બેટ્સમેન ઓબસ્ટ્રકટીંગ ધ ફિલ્ડ નિયમ હેઠળ આઉટ જાહેર થાય તો, ઉલ્લઘંન પૂર્વે બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનોની સાથોસાથ, બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલી પેનલ્ટીઓ માટેના કોઈ પણ રનો સ્કોર થશે અર્થાત્ નોંધાશે. જુઓ નિયમ : ૧૮.૬ (પેનલ્ટીઓ માટે એનાયત થતા રનો) અને ૧૮.૯ (કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય ત્યારે સ્કોર થતા રનો).

તેમ છતાં, જો અવરોધના કરાણે ફિલ્ડર કેચ ઝડપવાથી વંચિત રહે તો, ઉલ્લંઘન પૂર્વે બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનો નોંધાશે નહીં, પરંતુ પેનલ્ટીઓ માટેના કોઈ રનો બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયા હોય તો તે રનો યથાવત્ રહેશે અર્થાત્ નોંધાશે.

(૬) **બોલરને યશ મળશે નહીં :**
બોલરને વિકેટ માટેનો યશ મળશે નહીં.

## નિયમ : ૩૮ રન આઉટ ( રન આઉટ) :

(૧) **રન આઉટ ગણાશે :**

(અ) નીચેના પેટા નિયમ : (૨)માં દર્શાવ્યું છે તે સિવાય, જયારે બોલ રમતમાં હોય તેવી કોઈ પણ પળે બેમાંથી કોઈ પણ બેટ્સમેન રન આઉટ થયેલો ગણાશે જો
(૧) તે પોતાના ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ)ની બહાર હોય.
અને... (૨) તેની વિકેટ ઉચિતપણે કોઈ ફિલ્ડરના કૃત્ય દ્વારા ખોરવી નાંખવામાં આવે.

(બ) નો–બોલ જાહેર થયો તો પણ અને કોઈ રન લેવાનો પ્રયાસ થયો હોય કે ન થયો હોય તો પણ, ઉપર્યુકત પેટા નિયમ : (અ) લાગુ પડશે–સિવાય કે નીચેના પેટા નિયમ : ૨ (ઈ)ના સંજોગો હોય.

(૨) **બેટ્સમેન રન આઉટ ગણાશે નહીં :**
ઉપર્યુકત પેટા નિયમ : (૧) હોવા છતાં, બેટ્સમેન રન આઉટ ગણાશે નહીં, જો....

(અ) તે પોતાના ગ્રાઉન્ડ (અર્થાત્ તે છેડાની પોપીંગ ક્રીઝ)ની અંદર જ હોય અને ત્યાર બાદ ઈજા નિવારવા માટે તે ગ્રાઉન્ડ છોડે – કે જયારે વિકેટ ખોરવવામાં આવી હોય. નિયમ : ૨૯.૧ (બ) (પોતાના ગ્રાઉન્ડની બહાર કયારે ?)ની જોગવાઈઓ પણ ધ્યાનમાં લો.

(બ) બોલરે પોતાની ડીલીવરી સ્ટ્રાઈડમાં પ્રવેશ કર્યા બાદ અને વિકેટ ખોરવવામાં આવે તે પૂર્વે, કોઈ ફિલ્ડર દ્વારા ત્યાર પછી ફરી વાર બોલને સ્પર્શ થયો ન હોય.

(ક) સ્ટ્રાઈકર દ્વારા રમવામાં આવેલો અથવા તેના શરીર પરથી ઉછળેલો બોલ, કોઈ ફિલ્ડર દ્વારા પહેરવામાં આવેલી રક્ષણાત્મક હેલમેટ સાથે સીધો અફળાય અને તે ફિલ્ડર અથવા અન્ય કોઈ ફિલ્ડરના વધુ સંપર્કમાં આવ્યા વિના, બોલ ફરી ઉછળીને સીધો વિકેટમાં ટકરાય. તેમ છતાં, બોલ તો રમતમાં જ રહે છે અને ત્યાર બાદ વિકેટ ખોરવવામાં આવે તો, ઉપર્યુકત પેટા નિયમ : (૧)માં જણાવેલ સંજોગોમાં, બેમાંથી કોઈ પણ બેટ્સમેન રન આઉટ થઈ શકે છે.

(ડ) તે સ્ટમ્પડ આઉટ થાય. જુઓ નિયમ : ૩૯.૧(બ) (સ્ટમ્પડ આઉટ ગણાશે).

(ઈ) નો–બોલ જાહેર થયો હોય,
અને....(૧) કોઈ રન લેવાનો પ્રયાસ ન કરતો સ્ટ્રાઈકર પોતાના ગ્રાઉન્ડ (અર્થાત્ તે છેડાની પોપીંગ ક્રીઝ)ની બહાર હોય
અને.... (૨) અન્ય ફિલ્ડરના હસ્તક્ષેપ (સહકાર) વિના, વિકેટકીપર દ્વારા ઉચિતપણે વિકેટ ખોરવવામાં આવે.

**(૩) કયો બેટ્સમેન આઉટ છે? :**

જે છેડાની વિકેટ ખોરવવામાં આવી હોય તે છેડાનું ગ્રાઉન્ડ જેનું હોય તે બેટ્સમેન, ઉપર્યુકત પેટા નિયમ : (૧)ના સંજોગોમાં આઉટ ગણાશે. જુઓ નિયમ : ૨.૮ (રનર ધરાવતા બેટ્સમેન દ્વારા નિયમોનું ઉલ્લંઘન) અને ૨૯.૨ (બેટ્સમેનનું ગ્રાઉન્ડ કયું?).

**(૪) સ્કોર થયેલા રનો :**

બેમાંથી કોઈ પણ બેટ્સમેન જો રન આઉટ જાહેર થાય તો, વિકેટ ખોરવવામાં આવી ત્યારે, દોડીને લેવામાં આવી રહેલો રન સ્કોર થશે નહીં અર્થાત્ નોંધાશે નહીં, પરંતુ બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનોની સાથોસાથ બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલી પેનલ્ટીઓ માટેના કોઈ પણ રનો યથાવત્ રહેશે અર્થાત્ સ્કોર થશે. જુઓ નિયમ : ૧૮.૬ (પેનલ્ટીઓ માટે એનાયત થતા રનો) અને ૧૮.૯ (કોઈ બેટ્સમેન આઉટ જાહેર થાય ત્યારે સ્કોર થતા રનો).

તેમ છતાં, જો, સ્ટ્રાઈકર–કે જે રનર ધરાવે છે તે, પોતે જ રન આઉટ જાહેર થાય તો, વિકેટ ખોરવવામાં આવી તે પૂર્વે, રનર અને અન્ય બેટ્સમેન દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનો સ્કોર થશે નહીં અર્થાત્ નોંધાશે નહીં–પરંતુ, બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલી પેનલ્ટીઓ માટેના કોઈ પણ રનો યથાવત્ રહેશે. જુઓ નિયમ : ૨.૮ (રનર ધરાવતા બેટ્સમેન દ્વારા નિયમોનું ઉલ્લંઘન).

**(૫) બોલરને યશ મળશે નહીં :**
બોલરને વિકેટ માટેનો યશ મળશે નહીં.

## નિયમ : ૩૯ સ્ટમ્પ્ડ (સ્ટમ્પ્ડ) :

**(૧) સ્ટમ્પ્ડ આઉટ ગણાશે :**

**(અ)** નીચેના પેટા નિયમ : (૩)માં દર્શાવ્યા મુજબ હોય એ સિવાય, સ્ટ્રાઈકર સ્ટમ્પ્ડ આઉટ ગણાશે, જો....

(૧) નો–બોલ ન હોય એવો બોલ ડીલીવર થયો હોય

અને (૨) નીચેના પેટા નિયમ : (૩)માં દર્શાવ્યા મુજબ હોય એ સિવાય, તે (સ્ટ્રાઈકર) પોતાના ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ)ની બહાર હોય

અને (૩) તેણે કોઈ રન લેવાનો પ્રયાસ કર્યો ન હોય

જયારે (૪) અન્ય ફિલ્ડરના હસ્તક્ષેપ (સહકાર) વિના વિકેટકીપર દ્વારા ઉચિતપણે તેની વિકેટ ખોરવી નાંખવામાં આવે. તેમ છતાં, નિયમો : ૨.૮ (ક) (રનર ધરાવતા બેટ્સમેન દ્વારા નિયમોનું ઉલ્લંઘન) અને ૪૦.૩ (વિકેટકીપરની સ્થિતિ) ધ્યાનમાં લો.

**(બ)** રન આઉટનો નિર્ણય યથાર્થ જણાતો હોય તો પણ, જો ઉપર્યુકત પેટા નિયમ : (અ)ની બધી શરતો સંતોષાતી હોય તો, સ્ટ્રાઈકર સ્ટમ્પ્ડ આઉટ જ ગણાશે.

(૨) **વિકેટકીપરના શરીર પરથી ટકરાઈને ફરી પાછો ઉછળતો બોલ :**

(અ) બોલ દ્વારા વિકેટ ખોરવાઈ હોય તો પણ, તે વિકેટકીપર દ્વારા જ ખોરવવામાં આવી હોવાનું માનવામાં આવશે – જો બોલ –

(૧) વિકેટકીપરના શરીરના કોઈ પણ ભાગ સાથે અથવા રક્ષણાત્મક હેલમેટ સિવાયના ઉપકરણ સાથે ટકરાયા બાદ સ્પમ્પમાં અથડાય.

અથવા (૨) વિકેટકીપર દ્વારા કીક મારીને અથવા થ્રો દ્વારા સ્ટમ્પમાં મારવામાં આવે.

(બ) વિકેટકીપર દ્વારા પહેરવામાં આવેલી રક્ષણાત્મક હેલમેટને બોલ સ્પર્શે તો પણ, બોલ તો રમતમાં જ રહે છે – પરંતુ સ્ટ્રાઈકર સ્ટમ્પ્ડ આઉટ થઈ ન શકે. તેમ છતાં, ત્યાર બાદ બોલ અને કોઈ પણ ફિલ્ડર વચ્ચે સંપર્ક થાય તો, આવા સંજોગોમાં તે (સ્ટ્રાઈકર) રન આઉટ થઈ શકે છે. આમ છતાં, નીચેના પેટા નિયમ : (૩)ને ધ્યાનમાં લો.

(૩) **સ્ટમ્પ્ડ આઉટ ગણાશે નહીં :**

(અ) ઉપયુર્કત પેટા નિયમ : (૧) હોવા છતાં, સ્ટ્રાઈકરની વિકેટ ખોરવવામાં આવે ત્યારે, સ્ટ્રાઈકરે જો ઈજા નિવારવા માટે પોતાનું ગ્રાઉન્ડ (પોપીંગ ક્રીઝ) છોડયું હોય તો તે સ્ટમ્પ્ડ આઉટ ગણાશે નહીં.

(બ) જો સ્ટ્રાઈકર સ્ટમ્પ્ડ આઉટ ન હોય તો, નિયમ : ૩૮.૨ (ઈ)ના સંજોગો સિવાય, જો નિયમ : ૩૮ (રન આઉટ)ની શરતો લાગુ પડે તો તે રન આઉટ થઈ શકે છે.

## નિયમ : ૪૦ ધ વિકેટકીપર (વિકેટકીપર) :

(૧) **રક્ષણાત્મક સાધન–સામગ્રી :**

વિકેટકીપર એકમાત્ર ફિલ્ડર છે કે જેને ગ્લવ્ઝ અને બાહ્યા લેગ ગાર્ડસ (પેડ્સ) પહેરવાની પરવાનગી હોય છે. જો તે આમ કરે (અર્થાત્ ગ્લવ્ઝ અને પેડ્સ પહેરે) તો, નિયમ : ૪૧.૨ (બોલ ફિલ્ડ કરવો)ના હેતુઓ માટે આ ઉપકરણો તેના શરીરના ભાગ તરીકે જ ગણાશે. તેના કૃત્યો અને સ્થિતિ થકી અમ્પાયરોને સ્પષ્ટ જણાય કે તે વિકેટટકીપર તરીકેની ફરજો બજાવી શકે એમ નથી તો, તે આ હક ગુમાવી દેશે ઓ સાથોસાથ નિયમો : ૩૨.૩ (વાજબી કેચ), ૩૯ (સ્ટમ્પ્ડ), ૪૧.૧ (રક્ષણાત્મક સાધન–સામગ્રી), ૪૧.૫ (ઓન–સાઈડના ફિલ્ડરોની સંખ્યા પર મર્યાદા) અને ૪૧.૬ (ફિલ્ડરો પિચ પર અતિક્રમણ કરી ન શકે)ના હેતુઓ માટે વિકેટકીપર તરીકેની માન્યતાઓ હક પણ ગુમાવી દે છે.

(૨) **ગ્લવ્ઝ :**

ઉપયુર્કત પેટા નિયમ : (૧)ની પરવાનગી હેઠળ, જો વિકેટકીપર ગ્લવ્ઝ પહેરે તો, આ ગ્લવ્ઝમાં આંગળીઓ વચ્ચે તેઓના જોડાણ (ઊીમ્મ્હિટ)નો પદાર્થ હોવો ન જોઈએ – સિવાય કે હાથની પ્રથમ આંગળી અને અંગૂઠા વચ્ચે, કે જયાં ટેકારૂપે આવો પદાર્થ સમાવવામાં આવ્યો હોય. અગર ગ્લવ્ઝમાં આવા જોડાણનો ઉપયોગ થયો હોય તો.......



**ચિત્ર નં. : ૧**
ચિત્ર નં : ૧ બતાવે છે કે વિકેટકીપરના ગ્લવમાં આંગળીઓ વચ્ચે તેઓના જોડાણનો કોઈ પદાર્થ નથી તેમજ અંગૂઠો અને પ્રથમ આંગળી વચ્ચે, ખેંચી ન શકાય તેવા પદાર્થનો એક જ ટૂકડો છે.



**ચિત્ર નં. : ૨**
ચિત્ર નંબર : ૨ બતાવે છે કે ગ્લવ પહેરેલા હાથના અંગૂઠાને પહોળો કરવામાં આવે ત્યારે આ જોડાણની ખુલ્લી ધાર, પ્રથમ આંગળીની ટોચથી માંડીને અંગૂઠાની ટોચને જોડતી સીધી રેખાથી વધુ ઉપર હોવી ન જોઈએ.

**(અ)** તે ખેંચી ન શકાય એવા પદાર્થનો એક જ ટૂકડો હોવો જોઈએ – જેમાં સુરક્ષાના હેતુ માટે વપરાયેલો પદાર્થ હોઈ શકે, કે જે વળેલો અથવા વધારાની મજબૂતી બક્ષતો હોવો ન જોઈએ.

**(બ)** પ્રથમ આંગળી અને અંગૂઠાના જોડાણની ઉપરની ધાર એવી હોવી જોઈએ કે......
(૧) તે પ્રથમ આંગળીની ટોચથી માંડીને અંગૂઠાની ટોચને જોડતી સીધી રેખાથી વધુ ઉપર ન હોય.
(૨) ગ્લવ પહેરેલા હાથનો અંગૂઠો પૂર્ણરૂપે પહોળો કરવામાં આવે ત્યારે તે ધાર પૂર્ણપણે ખેંચાયેલી હોવી જોઈએ. (જુઓ નિયમ જોડેના ચિત્ર નં.૧ અને ૨).

## (૩) વિકેટકીપરની સ્થિતિ :

બોલ રમતમાં આવે તે પળથી વિકેટકીપરે.....
**(અ)** બોલર દ્વારા ડીલીવર થયેલો બોલ –
કયાં તો ....... (૧) સ્ટ્રાઈકરના બેટ અથવા શરીરને અડે
અથવા ........ (૨) સ્ટ્રાઈકરના છેડાની વિકેટને પસાર કરે
અથવા (બ) સ્ટ્રાઈકર રન લેવાનો પ્રયાસ કરે
......ત્યાં સુધી પૂર્ણપણે સ્ટ્રાઈકરના છેડાની વિકેટની પાછળ જ રહેવું પડે.

વિકેટકીપર આ નિયમનું ઉલ્લંઘન કરે તેવા બનાવમાં, સ્ટ્રાઈકર છેડાનો અમ્પાયર, તે બોલની ડીલીવરી પછી શકય બનતાં વેંત જ, નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

## (૪) વિકેટકીપર દ્વારા હિલચાલ :

વિકેટની ખૂબ પાછળ ઊભેલો વિકેટકીપર, બોલ રમતમાં આવ્યા પછી અને તે સ્ટ્રાઈકર સુધી પહોંચે તે પૂર્વે, જો વિકેટ તરફ (વિકેટની દિશામાં) અર્થસભર (નોંધપાત્ર/સૂચક) હિલચાલ કરે તો તે ગેરવાજબી છે. વિકેટકીપર દ્વારા આવી ગેરવાજબી હિલચાલના બનાવમાં, બેમાંથી કોઈ પણ અમ્પાયર ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

જો કે કોઈ ધીમી ડીલીવરી માટે વિકેટકીપર થોડા ડગલાંઓ આગળ આવે તો તેને અર્થસભર હિલચાલ ગણી ન શકાય.

**(૫) વિકેટકીપરના કૃત્યો પર અંકુશ (નિયંત્રણ) :**

બેમાંથી કોઈ પણ અમ્પાયરના મતાનુસાર, સ્ટ્રાઈકરના બોલ રમવાના હક સંદર્ભે અને પોતાની વિકેટનું રક્ષણ કરવાના હક સંદર્ભે, વિકેટકીપર જો હસ્તક્ષેપ કરે તો, નિયમ : ૨૩.૪(બ) **(૬) (ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરતો અમ્પાયર) લાગુ પડશે.**

તેમ છતાં, જો બેમાંથી કોઈ પણ અમ્પાયર માનતો હોય કે વિકેટકીપર દ્વારા જાણીબૂજીને હસ્તક્ષેપ કરવામાં આવ્યો છે તો પછી નિયમ : ૪૨.૪ (સ્ટ્રાઈકરનું ધ્યાન ભંગ કરવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ) પણ લાગુ પડશે.

**(૬) સ્ટ્રાઈકર દ્વારા વિકેટકીપર સાથે હસ્તક્ષેપ :**

બોલ રમતી વેળા અથવા પોતાની વિકેટનો નિયમાનુસાર બચાવ કરવા દરમ્યાન, સ્ટ્રાઈકર જો વિકેટકીપર સાથે હસ્તક્ષેપ કરે તો, તે આઉટ ગણાશે નહીં – સિવાય કે નિયમ : ૩૭.૩ કેચ થઈ રહેલા બોલને અવરોધવો)માં જણાવ્યા મુજબ હોય.

## નિયમ : ૪૧ ધ ફિલ્ડર (ફિલ્ડર) :

**(૧) રક્ષણાત્મક સાધન–સામગ્રી :**

વિકેટકીપર સિવાય, કોઈ પણ ફિલ્ડરને ગ્લવ્ઝ અથવા બાહ્યા લેગ ગાર્ડસ (પેડ્સ) પહેરવાની પરવાનગી મળી ન શકે. વધારામાં, અમ્પાયરની સંમતિ માત્રથી જ હાથના પંજા અથવા આંગળીઓના રક્ષણ માટેની વસ્તુ પહેરી શકાશે.

**(૨) બોલ ફિલ્ડ કરવો :**

કોઈ ફિલ્ડર પોતાના શરીરના કોઈ પણ ભાગ વડે બોલ ફિલ્ડ કરી શકે છે – પરંતુ જો બોલ રમતમાં હોય ત્યારે તે ફિલ્ડર જાણીબૂજીને અન્ય પ્રકારે બોલને ફિલ્ડ કરે તો.....

**(અ)** બોલ તાત્કાલિક ડેડ બનશે.

**(બ)** અમ્પાયર...

(૧) બેટીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે.

(૨) કોઈ નો–બોલ અથવા કોઈ વાઈડ–બોલ માટેની પેનલ્ટી યથાવત રહેશે. વધારામાં, બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનોની સાથોસાથ આ નિયમના ઉલ્લંઘનના બનાવની પળે, જો બંને બેટ્સમેનો રન લેતી વેળા એકબીજાને ક્રોસ થઈ જ ચૂકયા હોય તો, દોડીને લેવામાં આવેલો રન પણ બેટીંગ ટીમના ખાતામાં જમા થશે.

(૩) આ પગલુ ભરવા માટેના કારણની જાણ સાથી અમ્પાયર અને ફિલ્ડીંગ ટીમના સુકાનીને કરશે.

(૪) જે બન્યું છે તેની જાણ, પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને તથા વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

**(ક)** આ બોલને ઓવરના એક બોલ તરીકે ગણવામાં આવશે નહીં.

(ડ) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ બંને અમ્પાયરો ભેગા મળીને બનાવ અંગેનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે–કે જે સંબંધિત સુકાની અને ખેલાડી અથવા ખેલાડીઓ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૩) ફિલ્ડીંગ ટીમને લગતી રક્ષણાત્મક હેલમેટો :**

ફિલ્ડરો દ્વારા જયારે રક્ષણાત્મક હેલમેટો ઉપયોગમાં લેવાતી ન હોય ત્યારે, મેદાનની સપાટીની ઉપર મૂકવી હોય તો, વિકેટકીપરની પાછળ જ અને સ્ટમ્પના બંને સેટની લાઈનમાં જ મૂકી શકાય. જો ફિલ્ડીંગ ટીમને લગતી કોઈ રક્ષણાત્મક હેલમેટ રમતના વિસ્તારની અંદર મેદાનની સપાટીની ઉપર હોય અને રમતમાં રહેલો બોલ તેને અથડાય તો બોલ ડેડ બની જશે અને બેટીંગ ટીમને પછી પાંચ પેનલ્ટી રનો એનાયત કરવામાં આવશે. વધારામાં, નો–બોલ અથવા વાઈડ–બોલ માટેની પેનલ્ટી, જો લાગુ પડતી હોય તો, તે પણ બેટીંગ ટીમના સ્કોરમાં જમા થશે. વધારામાં, રક્ષણાત્મક હેલમેટને બોલ અથડાય તે પૂર્વે બંને બેટ્સમેનો દ્વારા દોડીને પૂરા કરવામાં આવેલા રનોની સાથોસાથ, રક્ષણાત્મક હેલમેટને બોલ અથડાયો તે પળે જો બંને બેટ્સમેનો રન લેતી વેળા એકબીજાને ક્રોસ થઈ ચૂકયા હોય તો, દોડીને લેવામાં આવી રહેલો તે રન પણ સ્કોર થશે અર્થાત્ નોંધશે. જુઓ નિયમ : ૧૮.૧૦ (કોઈ વિકેટ પડવા સિવાયના અન્ય કારણે બોલ ડેડ થાય ત્યારે સ્કોર થતા રનો).

**(૪) એનાયત ન કરવાના પેનલ્ટી રનો :**

ઉપર્યુકત પેટા નિયમ : (૨) અને (૩) હોવા છતાં, બોલર દ્વારા નંખાયેલી ડીલીવરીનો બોલ જો સ્ટ્રાઈકરના શરીરને સૌ પ્રથમ અડે, અને જો, અમ્પાયરના અભિપ્રાયમાં, સ્ટ્રાઈકરે....

ન તો....... (૧) પોતાના બેટ વડે બોલને રમવાનો પ્રયત્ન કર્યો હોય

...કે....ન તો....... (૨) બોલથી થનારી ઈજા નિવારવાનો પ્રયાસ કર્યો હોય

......તો પાંચ રનોની પેનલ્ટી એનાયત કરવામાં આવશે નહીં અને બેટીંગ ટીમના ખાતામાં કોઈ અન્ય રનો અથવા પેનલ્ટીઓ જમા થશે નહીં–સિવાય કે નો–બોલ માટેની પેનલ્ટી, જો લાગુ પડતી હોય. જો બેટ્સમેનોએ દોડીને રન લેવાનો પ્રયાસ કર્યો હોય તો, નિયમ : ૨૬.૩ (એનાયત ન કરવાની લેગ–બાય)માં દર્શાવેલ પ્રક્રિયાને અમ્પાયર અનુસરશે.

**(૫) ઓન (લેગ) સાઈડના ફિલ્ડરોની સંખ્યા પર મર્યાદા :**

બોલરની ડીલીવરીની પળે, ઓન–સાઈડ પર પોપીંગ ક્રીઝની પાછળ, વિકેટકીપર સિવાય બેથી વધુ ફિલ્ડરો હોવા ન જોઈએ. ફિલ્ડર પોપીંગ ક્રીઝની પાછળ હોવાનું ગણવામાં આવશે–સિવાય કે તેનું આખું શરીર કયાં તો જમીનને સ્પર્શ કરતું અથવા હવામાં આ રેખાની આગળના ભાગમાં હોય.

કોઈ પણ ફિલ્ડર દ્વારા આ નિયમના ઉલ્લંઘનના બનાવમાં, સ્ટ્રાઈકરના છેડાનો અમ્પાયર નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

**(૬) ફિલ્ડર પિચ પર અતિક્રમણ (અધિકાર વિના પ્રવેશ) કરી ન શકે :**

બોલ રમતમાં હોય ત્યારે અને બોલ સ્ટ્રાઈકરના બેટ અથવા શરીર સાથે સંપર્કમાં ન આવે ત્યાં સુધી અથવા બોલ સ્ટ્રાઈકરના બેટ પાસેથી પસાર થઈ ન જાય ત્યાં સુધી, બોલર સિવાય, કોઈ પણ ફિલ્ડરના શરીરનો કોઈ પણ ભાગ પિચને સ્પર્શેલો અથવા પિચ પર હવામાં વિસ્તરેલો હોવો ન જોઈએ.

વિકેટકીપર સિવાયના કોઈ પણ ફિલ્ડર દ્વારા આ નિયમના ઉલ્લંઘનના બનાવમાં, બોલર છેડાનો અમ્પાયર, બોલની ડીલીવરી પછી શકય બનતાં વેંત જ નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે. તેમ છતાં નિયમ : ૪૦.૩ (વિકેટકીપરની સ્થિતિ)ને ધ્યાનમાં લો.

(૭) **ફિલ્ડરો દ્વારા હિલચાલ :**
બોલ રમતમાં આવ્યા પછી અને બોલ સ્ટ્રાઈકર સુધી પહોંચે તે પૂર્વે, કોઈ ફિલ્ડર દ્વારા થતી કોઈ અર્થસભર (નોંધપાત્ર / સૂચક) હિલચાલ ગેરવાજબી છે. આવી ગેરવાજબી હિલચાલના બનાવમાં, બેમાંથી કોઈ પણ અમ્પાયર ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે. નિયમ : ૪૨.૪ (સ્ટ્રાઈકરનું ધ્યાન ભંગ કરવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ)ની જોગવાઈઓ પણ ધ્યાનમાં લો.

(૮) **અર્થસભર (નોંધપાત્ર/સૂચક) હિલચાલની વ્યાખ્યા :**
**(અ)** સ્ટ્રાઈકરના સ્ટાન્સ અને સ્થિતિની દિશા સંદર્ભે, વિકેટ નજીકના ફિલ્ડરો માટે ગૌણ ફેરફાર સિવાયનું કંઈ પણ અર્થસભર ગણાય.
**(બ)** આઉટફિલ્ડમાં ફિલ્ડરોને, સ્ટ્રાઈકર અથવા સ્ટ્રાઈકરની વિકેટની દિશામાં આગળ વધવાની પરવાનગી હોય છે–એ શરતે કે ઉપર્યુકત પેટા નિયમ : (૫)નું ઉલ્લંઘન થતું ન હોય. સ્ટ્રાઈકરની લાઈન છોડીને અથવા સ્ટ્રાઈકરથી દૂરની દિશામાં નજીવી હિલચાલ સિવાયનું કંઈ પણ અર્થસભર ગણાશે.
**(ક)** વિકેટકીપર દ્વારા હિલચાલ પરના અંકુશો માટે જૂઓ નિયમ : ૪૦.૪ (વિકેટકીપર દ્વારા હિલચાલ).

## નિયમ : ૪૨ ફેર એન્ડ અનફેર પ્લે (વાજબી અને ગેરવાજબી રમત) :

(૧) **વાજબી અને ગેરવાજબી રમત – સુકાનીઓની જવાબદારી :**
'ધ સ્પિરીટ ઓફ ક્રિકેટ' (ક્રિકેટની ભાવના)ની પ્રસ્તાવનામાં વર્ણવ્યા મુજબ, રમતના જુસ્સા અને પ્રણાલિકાઓની ક્ષેત્રમર્યાદામાં, તેમજ નિયમોની ક્ષેત્રમર્યાદામાં જ રમતનું સંચાલન થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સુકાનીઓની છે.

(૨) **વાજબી અને ગેરવાજબી રમત – અમ્પાયરોની જવાબદારી :**
વાજબી અને ગેરવાજબી રમત સંદર્ભે અમ્પાયરો જ એકમાત્ર નિર્ણયકર્તા રહેશે. નિયમો દ્વારા આવરી ન લેવામાં આવેલા કોઈ કૃત્યને જો બેમાંથી કોઈ પણ અમ્પાયર ગેરવાજબી માને તો, અપીલ થયા વિના, તે હસ્તક્ષેપ કરશે અને બોલ રમતમાં હોય તો તે ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે તથા નીચેના પેટા નિયમ : (૧૮)માં દર્શાવેલી પ્રક્રિયાનો અમલ કરશે.
અન્યથા, અમ્પાયરો આગળ વધતી રમતમાં, અપીલ વિના, હસ્તક્ષેપ કરશે નહીં. –સિવાય કે નિયમો દ્વારા આવું કરવું જરૂરી બને.

(૩) **મેચનો બોલ – તેની સ્થિતિ બદલવી :**
**(અ)** કોઈ પણ ફિલ્ડર –
(૧) બોલને ચમકાવી (પોલિશ) શકે છે – એ શરતે કે તે કૃત્રિમ પદાર્થનો ઉપયોગ ન કરે અને બોલ ચમકાવવાની ક્રિયા દ્વારા સમય ન વેડફે.
(૨) અમ્પાયરની દેખરેખ (નિયંત્રણ) હેઠળ બોલ પરથી કાદવ (કીચડ) દૂર કરી શકે છે.
(૩) ભીના બોલને કપડાના ટૂકડાથી સુકાવી શકે છે.

(બ) કોઈ પણ કારણસર બોલને મેદાન પર ઘસવો, બોલની સિલાઈ અથવા બાહ્ય સપાટી સાથે છેડછાડ કરવી (અર્થાત્ તેના મૂળ સ્વરૂપને બદલવાનો પ્રયાસ કરવો), કોઈ સાધનનો ઉપયોગ કરવો અથવા અન્ય એવું કોઈ પણ કૃત્ય કરવું કે જે બોલની સ્થિતિ બદલી નાંખે એમ હોય – આ બધું કરવું કોઈ પણ ખેલાડી માટે ગેરવાજબી છે – સિવાય ઉપર્યુકત પેટા નિયમ : (૩) (અ) માં આપેલી પરવાનગી મુજબ હોય.

(ક) અમ્પાયરો અવારનવાર અને અનિયમિતપણે બોલનું નિરીક્ષણ (ચકાસણી) કરશે.

(ડ) જો બંને અમ્પાયરો ભેગા મળીને એ બાબતે સહમત થાય કે બોલની સ્થિતિમાં થયેલો બગાડ, બોલના સતત વપરાશના કારણે થનાર બગાડની સરખામણીએ વધુ છે, તો તેઓ માનશે કે આ નિયમનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. તેઓ –

(૧) તરત જ બોલ બદલી નાંખશે. પૂરક બોલ અંગેનો નિર્ણય બંને અમ્પાયરો લેશે. આ પૂરક બોલ, તેઓના મતાનુસાર, ઉલ્લંઘનથી તત્કાલ પૂર્વે, અગાઉના બોલે મેળવ્યો હોય તેવો સરખામણીએ સમાન ઘસારો ધરાવતો હશે.
વધારામાં, બોલરના છેડાનો અમ્પાયર –

(૨) બેટીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે.

(૩) પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને જાણ કરશે કે બોલ બદલવામાં આવ્યો છે.

(૪) ફિલ્ડીંગ ટીમના સુકાનીને જાણ કરશે કે બોલ સાથે અનુચિત હસ્તક્ષેપ (છેડછાડ) થવાને કારણે પગલુ ભરવામાં આવ્યું છે.

(૫) વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને, જે બન્યું છે તેની જાણ કરશે.

(૬) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ, સાથી અમ્પાયર જોડે, બનાવ અંગેનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે–કે જે સંબંધિત સુકાની અને ટીમ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

(ઈ) જો બંને અમ્પાયરો ભેગા મળીને એ બાબતે સહમત થાય કે બોલના સતત વપરાશને કારણે થનાર બગાડની સરખામણીએ, બોલની સ્થિતિ વધુ પ્રમાણમાં બગડવાનો અન્ય વધુ કોઈ બનાવ તે જ દાવમાં બન્યો છે તો તેઓ,

(૧) ઉપર્યુકત પેટા નિયમ : (ડ)ના વિભાગો (૧), (૨) અને (૩)ની પ્રક્રિયા પુનઃ અનુસરશે. વધારામાં, બોલરના છેડાનો અમ્પાયર,

(૨) પગલું ભરવા માટેના કારણની જાણ ફિલ્ડીંગ ટીમના સુકાનીને કરશે તથા બનાવ બન્યો તે વેળા તરત પૂર્વેનો અર્થાત્ અંતિમ બોલ ફેંકનાર બોલરને તરત જ સસ્પેન્ડ કરવાનો આદેશ ફિલ્ડીંગ ટીમના સુકાનીને આપશે.
**આ પ્રકારે સસ્પેન્ડ થયેલા બોલરને તે જ દાવમાં ફરી વાર બોલિંગ કરવાની મંજૂરી મળશે નહીં.**

જો લાગુ પડે તો, આ ઓવર અન્ય બોલર દ્વારા પૂર્ણ કરવામાં આવશે કે જેણે ન તો તરત આ પૂર્વેની ઓવરનો કોઈ પણ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખ્યો હોય કે ન તો તેને તરત આ પછીની ઓવરનો કોઈ પણ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખવાની પરવાનગી મળી શકે.

(૩) વ્યવહારુ બનતાં જ, બેટીંગ ટીમના સુકાનીને જે બન્યું છે તેની જાણ કરશે.

(૪) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ સાથી અમ્પાયર જોડે, ગેરવાજબીપણે બોલની સ્થિતિ બદલવાનો બીજો બનાવ બન્યો તે અંગેનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે – કે જે સંબંધિત સુકાની અને ટીમ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૪) સ્ટ્રાઈકરનું ધ્યાન ભંગ કરવાને ઈરાદાપૂર્વક પ્રયાસ :**

સ્ટ્રાઈકર કોઈ ડીલીવરી રમવાની તૈયારી કરી રહ્યો હોય અથવા રમી રહ્યો હોય ત્યારે, કોઈ પણ ફિલ્ડર દ્વારા તેનું ધ્યાન ભંગ કરવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ થાય તો તે ગેરવાજબી ગણાશે.

**(અ)** બેમાંથી કોઈ પણ અમ્પાયર, કોઈ ફિલ્ડર દ્વારા થયેલ કોઈ પણ કૃત્યને, આવો પ્રયાસ ગણે તો, પ્રથમ બનાવ વેળા તે તાત્કાલિક ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે તથા ડેડ–બોલની જાહેરાત માટેનું કારણ સાથી અમ્પાયરને જણાવશે.
બોલરના છેડાનો અમ્પાયર –

(૧) ફિલ્ડીંગ ટીમના સુકાનીને ચેતવશે કે આ કૃત્ય ગેરવાજબી છે તથા સૂચવશે કે આ પ્રથમ અને અંતિમ ચેતવણી છે.

(૨) જે બન્યું છે તે અંગેની જાણ પિચ પરના બંને બેટ્સમેનોને કરશે.
**બેમાંથી કોઈ પણ બેટ્સમેન તે ડીલીવરી પર આઉટ થઈ શકશે નહીં.**
**આ બોલ ઓવરના એક બોલ તરીકે ગણાશે નહીં.**

**(બ)** આ દાવમાં જ કોઈ પણ ફિલ્ડર દ્વારા સ્ટ્રાઈકરનું ધ્યાન ભંગ કરવાનો આ પ્રકારનો વધુ કોઈ ઈરાદાપૂર્વકનો પ્રયાસ થાય તો, ઉપર્યુકત પેટા નિયમ : (અ)માં જણાવ્યા પ્રમાણેની ચેતવણી સિવાયની પ્રક્રિયાઓ લાગુ પડશે. વધારામાં, બોલરના છેડાનો અમ્પાયર.....

(૧) બેટીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે.

(૨) આ પગલુ ભરવા માટેનું કારણ ફિલ્ડીંગ ટીમના સુકાનીને જણાવશે અને વ્યવહારુ બનતાં જ બેટીંગ ટીમના સુકાનીને જણાવશે.

(૩) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ સાથી અમ્પાયર જોડે, બનાવ અંગેનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે – કે જે સંબંધિત સુકાની અને ખેલાડી અથવા ખેલાડીઓ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૫) ઈરાદાપૂર્વક બેટ્સમેનનું ધ્યાન ભંગ કરવું અથવા અવરોધ પેદા કરવો :**

ઉપર્યુકત પેટા નિયમ : (૪) ઉપરાંત, સ્ટ્રાઈકરે બોલ રમ્યા બાદ, કોઈ પણ ફિલ્ડર, શબ્દ અથવા કૃત્ય દ્વારા જાણીબૂજીને બેમાંથી કોઈ પણ બેટ્સમેન માટે ખલેલનો અથવા અવરોધનો પ્રયત્ન કરે તો તે ગેરવાજબી છે.

(૧) કોઈ પણ ખલેલ અથવા અવરોધ જાણીજોઈને થયો છે કે નહીં તેનો નિર્ણય બેમાંથી કોઈ પણ એક અમ્પાયર લઈ શકશે.

(૨) જો બેમાંથી કોઈ પણ અમ્પાયર માનતો હોય કે કોઈ ફિલ્ડરે આવી ખલેલ અથવા અવરોધ કર્યો છે અથવા કરવા માટે પ્રયાસ કર્યો છે તો તે અમ્પાયર તાત્કાલિક ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે તથા ડેડ–બોલની જાહેરાત માટેના કારણની જાણ સાથી અમ્પાયરને કરશે.

(૩) બેમાંથી કોઈ પણ બેટ્સમેન તે ડીલીવરી પર આઉટ જાહેર થઈ શકશે નહીં.

વધારામાં,

(૪) બોલરના છેડાનો અમ્પાયર –

(અ) બેટીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે.

(બ) લીધેલા પગલા માટેના કારણની જાણ ફિલ્ડીંગ ટીમના સુકાનીને કરશે અને વ્યવહારુ બનતાં જ બેટીંગ ટીમના સુકાનીને પણ જાણ કરશે.

(૫) આ બોલ ઓવરના એક બોલ તરીકે ગણાશે નહીં.

(૬) નિયમના ઉલ્લંઘન પૂર્વે બંને બેટ્સમેનોએ દોડીને પૂરા કરેલા રનોની સાથોસાથ, બેમાંથી કોઈ પણ ટીમને એનાયત થયેલા પેનલ્ટીઓ માટેના કોઈ પણ રનો સ્કોર થશે અર્થાત્ નોંધાશે. વધારામાં, નિયમના ઉલ્લંઘનની પળે, બંને બેટ્સમેનો રન લેવાના પ્રયાસમાં એકબીજાને ક્રોસ થઈ ચૂકયા હોય કે ન હોય તો પણ, દોડીને લેવામાં આવી રહેલો રન નોંધાશે.

(૭) વિકેટ પર ઉપસ્થિતિ બંને બેટ્સમેનો નિર્ણય કરશે કે હવે પછીના બોલનો સામનો તેઓમાંથી કોણ કરશે.

(૮) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ, બંને અમ્પાયરો ભેગા મળીને બનાવ અંગેનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે–કે જે સંબંધિત સુકાની અને ખેલાડી અથવા ખેલાડીઓ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૬) ભયજનક (જોખમકારક) અને ગેરવાજબી બોલિંગ નાંખવી :**

**(અ) ટૂંકી પીચના ઝડપી બોલવાળી બોલિંગ નાંખવી :**

(૧) ટૂંકી પીચના ઝડપી બોલવાળી બોલિંગ ભયજનક અને ગેરવાજબી ગણાશે– જો બોલરના છેડાના અમ્પાયરની માન્યતા મુજબ આ પ્રકારની બોલિંગના પુનરાવર્તનથી તેમજ આ પ્રકારની બોલિંગની લંબાઈ, ઊંચાઈ તથા દિશાને ધ્યાનમાં રાખતા, જો સ્ટ્રાઈકરને શારીરિક ઈજા પહોંચવાની સંભાવના હોય– પછી ભલેને સ્ટ્રાઈકરે રક્ષણાત્મક ઉપકરણો પહેર્યા હોય તો પણ.

(૩) કોઈ ડીલીવરી, કે જે પીચ પડયા પછી, પોપીંગ ક્રીઝ પર સીધા ઊભેલા સ્ટ્રાઈકરના માથાની ઊંચાઈ ઉપરથી પસાર થાય અથવા થઈ હોત અને સ્ટ્રાઈકરને શારીરિક ઈજા થવાનો ભય પેદા ન થતો હોય તો પણ તેનો સમાવેશ ઉપર્યુકત પેટા નિયમ : (૬) (અ) (૧) મુજબની બોલિંગમાં બંને પ્રસંગોએ – થશે એક તો જયારે અમ્પાયર માની રહ્યો હોય કે ફાસ્ટ શોર્ટ પીચ્ડ બોલવાળી બોલિંગ શું સાચે જ ભયજનક અને ગેરવાજબી બની ચૂકી છે અને બીજું – કે તેણે આવો નિર્ણય કર્યા પછી આવું બને. આવી પ્રત્યેક ડીલીવરી માટે અમ્પાયર નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

**(બ) ઊંચા ફૂલ પીચ્ડ બોલવાળી બોલિંગ નાંખવી :**

(૧) ધીમી ગતિવાળી સિવાયની, કોઈ પણ ડીલીવરી, જે પીચ પડયા વિના, પોપીંગ ક્રીઝ પર સીધા ઊભેલા સ્ટ્રાઈકરની કમરની ઊંચાઈ ઉપરથી પસાર થાય અથવા પસાર થઈ હોત, તો તે ભયજનક અને ગેરવાજબી ગણાશે–પછી ભલે તે બોલથી સ્ટ્રાઈકરને શારીરિક ઈજા થવાની સંભાવના હોય કે ન હોય.

(૨) પીચ પડયા વિનાની, કોઈ ધીમી ડીલીવરી, જે પોપીંગ ક્રીઝ પર સીધા ઊભેલા સ્ટ્રાઈકરના ખભાની ઊંચાઈ ઉપરથી પસાર થાય અથવા પસાર થઈ હોત તો, તે ભયજનક અને ગેરવાજબી ગણાશે – પછી ભલે તે બોલથી સ્ટ્રાઈકરને શારીરિક ઈજા થવાની સંભાવના હોય કે ન હોય.

**(૭) ભયનજક (ખતરનાક) અને ગેરવાજબી બોલિંગ નાંખવી –**

**અમ્પાયર દ્વારા લેવાતાં પગલાં :**

**(અ)** બોલરના છેડાનો અમ્પાયર ઉપર્યુકત પેટા નિયમ : (૬) (અ) હેઠળ જેવું નકકી કરે કે ફાસ્ટ શોર્ટ પીચ્ડ બોલવાળી બોલિંગ ભયજનક અને ગેરવાજબી બની ચૂકી છે અથવા નીચેના પેટા નિયમ : (૮) સિવાય, ઉપર્યુકત પેટા નિયમ : (૬) (બ)માં દર્શાવ્યા મુજબની ભયજનક અને ગેરવાજબી બોલિંગનો બનાવ બન્યો છે તો, તે નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે. બોલ ડેડ થાય ત્યારે તે (અમ્પાયર) બોલરને તાકીદ કરશે તેમજ જે બન્યું છે તેની જાણ સાથી અમ્પાયરને, ફિલ્ડીંગ ટીમના સુકાનીને અને પિચ પરના બંને બેટ્સમેનોને કરશે. સમગ્ર દાવ દરમ્યાન આ તાકીદ લાગુ પડશે.

**(બ)** તે જ દાવમાં, તે જ બોલર દ્વારા, ભયજનક અને ગેરવાજબી બોલિંગનો વધુ કોઈ બનાવ બને તો, અમ્પાયર ઉપર્યુકત પ્રક્રિયાનું પુનરાવર્તન કરશે અને બોલરને સૂચવશે કે આ અંતિમ ચેતવણી છે. આ ચેતવણી પણ સમગ્ર દાવ દરમ્યાન લાગુ પડશે.

**(ક)** તે જ દાવમાં, તે જ બોલર દ્વારા, આનું ફરી વાર પુનરાવર્તન થાય તો, અમ્પાયર નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે

(૧) બોલ ડેડ થાય ત્યારે આ બોલરને તરત જ સસ્પેન્ડ કરવાનો આદેશ ફિલ્ડીંગ ટીમના સુકાનીને આપશે તથા આ પગલુ ભરવા માટેના કારણની જાણ સાથી અમ્પાયરને કરશે.

આ પ્રકારે સસ્પેન્ડ થયેલા બોલરને તે જ દાવમાં ફરી વાર બોલિંગ કરવાની મંજૂરી મળશે નહીં.

જો લાગુ પડે તો, આ ઓવર અન્ય બોલર દ્વારા પૂર્ણ કરવામાં આવશે કે જેણે ન તો તરત આ પૂર્વેની ઓવરનો કોઈ પણ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખ્યો હોય કે ન તો તેને તરત આ પછીની ઓવરનો કોઈ પણ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખવાની પરવાનગી મળી શકે.

વધારામાં તે અમ્પાયર,

(૧) બનાવ અંગેનો રિપોર્ટ પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને તથા વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

(૨) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ, સાથી અમ્પાયર જોડે, બનાવ અંગેનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે– કે જે સંબંધિત સુકાની અને બોલર સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૭) ઈરાદાપૂર્વકના ઊંચા ફૂલ પીચ્ડ (પીચ પડયા વિનાના) બોલવાળી બોલિંગ નાંખવી :**

અમ્પાયર જો માનતો હોય કે કોઈ બોલરે ઉપર્યુકત પેટા નિયમ : (૬) (બ)માં નિર્દિષ્ટ ભયજનક અને ગેરવાજબી જણાતી હોય એવી કોઈ ઊંચી ફૂલ પીચ્ડ ડીલીવરી ઈરાદાપૂર્વક નાંખી છે તો, ઉપર્યુકત પેટા નિયમ : (૭)માં સૂચવેલ તાકીદ અને ચેતવણીની પ્રક્રિયાનો અમલ મોકૂફ રાખવો પડે.

સંબંધિત અમ્પાયર –

**(અ)** (૧) નો–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

(૨) બોલ ડેડ થાય ત્યારે આ બોલરને તરત જ સસ્પેન્ડ કરવાનો આદેશ ફિલ્ડીંગ ટીમના સુકાનીને આપશે. આ પ્રકારે સસ્પેન્ડ થયેલા બોલરને તે જ દાવમાં ફરી વાર બોલિંગ કરવાની મંજૂરી મળશે નહીં.

જો લાગુ પડે તો, આ ઓવર અન્ય બોલર દ્વારા પૂર્ણ કરવામાં આવશે કે જેણે ન તો તરત આ પૂર્વેની ઓવરનો કોઈ પણ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખ્યો હોય કે ન તો તેને તરત આ પછીની ઓવરનો કોઈ પણ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખવાની પરવાનગી મળી શકે.

(૩) આ પગલુ ભરવા માટેના કારણની જાણ સાથી અમ્પાયરને કરશે.

**(બ)** બનાવ અંગેનો રિપોર્ટ પિચ પરના બંને બેટ્સમેનોને તથા વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

**(ક)** મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ, સાથી અમ્પાયર જોડે, બનાવનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે – કે જે સંબંધિત સુકાની અને બોલર સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૯) ફિલ્ડીંગ ટીમ દ્વારા સમયનો બગાડ :**

કોઈ પણ ફિલ્ડર માટે સમયનો બગાડ કરવો અનુચિત છે.

**(અ)** જો બેમાંથી કોઈ પણ અમ્પાયર એવું માને કે નંખાઈ રહેલી ઓવરની પ્રગતિમાં બિનજરૂરીપણે વિલંબ (ઢીલ) થઈ રહ્યો છે અથવા ફિલ્ડીંગ ટીમના સુકાની દ્વારા કે અન્ય કોઈ પણ ફિલ્ડર દ્વારા કોઈ અન્ય પ્રકારે સમય બગાડવામાં આવી રહ્યો છે તો, પ્રથમ બનાવ વેળા સંબંધિત અમ્પાયર –

(૧) બોલ રમતમાં હોય તો, ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

(૨) જે બન્યું છે તેની જાણ સાથી અમ્પાયરને કરશે.

**(બ)** આ બાદ બોલરના છેડાનો અમ્પાયર –

(૧) ફિલ્ડીંગ ટીમના સુકાનીને ચેતવશે તથા સૂચવશે કે આ પ્રથમ અને અંતિમ ચેતવણી છે.

(૨) જે બન્યું છે તેની જાણ પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને કરશે.

(ક) જો બેમાંથી કોઈ પણ અમ્પાયર એવું માનતો હોય કે તે જ દાવમાં કોઈ પણ ફિલ્ડર દ્વારા, ત્યાર બાદ વધુ કોઈ સમયનો બગાડ કરવામાં આવ્યો છે તો તે અમ્પાયર–

(૧) બોલ રમતમાં હોય તો, ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

(૨) જે બન્યું છે તેની જાણ સાથી અમ્પાયરને કરશે.

બોલરના છેડાનો અમ્પાયર –

(૩) કયાં તો..... સમયનો બગાડ કોઈ ઓવર દરમ્યાન થયો ન હોય તો, બેટીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે તથા આ પગલુ ભરવા માટેના કારણની જાણ ફિલ્ડીંગ ટીમના સુકાનીને કરશે.

અથવા..... સમયનો બગાડ નંખાઈ રહેલી કોઈ ઓવર દરમ્યાન થયો હોય તો, તે ઓવર નાંખી રહેલ સંબંધિત બોલરને તરત જ સસ્પેન્ડ કરવાનો આદેશ ફિલ્ડીંગ ટીમના સુકાનીને આપશે.

આ પ્રકારે સસ્પેન્ડ થયેલા બોલરને તે જ દાવમાં ફરી વાર બોલિંગ કરવાની મંજૂરી મળશે નહીં.

જો લાગુ પડે તો, આ ઓવર અન્ય બોલર દ્વારા પૂર્ણ કરવામાં આવશે કે જેણે ન તો તરત આ પૂર્વેની ઓવરનો કોઈ પણ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખ્યો હોય કે ન તો તેને તરત આ પછીની ઓવરનો કોઈ પણ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખવાની પરવાનગી મળી શકે.

(૪) જે બન્યું છે તેની જાણ પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને તથા વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

(૫) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ, સાથી અમ્પાયર જોડે, બનાવ અંગેનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે–કે જે સંબંધિત સુકાની અને ટીમ સામે સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૧૦) સમય બગાડતો બેટ્સમેન :**

કોઈ પણ બેટ્સમેન માટે સમયનો બગાડ કરવો ગેરવાજબી છે. સામાન્ય સંજોગોમાં, બોલર પોતાનું રન–અપ શરૂ કરવા તૈયાર હોય ત્યારે સ્ટ્રાઈકરે હંમેશા સ્ટ્રાઈક લેવા માટે તૈયાર રહેવું જોઈએ.

**(અ)** જો બેમાંથી કોઈ પણ બેટ્સમેન ઉપર્યુકત આવશ્યકતા સંતોષવામાં નિષ્ફળ રહીને અથવા અન્ય કોઈ પણ પ્રકારે સમય વેડફે તો, નીચેની પ્રક્રિયા અપનાવવામાં આવશે. પ્રથમ બનાવ વેળા, કયાં તો બોલર પોતાનું રન–અપ શરૂ કરે તે પૂર્વે અથવા બોલ ડેડ હોય ત્યારે–જે ઉચિત હોય તે પ્રમાણે – અમ્પાયર .......

(૧) બંને બેટ્સમેનોને ચેતવશે અને સૂચવશે કે આ પ્રથમ તથા અંતિમ ચેતવણી છે. આ ચેતવણી સમગ્ર દાવ દરમ્યાન લાગુ પડશે. આ બાદ બેટીંગ માટે આવનારા દરેક બેટ્સમેનોને અમ્પાયર આ ચેતવણીની જાણ કરશે.

(૨) જે બન્યું છે તેની જાણ સાથી અમ્પાયરને કરશે.

(૩) જે બન્યું છે તેની જાણ ફિલ્ડીંગ ટીમના સુકાનીને અને વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

(બ) તે જ દાવ દરમ્યાન, કોઈ પણ બેટ્સમેન દ્વારા ત્યાર બાદ વધુ કોઈ સમયનો બગાડ કરવામાં આવે તો, સંબંધિત અમ્પાયર, બોલ ડેડ હોય ત્યારે ઉચિત સમયે .....
 (૧) ફિલ્ડીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે.
 (૨) આ પગલુ ભરવા માટેના કારણની જાણ સાથી અમ્પાયરને કરશે.
 (૩) જે બન્યું છે તેની જાણ અન્ય બેટ્સમેન અને ફિલ્ડીંગ ટીમના સુકાનીને તથા વ્યવહારુ બનતા વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.
 (૪) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ, સાથી અમ્પાયર જોડે, બનાવ અંગેનો રિપોર્ટ બેટીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે–કે જે સંબંધિત સુકાની અને ખેલાડી અથવા ખેલાડીઓ સામે તથા જો જરૂરી હોય તો, સંબંધિત ટીમ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૧૧) પિચને કરવામાં આવતું નુકસાન–સંરક્ષણ માટેનો વિસ્તાર :**

(અ) એ બધા ખેલાડીઓની ફરજ છે કે પિચને થતું બિનજરૂરી નુકસાન ટાળે.
બેમાંથી કોઈ પણ અમ્પાયર માનતો હોય કે જે તે ખેલાડીની પિચ પરની હાજરી વાજબી કારણ વિનાની છે તો, તે ખેલાડી પિચને વર્જનીય નુકસાન પહોંચાડી રહ્યો છે એમ ગણવામાં આવશે.
પિચને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવું કોઈ પણ ખેલાડી માટે ગેરવાજબી છે.

(બ) પિચનો વિસ્તાર–જેનો ઉલ્લેખ 'સંરક્ષિત વિસ્તાર' તરીકે થયો છે તેને–એ વિસ્તાર તરીકે દર્શાવવામાં આવ્યો છે કે જે વિસ્તાર, સમચતુષ્કોણના આંતરિક ભાગમાં સમાવિષ્ટ, પોપીંગ ક્રીઝને સમાંતર કાલ્પનિક રેખાઓ દ્વારા પ્રત્યેક છેડે સીમિત અને પ્રત્યેકથી પાંચ ફૂટ / ૧.૫૨ મીટર આગળ (સામે) હોય છે તથા બંને બાજુ કાલ્પનિક રેખાઓ દ્વારા સીમિત, કાલ્પનિક રેખાની પ્રત્યેક એક બાજુ બે મિડલ સ્ટમ્પના મધ્યમાં જોડાય છે – જે પ્રત્યેક તેને સમાંતર હોય છે તથા ત્યાંથી એક ફૂટ / ૩૦.૪૮ સે.મી. ના અંતરે હોય છે.

**(૧૨) બોલ ડીલીવર કર્યા પછી સંરક્ષિત વિસ્તાર પર દોડતો બોલર :**

(અ) કોઈ બોલર, કયાં તો બોલ ડીલીવર કર્યા પછી અથવા પોતાની ડીલીવરી સ્વીંગ અને ડીલીવરી સ્ટ્રાઈડ પૂર્ણ કર્યા પછી, બોલને હાથમાંથી છોડવામાં નિષ્ફળ રહીને જો સંરક્ષિત વિસ્તાર પર દોડે તો તેણે આ નિયમનું ઉલ્લંઘન કર્યું ગણાશે. જુઓ ઉપર્યુકત પેટા નિયમ : (૧૧), નિયમ : ૨૩.૪ (૮) (ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરતો અમ્પાયર) અને **પરિશિષ્ટ : ડ.**

(બ) ઉપર્યુકત પેટા નિયમ : (અ)માં દર્શાવ્યા મુજબ, જો બોલર આ નિયમનું ઉલ્લંઘન કરે તો, પ્રથમ બનાવ વેળા અને બોલ ડેડ થાય ત્યારે, અમ્પાયર –
 (૧) બોલરને તાકીદ કરશે અને જે બન્યું છે તેની જાણ સાથી અમ્પાયરને કરશે. આ તાકીદ સમગ્ર દાવ દરમ્યાન લાગુ પડશે.
 (૨) જે બન્યું છે તેની જાણ ફિલ્ડીંગ ટીમના સુકાનીને તથા પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને કરશે.

(ક) જો, તે જ દાવમાં, તે જ બોલર ફરી વાર આ નિયમનું ઉલ્લંઘન કરે તો, અમ્પાયર ઉપર્યુકત પ્રક્રિયાનું પુનરાવર્તન કરીને તે બોલરને સૂચવશે કે આ અંતિમ ચેતવણી છે. આ ચેતવણી પણ સમગ્ર દાવ દરમ્યાન લાગુ પડશે.

(ક) જો, તે જ દાવમાં, તે જ બોલર ત્રીજી વાર આ નિયમનું ઉલ્લંઘન કરે તો, અમ્પાયર–

(૧) બોલ ડેડ થાય ત્યારે આ બોલરને તરત જ સસ્પેન્ડ કરવાનો આદેશ ફિલ્ડીંગ ટીમના સુકાનીને આપશે.
આ પ્રકારે સસ્પેન્ડ થયેલા બોલરને તે જ દાવમાં ફરી વાર બોલિંગ કરવાની મંજૂરી મળશે નહીં.
જો, લાગુ પડે તો, આ ઓવર અન્ય બોલર દ્વારા પૂર્ણ કરવામાં આવશે – કે જેણે ન તો તરત આ પૂર્વેની ઓવરનો કોઈ પણ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખ્યો હોય કે ન તો તેને તરત આ પછીની ઓવરનો કોઈ પણ ભાગ (અર્થાત્ કેટલાક બોલ) નાંખવાની પરવાનગી મળી શકે.

(૨) આ પગલુ ભરવા માટેના કારણની જાણ સાથી અમ્પાયરને કરશે.

(૩) જે બન્યું છે તેની જાણ પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને તથા વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

(૪) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ, સાથી અમ્પાયર જોડે, બનાવ અંગેનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે – કે જે સંબંધિત સુકાની અને બોલર સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

**(૧૩) પિચને નુકસાન પહોંચાડતો ફિલ્ડર :**

**(અ)** જો કોઈ પણ ફિલ્ડર, ઉપર્યુકત પેટા નિયમ : (૧૨) (અ)માં વર્ણવેલ સિવાયના પ્રકારે પિચને વર્જનીય નુકસાન પહોંચાડે તો, નિયમનું ઉલ્લંઘન જોનાર અમ્પાયર આવા પ્રથમ બનાવ વેળા, બોલ ડેડ થાય ત્યારે, સાથી અમ્પાયરને (બનાવ અંગે) જાણ કરશે. આ બાદ, બોલરના છેડાનો અમ્પાયર –

(૧) ફિલ્ડીંગ ટીમના સુકાનીને તાકીદ કરશે અને સૂચવશે કે આ પ્રથમ અને અંતિમ ચેતવણી છે. આ ચેતવણી સમગ્ર દાવ દરમ્યાન લાગુ પડશે.

(૨) જે બન્યું છે તેની જાણ પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને કરશે.

**(બ)** જો, તે જ દાવમાં, કોઈ પણ ફિલ્ડર દ્વારા પિચને વર્જનીય નુકસાન પહોંચાડવાનો વધુ કોઈ બનાવ બને તો, નિયમનું ઉલ્લંઘન જોનાર અમ્પાયર, બોલ ડેડ થાય ત્યારે, સાથી અમ્પાયરને (બનાવ અંગે) જાણ કરશે. આ બાદ, બોલરના છેડાનો અમ્પાયર–

(૧) બેટીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે.

વધારામાં તે અમ્પાયર–

(૨) આ પગલુ ભરવા માટેના કારણની જાણ ફિલ્ડીંગ ટીમના સુકાનીને કરશે.

(૩) જે બન્યું છે તેની જાણ પિચ પરના બંને બેટ્સમેનોને અને વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

(૪) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ, સાથી અમ્પાયર જોડે, બનાવ અંગેનો રિપોર્ટ ફિલ્ડીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે – કે જે સંબંધિત સુકાની અને ખેલાડી અથવા ખેલાડીઓ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

## (૧૪) પિચને નુકસાન કરતો બેટ્સમેન :

(અ) પિચ પર ઉપસ્થિત બેમાંથી કોઈ પણ બેટ્સમેન પિચને વર્જનીય નુકસાન પહોંચાડે તો, નિયમનું ઉલ્લંઘન જોનાર અમ્પાયર આવા પ્રથમ બનાવ વેળા, બોલ ડેડ થાય ત્યારે, સાથી અમ્પાયરને બનાવ અંગેની જાણ કરશે. આ બાદ બોલરના છેડાનો અમ્પાયર–

(૧) પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને ચેતવશે કે આ પધ્ધતિ (રીત) ગેરવાજબી છે તથા સૂચવશે કે આ પ્રથમ અને અંતિમ ચેતવણી છે. આ ચેતવણી આખા દાવ દરમ્યાન લાગુ પડશે. આ બાદ બેટીંગ માટે આવનારા દરેક બેટ્સમેનોને અમ્પાયર આ ચેતવણીની જાણ કરશે.
(૨) જે બન્યું છે તેની જાણ ફિલ્ડીંગ ટીમના સુકાનીને અને વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

(બ) તે જ દાવમાં, કોઈ પણ બેટ્સમેન દ્વારા પિચને વર્જનીય નુકસાન પહોંચાડવાનો વધુ કોઈ બનાવ બને તો, નિયમનું ઉલ્લંઘન જોનાર અમ્પાયર, બોલ ડેડ થાય ત્યારે, સાથી અમ્પાયરને બનાવ અંગેની જાણ કરશે. આ બાદ, બોલરના છેડાનો અમ્પાયર–

(૧) કોઈ નો–બોલ અથવા કોઈ વાઈડ–બોલ માટેની પેનલ્ટી જો લાગુ પડતી હોય તો, તે સિવાયના બેટીંગ ટીમને તે ડીલીવરી પર મળનારા બધા રનો અમાન્ય કરશે.
(૨) વધારામાં, ફિલ્ડીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે.
(૩) પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને તેઓના મૂળ છેડાઓ પર પરત મોકલશે.
(૪) જે બન્યું છે તેની જાણ ફિલ્ડીંગ ટીમના સુકાનીને અને વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.
(૫) મેચ પૂર્ણ થયા પછી શકય બનતાં વેંત જ, સાથી અમ્પાયર જોડે, બનાવ અંગેનો રિપોર્ટ બેટીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે – કે જે સંબંધિત સુકાની અને ખેલાડી અથવા ખેલાડીઓ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

## (૧૫) ડીલીવરી પૂર્વે નોન–સ્ટ્રાઈકરને રન આઉટ કરવાનો પ્રયાસ કરતો બોલર :

બોલરને પોતાની ડીલીવરી સ્ટ્રાઈડ (વ્યાખ્યા માટે જુઓ–**પરિશિષ્ટ : ડ**) માં પ્રવેશવા પૂર્વે, નોન–સ્ટ્રાઈકરને રન આઉટ કરવાની પરવાનગી છે. બોલરનો આ પ્રયાસ સફળ થાય કે ન સફળ થાય તો પણ આ બોલને ઓવરના એક બોલ તરીકે ગણવામાં આવશે નહીં. નોન–સ્ટ્રાઈકરને રન આઉટ કરવાના પ્રયાસમાં જો બોલર નિષ્ફળ રહે તો, શકય બનતાં વેંત જ અમ્પાયર ડેડ–બોલની જાહેરત અને સિગ્નલ કરશે.

## (૧૬) રન તફડાવતા બેટ્સમેનો :

બોલરના રન–અપ દરમ્યાન પિચ પરના બંને બેટ્સમેનો માટે રન તફડાવવા માટેનો પ્રયાસ ગેરવાજબી ગણાશે. બેમાંથી કોઈ પણ બેટ્સમેનને રન આઉટ કરવાનો પ્રયાસ બોલર કરે તે સિવાય – જુઓ ઉપર્યુકત પેટા નિયમ : ૧૫ અને નિયમ : ૨૪.૪ (ડીલીવરી પૂર્વે સ્ટ્રાઈકરના છેડા તરફ થ્રો કરતો બોલર) – અમ્પાયર......

(૧) આવા કોઈ પણ પ્રયાસમાં બેટ્સમેનો જેવા એકબીજાને પ્રથમ રન માટે ક્રોસ કરે કે તરત જ ડેડ–બોલની જાહેરાત અને સિગ્નલ કરશે.

(૨) આ પગલુ ભરવા માટેના કારણની જાણ સાથી અમ્પાયરને કરશે.

(૩) પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને તેઓના મૂળ છેડાઓ પર પરત મોકલશે.

(૪) ફિલ્ડીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત કરશે.

(૫) આ પગલુ ભરવા માટેના કારણની જાણ પિચ પર ઉપસ્થિત બંને બેટ્સમેનોને અને ફિલ્ડીંગ ટીમના સુકાનીને કરશે તથા વ્યવહારુ બનતાં વેંત જ બેટીંગ ટીમના સુકાનીને કરશે.

(૬) મેચ પૂર્ણ થયા પછી, શકય બનતાં વેંત જ, સાથી અમ્પાયર જોડે, બનાવ અંગેનો રિપોર્ટ બેટીંગ ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે – કે જે સંબંધિત સુકાની અને ખેલાડીઓ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

## (૧૭) પેનલ્ટી (દંડાત્મક) રનો :

**(અ)** જયારે બેમાંથી કોઈ પણ ટીમને પેનલ્ટી રનો એનાયત કરવામાં આવે તો, બોલ ડેડ થાય ત્યારે, અમ્પાયર પેનલ્ટી રનોનો સિગ્નલ સ્કોરરોને કરશે. જુઓ નિયમ : ૩.૧૪ (સિગ્નલ).

**(બ)** નિયમ : ૨૧.૬ (વિજયી ફટકો અથવા વધારાના રનો) ની જોગવાઈઓ હોવા છથાં, નિયમાનુસાર રન એનાયત કરવા જરૂરી હોય તેવા પ્રત્યેક કિસ્સામાં પેનલ્ટી રનો એનાયત થશે. તેમ છતાં, નિયમો : ૨૬.૩ (એનાયત ન કરવાની લેગ–બાય), ૩૪.૪ (ડ) (નિયમાનુસાર એકથી વધુ વખત ફટકારાયેલા બોલ થકી સ્કોર થતા રનો) તથા નિયમ : ૪૧.૪ (એનાયત ન કરવાના પેનલ્ટી રનો)માં દર્શાવેલ પેનલ્ટી રનો એનાયત કરવા પરના અંકુશો લાગુ પડશે – તે ધ્યાનમાં લો.

**(ક)** બેટીંગ ટીમને જયારે નિયમો : ૨.૬ (પરવાનગી વિના રમતના મેદાનમાં પરત ફરતો ખેલાડી), ૪૧.૨ (બોલ ફિલ્ડ કરવો) અથવા ૪૧.૩ (ફિલ્ડીંગ ટીમને લગતી રક્ષણાત્મક હેલમેટો) હેઠળ અથવા ઉપર્યુકત પેટા નિયમો : (૩), (૪), (૫), (૯) કે (૧૩)માંથી કોઈ પણ નિયમ હેઠળ પાંચ પેનલ્ટી રનો એનાયત થાય ત્યારે –

(૧) તેની નોંધણી પેનલ્ટીના વધારાના (એક્ષટ્રા) રનો તરીકે થશે અને તે રનો કોઈ અન્ય પેનલ્ટીઓ ઉપરાંત વધારાના ગણાશે.

(૨) બોલ ડેડ થાય ત્યારે આ રનો એનાયત કરવામાં આવશે અને આ રનો કયાં તો આ બોલની તરતના અગાઉના બોલે અથવા આ બોલ પછીના તરતના બોલે, સ્કોર થયેલા ગણવામાં આવશે નહીં અને આ રનો આ ડીલીવરીઓ પરના કોઈ રનો ઉપરાંતના ગણાશે.

(૩) પાંચ રનોની પેનલ્ટીના એકમાત્ર કારણે બેટ્સમેનો પોતપોતાના છેડા બદલશે નહીં.

(૬) નિયમો : ૧૮.૫ (બ) (ઈરાદાપૂર્વકના શોર્ટ રનો) અથવા ઉપર્યુકત પેટા નિયમો : (૧૦), (૧૪) અથવા (૧૬) હેઠળ, ફિલ્ડીંગ ટીમને પાંચ પેનલ્ટી રનો એનાયત થાય ત્યારે આ રનો, તે ટીમના હાલમાં જ પૂર્ણ થયેલા દાવના કુલ સ્કોરમાં પેનલ્ટીના વધારાના રનો તરીકે ઉમેરવામાં આવશે. ફિલ્ડીંગ ટીમે પોતાનો દાવ પૂર્ણ કર્યો ન હોય તો, તેઓના તરત પછીના દાવના સ્કોરમાં પાંચ પેનલ્ટી રનો ઉમેરવામાં આવશે.

## (૧૮) ખેલાડીઓનું વર્તન :

રમતના જુસ્સાનો કોઈપણ રીતે ભંગ થયો હોય –

કયાં તો... ઉપર્યુકત નિયમ : ૪૨ (૨) હેઠળ આવરી ન લેવામાં આવ્યા હોય એવા ગેરવાજબી કૃત્યના કિસ્સામાં,

અથવા... કોઈ ખેલાડી દ્વારા

કયાં તો... કોઈ અમ્પાયરની સૂચનાઓ અનુસરવામાં નિષ્ફળ રહે

અથવા ... શબ્દ કે કૃત્ય દ્વારા કોઈ અમ્પાયરના નિર્ણયોની ટીકા કરે

અથવા... અસંમતિ દાખવે

અથવા... રમતને લાંછન લાગી શકે એવી મહદ્અંશે વર્તણૂંક કરે

– તો સંબંધિત અમ્પાયર તાત્કાલિક સાથી અમ્પાયરને આ બાબતે રિપોર્ટ કરશે.

બંને અમ્પાયરો ભેગા મળીને....


(૧) બનાવની જાણ સંબંધિત ખેલાડીના સુકાનીને કરી, તે ખેલાડી સામે પગલા ભરવાની સૂચના સુકાનીને આપશે.

(૨) સંબંધિત ખેલાડીને ઉલ્લંઘનની ગંભીરતા બાબતે ચેતવશે, અને તેને જણાવશે કે ઉપરી સત્તાધીશોને બનાવ અંગેનો રિપોર્ટ કરવામાં આવશે.

(૩) મેચ પૂર્ણ થયા પછી, શકય બનતાં વેંત જ, બનાવ અંગેનો રિપોર્ટ આ નિયમનું ઉલ્લંઘન કરનાર ખેલાડીની ટીમના એકઝીકયુટીવને તથા મેચના સંચાલન માટેની જવાબદાર જે તે અધિકૃત સંસ્થાને કરશે – કે જે સંબંધિત સુકાની અને ખેલાડી અથવા ખેલાડીઓ સામે તથા જરૂરી હોય તો, સંબંધિત ટીમ સામે ઉચિત જણાય એવા યોગ્ય પગલા ભરશે.

# પરિશિષ્ટ : અ

## નિયમ : ૮ (વિકેટ)



### બેઈલ્સ

| | સિનિયર | જુનિયર |
|---|---|---|
| કુલ લંબાઈ | ૪ $^{૫}/_{૧૬}$ ઈંચ / ૧૦.૯૫ સે.મી. | ૩ $^{૧૩}/_{૧૬}$ ઈંચ / ૯.૬૮ સે.મી. |
| **અ** = | ૧ $^{૩}/_{૮}$ ઈંચ / ૩.૪૯ સે.મી. | ૧ $^{૧}/_{૪}$ ઈંચ / ૩.૧૮ સે.મી. |
| **બ** = | ૨ $^{૧}/_{૮}$ ઈંચ / ૫.૪૦ સે.મી. | ૧ $^{૧}/_{૧૬}$ ઈંચ / ૪.૬૦ સે.મી. |
| **ક** = | $^{૧૩}/_{૧૬}$ ઈંચ / ૨.૦૬ સે.મી. | $^{૩}/_{૪}$ ઈંચ / ૧.૯૧ સે.મી. |

### સ્ટમ્પ

| | સિનિયર | જુનિયર |
|---|---|---|
| ઊંચાઈ (ડ)= | ૨૮ ઈંચ / ૭૧.૧ સે.મી. | ૨૭ ઈંચ / ૬૮.૫૮ સે.મી. |
| ડાયામીટર (ઈ)= | | |
| વધુમાં વધુ | ૧ $^{૧}/_{૨}$ ઈંચ / ૩.૮૧ સે.મી. | ૧ $^{૩}/_{૮}$ ઈંચ / ૩.૪૯ સે.મી. |
| ઓછામાં ઓછું | ૧ $^{૩}/_{૮}$ ઈંચ / ૩.૧૮ સે.મી. | ૧ $^{૧}/_{૪}$ ઈંચ / ૩.૧૮ સે.મી. |


વિકેટની કુલ

પહોળાઈ (**ફ**)=

| | સિનિયર | જુનિયર |
|---|---|---|
| | ૯ ઈંચ / ૨૨.૮૬ સે.મી. | ૮ ઈંચ / ૨૦.૩૨ સે.મી. |

# પરિશિષ્ટ : બ અને ક

## નિયમ : ૭ (પીચ) અને નિયમ : ૯ (બોલિંગ, પોપીંગ અને રિટર્ન ક્રીઝ)



# પરિશિષ્ટ : ક

(૧) **ધ ટોસ (ટોસ)** = દાવની પસંદગી માટેની પ્રક્રિયા એટલે જ ટોસ.

(૨) **બિફોર ધ ટોસ (ટોસ પૂર્વે)** = જે દિવસે મેચ શરૂ થવાની અપેક્ષા હોય અથવા એક દિવસીય મેચના કિસ્સામાં, જે દિવસે મેચ રમાવાની હોય તે દિવસે, ટોસ અગાઉનો કોઈ પણ સમય.

(૩) **બિફોર ધ મેચ (મેચ પૂર્વે)** = ટોસ અગાઉનો કોઈ પણ સમય કે જે સમય, ટોસ જે દિવસે થવાનો હોય તે દિવસ પૂરતો મર્યાદિત નથી.

(૪) **ડયુરીંગ ધ મેચ (મેચ દરમ્યાન)** = ટોસ થયા પછીથી માંડીને મેચ સમાપ્ત થાય ત્યાં સુધીનો કોઈ પણ સમય – પછી ભલે રમત આગળ વધી રહી હોય કે ન વધી રહી હોય.

(૫) **કંડકટ ઓફ ધ ગેઈમ (રમત માટે સંચાલન)** = મેચના કોઈ પણ દિવસે, કોઈ પણ સમયે, મેચ સંબંધિત કોઈ પણ કૃત્યનો આમાં સમાવેશ થાય છે.

(૬) **ઈમ્પલીમેન્ટ્સ ઓફ ધ ગેઈમ (રમત રમવા માટેના ઉપકરણો / સાધનો)** = જેમાં બેટ, બોલ, સ્ટમ્પ્સ તથા બેઈલ્સનો સમાવેશ થાય છે.

(૭) **ધ ફિલ્ડ ઓફ પ્લે (રમતનું મેદાન / ક્ષેત્ર)** = બાઉન્ડ્રી ધારની અંદર સમાવિષ્ટ વિસ્તાર.

(૮) **ધ સ્કવેર (સમકોણ ચતુર્ભુજ)** = રમતના મેદાનમાં વિશેષરૂપે તૈયાર કરવામાં આવેલો વિસ્તાર – કે જેમાં મેચની પિચ આવેલી હોય છે.

(૯) **ધી આઉટફીલ્ડ (આઉટફિલ્ડ)** = સ્કવેર અને બાઉન્ડ્રી ધારની વચ્ચેનો રમતનો વિસ્તાર.

(૧૦) **ઈનસાઈડ એઈજ (આંતરિક ધાર)** = એવી ધાર / કિનારો જે નજીકતમ વિકેટની વધુ નજીક હોય અર્થાત્ નજીકતમ વિકેટ તરફની ધાર.

(૧૧) **બિહાઈન્ડ (પાછળ)** = સ્ટમ્પ અને ક્રીઝના સંદર્ભમાં પાછળ એટલે કે પિચના અન્ય છેડાના સ્ટમ્પ અને ક્રીઝથી વધુ દૂરની બાજૂ. આથી વિપરીત ''.....ની સામે'' એટલે પિચના અન્ય છેડાની ક્રીઝ અને સ્ટમ્પની નિકટતમ બાજૂ.

બોલરની ડીલીવરીને રમવા માટે સ્ટ્રાઈકર જયાં ઊભો રહે છે તે જગ્યા માત્ર સ્ટ્રાઈકરનો છેડો ગણાશે જે છેડો પોતે સ્વતંત્રપણે બતાવે છે કે જયાંથી સ્ટ્રાઈકર ત્યાર બાદ રમતના અડધા વિસ્તાર સુધી આગળ વધી શકે છે. આ સિવાયનો બાકીનો અડધો ભાગ બોલરનો છેડો ગણાશે. સ્ટ્રાઈકરના છેડાનો સંદર્ભ વિકેટકીપરના છેડા તરીકે પણ આપવામાં આવે છે – એવી પરિસ્થિતિઓમાં, કે જયારે તે છેડાની વિકેટ સંબંધી કોઈ બેટ્સમેનની સ્થિતિ સંકળાયેલી હોય.

(૧૨) **ઈન ફ્રન્ટ ઓફ ધ લાઈન ઓફ ધ સ્ટ્રાઈકર્સ વિકેટ (સ્ટ્રાઈકરની વિકેટની લાઈનની સામે)** = સ્ટ્રાઈકરના છેડાના સ્ટમ્પની સામે જોડાયેલી કાલ્પનિક રેખાની સામેનો રમતના મેદાનમાંનો વિસ્તાર – આ રેખા બંને દિશાઓમાં બાઉન્ડ્રી સુધી લંબાવેલ માનવામાં આવે છે.

(૧૩) **બિહાઈન્ડ ધ વિકેટ (વિકેટની પાછળ)** = અર્થાત્ ઉચિત છેડાના સ્ટમ્પના અંદરના (પાછળના) ભાગ સાથે જોડાતી કાલ્પનિક રેખાની પાછળનો રમતના મેદાનમાંનો એ વિસ્તાર, આ રેખા બંને દિશાઓમાં બાઉન્ડ્રી સુધી લંબાવેલ માનવામાં આવે છે.


(૧૪) **બિહાઈન્ડ ધ વિકેટકીપર (વિકેટકીપરની પાછળ)** = અર્થાત્ ઉપર્યુક્ત (૧૩)માં વર્ણવ્યા મુજબ, સ્ટ્રાઈકરના છેડાની વિકેટની પાછળનો ભાગ, પરંતુ તે બંને છેડાની વિકેટોની લાઈનમાં અને વિકેટકીપર કરતા સ્ટમ્પથી વધુ દૂર હોય છે.

(૧૫) **બેટ્સમેન્સ ગ્રાઉન્ડ (બેટ્સમેનનું ગ્રાઉન્ડ)** = પિચના પ્રત્યેક છેડાની પોપીંગ ક્રીઝ પાછળનો રમતના મેદાનમાંનો સંપૂર્ણ વિસ્તાર જે તે બેટ્સમેન માટે તે છેડાનું ગ્રાઉન્ડ છે.

(૧૬) **ઓરીજીનલ એન્ડ (મૂળ છેડો)** = અર્થાત્ જે તે ડીલીવરી માટેનો બોલ રમતમાં આવ્યો ત્યારે કોઈ બેટ્સમેન જે છેડા પર હતો તે છેડો.

(૧૭) **વિકેટ હી હેસ લેફટ (તેણે છોડેલી વિકેટ)** = અર્થાત્ લેવામાં આવી રહેલા રનની શરૂઆતે જે કોઈ બેટ્સમેન જે છેડા પર હતો તે વિકેટ.

(૧૮) **ઓફ સાઈડ / ઓન સાઈડ (ઓફ સાઈડ / ઓન સાઈડ)** = જે તે ડીલીવરી માટેનો બોલ રમતમાં આવે તે ક્ષણે સ્ટ્રાઈકરે લીધેલા સ્ટાન્સ દ્વારા, સ્ટ્રાઈકરની વિકેટની ઓફ સાઈડ નિર્ધારિત થશે. (જુઓ નિયમઃ ૩૬.૩).




(૧૯) **ઓવર ધ વિકેટ / રાઉન્ડ ધ વિકેટ (ઓવર ધ વિકેટ / રાઉન્ડ ધ વિકેટ)** = કોઈ બોલર વિકેટ અને રિટર્ન ક્રીઝની વચ્ચેથી દોડીને બોલિંગ માટે આગળ વધે ત્યારે તે બોલર જે હાથે બોલિંગ નાંખવાનો છે તે હાથની જ બાજુ (તરફ) વિકેટ હોય તો, તે બોલર ઓવર ધ વિકેટ બોલિંગ કરે છે એમ કહી શકાય. બોલર જે હાથે બોલિંગ નાંખવાનો છે તે હાથ અને રિટર્ન ક્રીઝ જો, એક જ બાજુ (તરફ) હોય તો, બોલર રાઉન્ડ ધ વિકેટ બોલિંગ કરે છે એમ કહી શકાય.

(૨૦) **અમ્પાયર (અમ્પાયર)** = જયારે વર્ણનરૂપે 'અમ્પાયર' શબ્દ ઉપયોગમાં લેવામાં આવ્યો હોય તો, હંમેશા તેનો અર્થ 'બોલરના છેડાનો અમ્પાયર' જ થાય – તેમ છતાં, કયારેક ભારપૂર્વક દર્શાવવા અથવા વધુ સ્પષ્ટતાના હેતુસર આ પ્રકારનું પૂર્ણ વર્ણન કરવામાં આવે છે. એ જ રીતે, 'અમ્પાયરો' શબ્દનો હંમેશા અર્થ થાય – બંને અમ્પાયરો. અમ્પાયર અને અમ્પાયરો–આ બંને સર્વસામાન્ય નિરૂપણ પદો છે. અન્યથા પૂર્ણરૂપનું વર્ણન સૂચવે છે કે બેમાંથી કયા અમ્પાયરનો વિશેષપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૨૧) **અમ્પાયર્સ ટુગેધર એગ્રી (બંને અમ્પાયરો પરસ્પર સહમત થાય)** = અર્થાત્ એવા નિર્ણયો માટે લાગુ પડે છે – કે જેમાં ખેલાડીઓથી અલગ રહીને બંને અમ્પાયરોએ સંયુકતરૂપે નિર્ણયો લેવાના હોય.

(૨૨) **ફિલ્ડીંગ સાઈડ (ફિલ્ડીંગ ટીમ)** = અર્થાત્ એ ટીમ કે જે હાલમાં ફિલ્ડીંગ ભરે છે – પછી ભલેને રમત રમાઈ રહી હોય કે ન રમાઈ રહી હોય.

(૨૩) **મેમ્બર ઓફ ધ ફિલ્ડીંગ સાઈડ (ફિલ્ડીંગ ટીમનો સભ્ય)** = અર્થાત્ ફિલ્ડીંગ ટીમના સુકાનીએ કરેલ અંતિમ પસંદગીના ખેલાડીઓમાંનો એક ખેલાડી અથવા આવા અંતિમ પસંદગી પામેલા ખેલાડી માટેનો કોઈ અધિકૃત પૂરક ખેલાડી.

(૨૪) **ફિલ્ડર (ફિલ્ડર)** = ફિલ્ડર એ ૧૧ અથવા ઓછા ખેલાડીઓમાંનો એક છે – જેઓ થકી ફિલ્ડીંગ ટીમ બની હોય. આ વ્યાખ્યામાં – ન માત્ર બોલર અને વિકેટકીપર – બંનેનો – પરંતુ, અંતિમ પસંદગી પામેલા ખેલાડીઓ, જેઓ નિયમાનુસાર રમતના મેદાન પર હોય છે – તેઓની સાથે એવા ખેલાડીઓ પણ હોય છે જેઓ ગેરહાજર એવા અંતિમ પસંદગી પામેલા ખેલાડીઓના સ્થાને નિયમાનુસાર અવેજી ખેલાડીઓ તરીકે ભૂમિકા ભજવી રહ્યા હોય – તેઓનો પણ સમાવેશ થાય છે. આમાં અંતિમ પસંદગી પામેલ એવા કોઈ પણ ખેલાડીનો સમાવેશ થતો નથી કે જે રમતના મેદાન પર હાજર ન હોય અથવા એવો ખેલાડી કે જે રમતના મેદાન પરથી ગેરહાજર હોય અને જેણે રમતના મેદાનમાં પરત ફરવા માટે હજી સુધી અમ્પાયરની પરવાનગી લીધી ન હોય.
ફિલ્ડર તરીકેની પોતાની ફરજ બજાવવા દરમ્યાન, જો કોઈ ખેલાડી અલ્પ (થોડા) સમય માટે બાઉન્ડ્રીની બહાર જાય તો, ન તો તેને રમતના મેદાનમાંથી ગેરહાજર ગણવામાં આવશે કે ન તો તેને નિયમ : ૨.૫ (ગેરહાજર અથવા મેદાન છોડતો ફિલ્ડર)ના હેતુઓ માટે રમતનું મેદાન છોડી ચૂકેલો ગણવામાં આવશે.

(૨૫) **ડીલીવરી સ્વિંગ (ડીલીવરી સ્વિંગ)** = અર્થાત્ બોલરના હાથમાંથી બોલ છૂટવાની ક્રિયા – જે દરમ્યાન બોલર કોઈ ડીલીવરી કરવા માટે સામાન્યતઃ બોલને હાથમાંથી છોડે છે.

(૨૬) **ડીલીવરી સ્ટ્રાઈડ (ડીલીવરી માટેની ફલાંગ)** = અર્થાત્ એવી ફલાંગ કે જે દરમ્યાન ડીલીવરી સ્વિંગ કરવામાં આવે છે–પછી ભલે બોલરના હાથમાંથી બોલ છૂટયો હોય કે ન છૂટયો હોય. બોલરનો પાછળનો પગ જયારે આ ફલાંગ માટે જમીનને અડે છે ત્યારે આની શરૂઆત થાય છે અને જયારે બોલરનો આગળનો પગ તે જ ફલાંગ દરમ્યાન જમીનને અડે છે ત્યારે તે પૂર્ણ થાય છે.

(૨૭) **ધ બોલ ઈઝ સ્ટ્રક / સ્ટ્રાઈકસ ધ બોલ (બોલને ફટકારવામાં આવ્યો છે / બોલને ફટકારે છે)** = જેનો અર્થ થાય છે કે 'બોલને બેટ વડે ફટકારવામાં આવ્યો છે', 'બેટ વડે બોલને ફટકાર્યો છે' – સિવાય કે આનાથી વિપરીત બાબત સ્પષ્ટપણે નિર્દિષ્ટ કરી હોય.

(૨૮) **રિબાઉન્ડસ ડાયરેકટલી / સ્ટ્રાઈકસ ડાયરેકટલી (અથડાઈને સીધો પાછો ફેંકાય / સીધો ફટકારે)** = આ અથવા આવા બીજા પદનો અર્થ કે 'કોઈ પણ ફિલ્ડરના સંપર્કમાં આવ્યા વિના'–પરંતુ જમીન સાથેના સંપર્કને બાકાત રાખતો નથી.

(૨૯) **એક્ષટર્નલ પ્રોટેકિટવ ઈકિવપમેન્ટ (બાહ્ય રક્ષણાત્મક સાધન–સામગ્રી)** = જેનો અર્થ થાય કે બાહ્યા ઈજાથી રક્ષણ મેળવવા માટે પહેરવામાં આવેલા કોઈ પણ દશ્યમાન બાહ્યા વસ્ત્રો. કોઈ બેટ્સમેન માટે રક્ષણાત્મક હેલમેટ, બાહ્યા લેગ ગાર્ડસ (બેટીંગ પેડ્સ), બેટીંગ ગ્લવ્ઝ અને, જો દશ્યમાન હોય તો, ફોરઆર્મ ગાર્ડસ જેવી સાધન–સામગ્રી માન્ય ગણવામાં આવે છે. કોઈ ફિલ્ડર માટે માત્ર રક્ષણાત્મક હેલમેટ જ માન્ય ગણવામાં આવે છે – સિવાય કે વિકેટકીપરના કિસ્સામાં, કે જેના માટે વિકેટકીપીંગ પેડ્સ અને ગ્લવ્ઝ પણ માન્ય ગણવામાં આવે છે.

(૩૦) **અ પ્રોટેકટીવ હેલમેટ (રક્ષણાત્મક હેલમેટ)** = અર્થાત્ સખત પદાર્થમાંથી અને માથું કે ચહેરો અથવા આ બંનેના રક્ષણ માટે માથા પર પહેરવાનું વિશેષ સાધન.

(૩૧) **કલોધીંગ (પોશાક)** = કોઈ ખેલાડી દ્વારા પહેરવામાં આવેલ કોઈ પણ વસ્તુ, જેવી કે ચશ્મા અથવા ઘરેણાં જેવી વસ્તુઓ તેમાં સમાવિષ્ટ છે – કે જે બાહ્યા રક્ષણાત્મક સાધન–સામગ્રીના વર્ગીકરણમાં આવતી ન હોય – તે ખેલાડીના પોશાકમાં વર્ગીકૃત થાય છે – પછી ભલે તેણે દશ્યમાન ન હોય તેવો કોઈ પોશાક રક્ષણના હેતુ માટે પહેર્યો હોય તો પણ. બેટ્સમેન દ્વારા સાથે રાખવામાં આવતું બેટ પોશાકની આ વ્યાખ્યામાં આવતું નથી.

(૩૨) **ધ બેટ (બેટ)** = નીચેનાને બેટનો જ એક ભાગ ગણવામાં આવશે.

(અ) સ્વયં પૂરેપૂરું બેટ.

(બ) બેટ્સમેને બેટ પકડયું હોય તો તે હાથ (અથવા હાથો)ના પંજા પર પહેરવામાં આવેલ ગ્લવ (અથવા ગ્લવ્ઝ)નો પૂરેપૂરો ભાગ.

(ક) બેટ્સમેને જે હાથ (હાથો)ના પંજાથી બેટ પકડયું હોય–જો બેટ્સમેને તે હાથ અથવા તે હાથોના પંજા પર ગ્લવ પહેર્યા ન હોય તો.

(૩૩) હેન્ડ (હાથનો પંજો) = અર્થાત્ બેટ્સમેન અથવા વિકેટકીપર માટે સ્વયં બંને હાથ (પંજા) અને હાથ (પંજા) પર પહેરવામાં આવેલા ગ્લવના પૂરેપૂરા ભાગનો સમાવેશ થાય છે.

(૩૪) **હેલ્ડ ઈન બેટ્સમેન્સ હેન્ડ (બેટ્સમેનના હાથમાં પકડેલ)** = બેટ્સમેનના હાથ (પંજો) અથવા તે હાથ પર પહેરવામાં આવેલા ગ્લવ અને બેટના કોઈ પણ ભાગ વચ્ચેનો સંપર્ક સ્થાપિત કરે છે કે બેટ તે હાથમાં પકડવામાં આવ્યું છે.

(૩૫) ઈકિવપમેન્ટ (સાધન–સામગ્રી) = ઉપર્યુકત (૩૨)માં વર્ણવ્યા મુજબ, કોઈ બેટ્સમેનની સાધન–સામગ્રીમાં તેના બેટની સાથોસાથ, તેણે (બેટ્સમેને) પહેરેલ કોઈ પણ બાહ્યા રક્ષણાત્મક સાધન–સામગ્રી સમાવિષ્ટ છે.

ફિલ્ડર દ્વારા પહેરવામાં આવેલ કોઈ પણ બાહ્યા રક્ષણાત્મક સાધન–સામગ્રી ફિલ્ડરની સાધન–સામગ્રી છે.

(૩૬) **પરસન (શરીર/અંગ)** = એક ખેલાડીના શરીરમાં તેના ભૌતિક શરીર (અર્થાત્ માંસ અને લોહી)ની સાથોસાથ તેણે પહેરેલ પોશાક અથવા તેણે પહેરેલ નિયમાનુસારની બાહ્યા રક્ષણાત્મક સાધન–સામગ્રી સમાવિષ્ટ છે–સિવાય કે બેટ્સમેનના કિસ્સામાં તેનું બેટ.

ગ્લવ પહેર્યું હોય કે ન પહેર્યુ હોય એવા હાથના પંજામાં, જો બેટ પકડવામાં આવ્યું ન હોય તો પણ તે બેટ્સમેનના શરીરનો ભાગ ગણાશે.

પોશાક અથવા સાધન–સામગ્રીની કોઈ વસ્તુ જે તે ખેલાડીના શરીર સાથે જોડાયેલ ન હોય તો, તે ખેલાડીના શરીરનો ભાગ ગણાશે નહીં.

**કોઈ બેટ્સમેન માટે**, તેણે ગ્લવ પકડી રાખ્યું હોય પરંતુ, પહેર્યુ ન હોય તો તે તેના શરીરનો ભાગ ગણાશે.

**કોઈ ફિલ્ડર માટે**, પોશાકની અથવા સાધન–સામગ્રીની કોઈ વસ્તુ તેણે પોતાના હાથ અથવા હાથોના પંજામાં પકડી હોય તો, તે તેના શરીરનો ભાગ ગણાશે નહીં.

# પરિશિષ્ટ : ઈ

## ધ બેટ (બેટ) :

**બેટનું ગ્રેડીંગ (બેટની ગુણવત્તા / દરજજો) :**

'એ' ગ્રેડ, 'બી' ગ્રેડ અને 'સી' ગ્રેડના બેટ, નિયમ : ૬ ના વિભાગો (૧ થી ૮ ને આવરી લેતા)ને અનુરૂપ હોય છે. આ ત્રણ પ્રકારોમાંથી કોઈ પણ પ્રકારની યોગ્યતા પ્રાપ્ત ન કરતું બેટ નિયમોમાં માન્યતા પ્રાપ્ત નથી. 'એ' ગ્રેડનું બેટ, કોઈ પણ સ્તરની મેચમાં ઉપયોગમાં લઈ શકાશે. સંબંધિત દેશમાં ક્રિકેટના સંચાલન માટેની સંસ્થા દ્વારા નકકી થયેલ દરજજાની અથવા તેથી ઉતરતા દરજજાની મેચો માટે જ 'બી' ગ્રેડ, 'સી' ગ્રેડ અને તેથી ઉતરતી કક્ષાના ગ્રેડના બેટનો ઉપયોગ કરી શકાશે.

**ધ બ્લેડ (બેટનો પહોળો ભાગ) :**

બેટના જે મુખ્ય ભાગે બોલ અફળાય છે તે બાહ્યા સપાટી બેટનું મોં (અર્થાત્ આગળનો સપાટ ભાગ) છે. આથી વિપરીત સપાટી એ બ્લેડનો પાછળનો ભાગ છે. ખભો (અર્થાત્ બ્લેડનો ઉપરનો ભાગ), બાજુઓ તથા અંગૂઠો (અર્થાત્ બ્લેડનો તદ્દન નીચેનો ભાગ) એ બ્લેડની બાકીની સપાટીઓ છે – કે જે મોં અને પાછળના ભાગને છૂટા પાડે છે.

હેન્ડલના પ્રથમ પ્રવેશ બિંદુ અને જે બિંદુએ બ્લેડ પ્રથમ વાર તેની પૂરેપૂરી પહોળાઈએ પહોંચે છે તેની વચ્ચે બ્લેડના તે ભાગ સાથે ખભો હોય છે. હેન્ડલની પ્રત્યેક એક બાજુ ખભો હોય છે. જોડી તરીકે ગણાતા ખભાની વિપરીત દિશાની સપાટી એ અંગૂઠો (અર્થાત્ બેટનો તદ્દન નીચેનો ભાગ) છે. બ્લેડની પ્રત્યેક એક બાજુ આવેલી બે બાજુઓ, – બ્લેડના બાકીના ભાગની સાથે – અંગૂઠો અને ખભાની વચ્ચે હોય છે.

**ગુંદરીયો ચીકણો પદાર્થ :**

સમગ્રપણે, અનિવાર્ય હોય ત્યારે જ ગુંદરીયા ચીકણા પદાર્થની પરવાનગી મળી શકે અને તે પણ લઘુત્તમ માત્રામાં જ.

**હેન્ડલમાંની સામગ્રી :**

હેન્ડલના કુલ ઘનફળની સપ્રમાણતા જાળવવા માટે વાંસ, લાકડું અથવા દોરી સિવાયની સામગ્રી 'એ' ગ્રેડ અને 'બી' ગ્રેડ બેટ માટે ૧/૧૦ ભાગ જેટલી અંકુશિત અને 'સી' ગ્રેડ માટે ૧/૫ ભાગ જેટલી અંકુશિત છે. આવી સામગ્રી હેન્ડલના નીચેના ભાગમાં ૩.૨૫ ઈંચ (૮.૨૬ સે.મી.) થી વધુ આગળ વધારે હોવી ન જોઈએ.

**હેન્ડલની બંધાઈ અને આવરણ :**

હેન્ડલના ઉચ્ચતર અને નિમ્નતર હિસ્સાને જોડતા ભાગોની, તેથી વધુ આગળ પરવાનગીયુકત વૃધ્ધિ, વધુમાં વધુ–હેન્ડલની લંબાઈની માપણી સાથે–નીચે મુજબ રહેશે :

દોરીની બંધાઈ માટે : ૨.૫ ઈંચ / ૬.૩૫ સે.મી.

પકડ (ગ્રીપ)ને આવરી લેવા માટે : ૨.૭૫ ઈંચ / ૬.૯૯ સે.મી.

**લંબાઈ અને પહોળાઈ :**

(અ) હેન્ડલનો નિમ્નતર ભાગ અંદર બેસાડવામાં આવ્યો હોય ત્યારે, બેટની એકંદરે લંબાઈ ૩૮ ઈંચ / ૯૬.૫ સે.મી. થી વધુ હોવી ન જોઈએ.

(બ) બેટના પહોળામાં પહોળા ભાગની પહોળાઈ ૪.૨૫ ઈંચ / ૧૦.૮ સે.મી. થી વધુ હોવી ન જોઈએ.

(ક) પરવાનગીયુકત આવરણો, સમારકામની સામગ્રી અને અંગૂઠાના ગાર્ડ્સ – આ બધાની જાડાઈ નિર્દિષ્ટ કર્યા મુજબથી વધવી ન જોઈએ – જેનું પરિમાણ ઉપર દર્શાવ્યા કરતા વધારાનું હોય.

**હેન્ડલની લંબાઈ :**

સાઈઝ–૬ અથવા તેથી ઓછી સાઈઝ સિવાયના બેટ માટે, બેટની એકંદરે લંબાઈના ૫૨% થી વધુ લાંબુ હેન્ડલ હોવું ન જોઈએ.

**બ્લેડનું આવરણ :**

નિયમ : ૬.૬ (ડ) મુજબની પ્રક્રિયા પૂર્વે 'સી' ગ્રેડના બેટ માટે પરવાનગીયુકત આવરણનું કાપડ જાડાઈમાં ૦.૦૧૨ ઈંચ / ૦.૩ મી.મી. થી વધુ હોવું ન જોઈએ.

**બ્લેડનું રક્ષણ અને ક્ષતિપૂર્તિ :**

નિયમ : ૬.૬ (અ) ની પરવાનગીયુકત સામગ્રી જાડાઈમાં ૦.૦૪ ઈંચ (૧ મી.મી.) થી વધુ હોવી ન જોઈએ. નિયમ : ૬.૬ (અ) (૨) માં, ક્ષતિપૂર્તિની સામગ્રી બ્લેડની લંબાઈની સાથે, નુકસાનગ્રસ્ત ભાગની હદથી વધુ પ્રત્યેક દિશામાં ૦.૭૯ ઈંચ (૨ સે.મી.) થી વધવી ન જોઈએ. એકધારી બંધાઈનો ઉપયોગ થયો હોય ત્યારે, બહાર ઉપસી આવેલો કોઈ પણ ભાગ, વધુમાં વધુ ૦.૦૪ ઈંચ (૧ મી.મી.)ની કુલ જાડાઈનો ભંગ કરતો હોવો ન જોઈએ. નિયમ : ૬.૬ (ડ) માં નકકર ન હોય એવી સામગ્રી, કે જે સુકી હોય ત્યારે ૦.૦૦૪ ઈંચ (૦.૧ મી.મી.) થી વધુ જાડાઈનું કઠણ પડ બનાવે છે તે નિયમ : ૬.૬ (ડ) માં પરવાનગીયુકત નથી.

**તદ્દન નીચેનો ભાગ અને બાજુના આંતરિક ભાગો :**

ઉપયોગમાં લેવામાં આવેલ લાકડું જાડાઈમાં ૦.૩ ઈંચ (૦.૮૯ સે.મી.) થી વધુ ન જ હોવું જોઈએ. અંદર સમાવિષ્ટ નીચેનો ભાગ, બ્લેડમાં કોઈ પણ સ્થાને ઊર્ધ્વ દિશામાં નીચેના ભાગથી ૨.૫ ઈંચ (૬.૩૫ સે.મી.) થી વધુ આગળ વધેલો હોવો ન જોઈએ.
અંદર સમાવિષ્ટ બેમાંથી કોઈ પણ બાજુનો ભાગ, કોઈ પણ તબકકે બ્લેડની ધારથી આરપાર ૧ ઈંચ (૨.૫૪ સે.મી.) થી વધુ લંબાયેલ હોવો ન જોઈએ.

**તદ્દન નીચેના ભાગનું રક્ષણ :**

બ્લેડના તદ્દન નીચેના ભાગ (અંગૂઠા) પર લગાડવામાં આવતી રક્ષણાત્મક સામગ્રીની મહત્તમ પરવાનગીયુકત જાડાઈ ૦.૧૨ ઈંચ (૩ મી.મી.) છે.

**વ્યાપારિક ઓળખ :**

આવી ઓળખો જાડાઈમાં ૦.૦૦૮ ઈંચ (૦.૨ મી.મી.) થી વધુ ન જ હોવી જોઈએ. બ્લેડના પાછળના ભાગે આવી ઓળખો બાહ્યા સપાટીના ૫૦% ટકાથી વધુ જગ્યા રોકી ન જ શકે.

બ્લેડના આગળના ભાગની સપાટી (અર્થાત્ મોં) પર આવી ઓળખ, ગ્રીપના તળિયેથી (અર્થાત્ તદ્દન નીચેના ભાગથી) માપણી કરતા, બ્લેડના ઉપરના ભાગથી ૯ ઈંચ (૨૨.૮૬ સે.મી.)ની મર્યાદામાં જ રાખી શકાશે.

© MCC 2010